MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । સોમવાર । તા. ૦૪-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 કોરોના વાયરસનો પ્રજનન દર અન્ય ફ્લૂની સરખામણીએ વધુ

4 ડોક્ટરે તો મને મૃત જાહેર કરવાની તૈયારી પણ કરી લીધી હતી : બોરિસ જહોનસન

9 ગાંધીનગર જવાના મોટાભાગના રસ્તા બંધ, ચેકપોસ્ટ પર વાહન ચાલકોની નોંધણી

12 સાંજે ૭થી સવારે ૭ સુધી કોઇ પણ પ્રકારની અવરજવર કરશો તો કડક કાર્યવાહી કરવામાં આવશેઃ શિવાનંદ ઝા

કોરોના વોરિયર્સના સન્માનમાં સેનાની ત્રણેયની પાંખ દ્વારા સલામી અપાઈ

કોરોના સંકટઃ ૨૪ કલાકમાં ૮૩ના મોત, ૨૬૪૪ નવા પોઝિટિવ કેસ

દેશમાં કુલ સંક્રમિતોનો આંકડો ૪૦ હજારને પાર,મૃત્યુઆંક વધીને ૧૩૦૦ને પારઃ રાહતના સમાચારઃ રિકવરી રેટ વધીને ૨૬.૬૫ ટકા થયો,ટેસ્ટનો આંકડો ૧૦ લાખને પાર,૧૦ હજારથી વધુ દર્દી સાજા થયા

ન્યુ દિલ્હી

વૈશ્વિક મહામારી કોરોના વાઇરસને રોકવા સમગ્ર ભારત આજથી લોકડાઉન-૩માં પ્રવેશી ગયું છે. ૧૭મે સુધી લોકડાઉન વધારવામાં આવ્યું છે તેમ છતાં દેશમાં કોરોનાના કેસો સતત વધી રહ્યાં છે. છેલ્લાં ૨૪ કલાક દરમ્યાન વિક્રમજનક રીતે ૮૩ લોકો કોરોનાથી માર્યા ગયા છે. બીજી તરફ કોરોનાને હરાવવા લડી રહેલાં કોરોના વોરિયર્સ જેમ કે ડોક્ટરો-નર્સો અને અન્ય પેરામેડિકલ સ્ટાફના સન્માન માટે દેસના એરફોર્સ દ્વારા કોરોના હોસ્પિટલ પર હેલિકોપ્ટરો દ્વારા પુષ્પવર્ષા કરીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું અને તેમના જોમ અને જુસ્સાને પ્રોત્સાહિત કરવામાં આવ્યું હતું. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોરોના વાયરસના કુલ મામલા ૩૯૯૮૦ થઈ ગયા છે, જેમાં ૨૮૦૪૬ એક્ટિવ કેસ, ૧૩૦૧ લોકોના મોત અને ૧૦૬૩૨ લોકો ડિસ્ચાર્જ થઈ ગયા છે, રવિવારે સ્વાસ્થ્ય મંત્રાલયે આ મમાહિતી આવી છે, ગત ૨૪ કલાકમાં દેશભરમાં કોરોનાના ૨૬૪૪ પોઝિટિવ કેસ સામે આવ્યા છે અને સંક્રમણના કારમે ૮૩ લોકોના મોત થયાં છે. આ એક દિવસમાં સામે આવનાર કેસોમાંનો સૌથી વધુ આંકડો છે ભારતમાં કોરોના સંક્રમણના મામલે મહારાષ્ટ્ર અને ગુજરાત સૌથી આગળ છે. મહારાષ્ટ્રમાં આ મહામારીથી પીડિતોની સંખ્યા ૧૧૦૫૬ છે. મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના સૌથી વધુ ૪૮૫ લોકોના મોત થયાં છે. ગુજરાતમાં કોરોના સંક્રમણના ૪૭૨૧ મામલા સામે આવ્યા છે અને ૨૩૬ લોકોના મોત થયાં છે. જે બાદ દિલ્હીમાં ૩૭૩૮, મધ્ય પ્રદેશમાં ૨૭૧૯, રાજસ્થાનમાં ૨૬૬૬ અને તમિલનાડુમાં ૨૫૨૬ મામલા સામે આવ્યા છે. દિલ્હીમાં સીઆરપીએફના વડમથક પર એક ડ્રાઈવરનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. ત્યારબાદ આ કાર્યાલયને સીલ કરવામાં આવ્યુ છે. અહીં ૪૦ અધિકારીને હોમ ક્વોરન્ટિન થવા માટે કહેવામાં આવ્યું છે. આ પૈકી એક સ્પેશ્યલ ડાયરેક્ટર જનરલ રેન્જના અધિકારી તથા ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલનો સમાવેશ થાય છે.

બીજી બાજુ કોરોનાની તપાસમાં વધારે ગતિ આવી છે. RT-PCR કિટથીથી દરરોજ આશરે ૭૦ ટેસ્ટ કરવામાં આવે છે. શનિવાર સાંજ સુધીમાં ટેસ્ટનો આંકડો ૧૦ લાખને પાર થઈ ગયો છે. તેમા ૭૩ હજાર ૭૦૯ શુક્રવાર સવારે ૯ વાગ્યા બાદ કરવામાં આવ્યા. ભારતીય ચિકિત્સા અનુસંધાન પરિષદ (ICMR)ના એક અધિકારીએ જણાવ્યું હતું કે ૩૧ માર્ચ સુધીમાં ૪૭ હજાર ૮૫૨ સેમ્પલની તપાસ કરવામાં આવી હતી. ૩૦ એપ્રિલ સુધીમાં આ સંખ્યા ૯ લાખ ૨ હજાર ૬૫૪ થઈ ગઈ છે. ૧ મેથી ૩ મેના સાંજ સુધીમાં આ આંકડો ૧ લાખ ૩૭ હજાર ૩૪૬ પહોંચી ગઈ છે.RT-PCR કિટમાં કોરોનાની તપાસ સ્વાબથી કરવામાં આવે છે.

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૩૯ હજાર ૮૭૮ થઈ ગઈ છે. શનિવારે ૨૪૩૭ રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. મહારાષ્ટ્રમાં ૭૯૦, દિલ્હીમાં ૩૮૪, ગુજરાતમાં ૩૩૩, ઉત્તર પ્રદેશમાં ૧૫૯, પંતાબમાં ૧૮૭, રાજસ્થાનમાં ૧૦૬, મધ્ય પ્રદેશમાં ૭૩ દર્દી વધ્યા. તેના એક દિવસ અગાઉ દેશમાં સંક્રમણના ૨૪૧૧ કેસ સામે આવ્યા હતા. આ આંકડા covid19india.org અને રાજ્ય સરકારો પાસેથી મળેલી માહિતી પ્રમાણે છે. આ ઉપરાંત કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના મતે દેશમાં ૩૭ હજાર ૭૭૬ કોરોના સંક્રમિત છે. ૨૬ હજાર ૫૩૫ દર્દીનો ઈલાજ ચાલી રહ્યો છે. ૧૦ હજાર ૧૮ લોકોને સારું થઈ ગયું છે અને ૧૨૨૩ લોકોના મોત થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધારે ૧૦૬૧ લોકોને હોસ્પિટલમાંથી રજા મળી છે. રિકવરી રેટ વધીને ૨૬.૬૫ ટકા થયો છે

લોકપાલ સદસ્ય જસ્ટિસ અજય ત્રિપાઠીનું કોરોના સંક્રમણથી નિધન



ન્યુ દિલ્હી

કોરોના વાઈરસથી સંક્રમિત લોકપાલના સદસ્ય જસ્ટિસ અજય કુમાર ત્રિપાઠીનું મોત નીપજ્યુ છે. જસ્ટિસ અજય કુમાર લોકપાલના ન્યાયિક સદસ્ય હતા. કોરોનાથી સંક્રમિત થયા બાદ દિલ્હીના એઈમ્સ ટ્રોમા સેન્ટરમાં તેમની સારવાર ચાલી રહી હતી. શનિવાર રાતે ૯ વાગે હૃદય રોગનો હુમલો આવવાથી તેમનું નિધન થઈ ગયુ. ૬૨ વર્ષના જસ્ટિસ અજય કુમાર ત્રિપાઠી એપ્રિલ મહિનામાં કોરોના વાઈરસથી સંક્રમિત થઈ ગયા હતા. જે બાદ તેમની દિલ્હી ટ્રોમા સેન્ટરમાં સારવાર ચાલી રહી હતી. એપ્રિલના પહેલા સપ્તાહથી એઈમ્સ ટ્રોમા સેન્ટરમાં માત્ર કોરોના દર્દીઓની સારવાર ચાલી રહી છે. એઈમ્સના સૂત્ર અનુસાર જસ્ટિસ ત્રિપાઠી બીમારીના કારણે ઘણા કમજોર થઈ ગયા હતા. તેમની તબિયત લથડતા તેમને આઈસીયુમાં લાવવામાં આવ્યા હતા. અહીં છેલ્લા ત્રણ દિવસથી તેઓ વેન્ટિલેટર પર હતા. કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે તેમની શ્રદ્ધાંજલિ આપતા ટ્વીટ કરી છે.

જમ્મુ કાશ્મીર : બે અધિકારીઓ સહિત કુલ પાંચ જવાનો શહીદ

હંદવારાની ભીષણ અથડામણમાં એલઈટી હૈદરનો ટોપ કમાન્ડર ઠાર મરાયો કોરોનાના કહેરની વચ્ચે પણ ત્રાસવાદીઓ સતત ઘુસણખોરીના પ્રયાસમાં છે

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરના હંદવાડા એન્કાઉન્ટરમાં સેનાના ૪ જવાન અને એક પોલીસ જવાન શહીદ થયા છે, એલઈટીના બે આતંકવાદીઓ પણ માર્યા ગયા છે. તેમાંથી એકની ઓળખ લશ્કર-એ-તૈયબાના ટોચના કમાન્ડર હૈદર તરીકે થઈ છે. બીજા આતંકવાદીની ઓળખ હજી મળી નથી. જમ્મુ-કાશ્મીર પોલીસના કાશ્મીર રેન્જના આઈજી વિજય કુમારે તેની પુષ્ટિ કરી છે. આતંકવાદીઓ જમ્મુ-કાશ્મીરના હંદવારામાં એક મકાનમાં છુપાયેલા હતા. ઘણા લોકોને આતંકીઓએ ઘરમાં બંધક બનાવ્યા હતા. સૈન્યને માહિતી મળતાં રાષ્ટ્રીય રાઈફલ્સના કર્નલ આશુતોષ શર્મા, મેજર અનુજ સૂદ, નાયક રાજેશ અને લાન્સ નાઈક દિનેશ ગૃહમાં પ્રવેશ્યા. તેમની સાથે જમ્મુ-કાશ્મીર પોલીસના સબ ઈન્સ્પેક્ટર શકીલ કાઝી પણ હતા. આતંકવાદીઓ સાથેના લાંબા મુકાબલામાં કર્નલ સહિતના તમામ સૈનિકો શહીદ થયા હતા. તેમ છતાં તેમની શહાદત પહેલા નાગરિકોએ નાગરિકોને બહાર કા .?યા હતા, તેઓએ જાતે જ દેશની બલિદાન આપી હતી. હંદવારાના ચાંદમૂલ્લા વિસ્તારમાં આતંકવાદીઓની હાજરીની બાતમી મળ્યા બાદ સુરક્ષા દળોએ શનિવારે મોડી રાત્રે સંયુક્ત કાર્યવાહી કરી હતી. આર્મી રાષ્ટ્રીય રાઈફલ્સ અને જમ્મુ-કાશ્મીર પોલીસના જવાનો આમાં સામેલ હતા. કર્નલ આશુતોષ શર્મા ૨૧ રાષ્ટ્રીય રાઈફલ્સના કમાન્ડિંગ ઓફિસર હતા, જે હંદવારા એન્કાઉન્ટરમાં આતંકવાદીઓની હત્યા સાથે શહીદ થયા હતા. કર્નલ શર્માને બે વાર બહાદુર ચંદ્રકોથી નવાજવામાં આવ્યા હતા. આતંકવાદ વિરોધી કામગીરીમાં તેમની નિપુણતા હતી. કર્નલ શર્મા, ગાર્ડ્સ રેજિમેન્ટમાંથી આવતા, કાશ્મીર ખીણમાં લાંબા સમયથી રોકાયેલા હતા. કમાન્ડિંગ ઓફિસર તરીકે, કર્નલ શર્માએ તેની બહાદુરી માટે આર્મી મેડલ મેળવ્યો. શનિવારે સાંજે ઘેરો હેઠળ તૈનાત ટીમે કર્નલ આશુતોષની ટીમનો સંપર્ક સાધવાની ઇચ્છા કરી હતી, પરંતુ તેમનો સંપર્ક થઈ શક્યો નહી.

ભારતમાં પ્રેસને સંપૂર્ણ સ્વતંત્રતા છે : જાવડેકર

નવી દિલ્હી

વિશ્વ પ્રેસ સ્વાતંત્ર્ય દિન નિમિત્તે માહિતી અને પ્રસારણ પ્રધાન પ્રકાશ જાવડેકરે કહ્યું હતું કે ભારતમાં પ્રેસને સંપૂર્ણ સ્વતંત્રતા છે અને સર્વેક્ષણોનો ભંગ કરવામાં આવશે જેમાં દેશમાં પ્રેસની સ્વતંત્રતા વિશેની ખરાબ ઈમેજ રજૂ કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. જાવડેકરે કહ્યું કે મીડિયામાં લોકોને માહિતી આપવા અને માર્ગદર્શન આપવાની શક્તિ છે. તેમણે ટ્વીટ કર્યું હતું કે ભારતમાં મીડિયાને સંપૂર્ણ સ્વતંત્રતા છે. અમે ટૂંક સમયમાં એવા સર્વેક્ષણો જાહેર કરીશું જેણે દેશમાં અખબારોની સ્વતંત્રતા વિશે ખરાબ ઈમેજ રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. સ્વતંત્ર પત્રકારત્વની હિમાયત કરતી સંસ્થા રિપોર્ટર્સ વિથ બોર્ડર દ્વારા આ વર્ષે જાહેર કરાયેલા વાર્ષિક વિશ્લેષણમાં ભારત ગ્લોબલ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સમાં બે સ્થાન નીચે આવી ગયું છે અને ૧૮૦ દેશોમાંથી ૧૪૨ મા ક્રમે છે. કોંગ્રેસે વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે પર પોતાના સંદેશમાં આરોપ લગાવ્યો હતો કે ભાજપ લોકશાહીના ચોથા સ્તંભને નષ્ટ કરવાનો ઈરાદો ધરાવે છે. કોંગ્રેસે તેના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર કહ્યું હતું કે વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સમાં ભારત બે સ્થાન લપસીને ૧૪૨ મા સ્થાને છે. જ્યારે આપણે વિશ્વ પ્રેસ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરીએ ઠીએ, ત્યારે આપણે યાદ રાખવું જોઈએ કે ભાજપ લોકશાહીના આ ચોથા સ્તંભને નષ્ટ કરવાનો ઈરાદો ધરાવે છે અને આપણે એવું થવા ન દેવું જોઈએ.

IFSCના હેડક્વાર્ટર માટે મહારાષ્ટ્ર અને ગુજરાત વચ્ચે ટકરાવના ભણકારા

મુંબઈ

લોકડાઉન વચ્ચે ઈન્ટરનેશલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટરનુ હેડક્વાર્ટર મુંબઈથી ગાંધીનગર ખસેડવાના નિર્ણયના પગલે મહારાષ્ટ્રના સત્તાધારી પક્ષોએ વિરોધ શરુ કર્યો છે. જેના પગલે બંને રાજ્યો સામને આવી જાય તેવી સ્થિતિનુ નિર્માણ થયુ છે. આ મુદ્દે આરોપો અને પ્રત્યારોપોનો દોર શરુ થઈ ચુક્યો છે. નાણાકીય સેવાઓ નિયમિત કરવા માટે સરકારે આ સેન્ટર શરુ કરવાની જાહેરાત કરી હતી. જોકે હવે તેનુ હેડક્વાર્ટર મુંબઈ નહી બલ્કે ગાંધીનગરમાં હશે. આ પહેલા તેને મુંબઈમાં રાખવાનો નિર્ણય કરાયો હતો. એનસીપીના અધ્યક્ષ શરદ પવારનુ કહેવુ છે કે, દેશની આર્થિક રાજધાની મુંબઈનુ મહત્વ ઓછુ કરવા માટે મોદી સરકારે ઈન્ટરનેશલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર ગાંધીનગર ખસેડ્યુ છે.અમે પીએમ મોદીને આ નિર્ણય પર ફરી એક વખત વિચાર કરવા માટે કહી રહ્યા છે. શિવસેનાના સાંસદ રાહુલ શેવાલેએ નારાજગી વ્યક્ત કરતા કહ્યુ છે કે, જોઆ સેન્ટર મુંબઈમાં નહી બને તો મુંબઈમાંથી થતા ટેક્સ કલેક્શનને પણ રોકી દેવામાં આવશે. પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા સચિન સાવંતે કહ્યુ છે કે, મહારાષ્ટ્ર સરકાર સાથે કેન્દ્રે દગો કર્યો છે.૨૦૦૭માં આ સેન્ટરનુ હેડક્વાર્ટર મુંબઈમાં જ બનાવવાની ભલામણ આ માટે બનાવાયેલી સમિતિએ કરી હતી. બીજી તરફ ભાજપે સત્તાધારી કોંગ્રેસ, એનસીપી પર દોષનો ટોપલો ઢોળતા કહ્યુ છે કે, ૨૦૦૭માં જ સમિતિએ સરકારને રિપોર્ટ સોંપ્યો હતો. ૨૦૧૪ સુધી મહારાષ્ટ્ર કે કેન્દ્ર સરકારે તેના પર કોઈ ધ્યાન આપ્યુ નહોતુ. ૨૦૦૭માં વાઈબ્રન્ટ ગુજરાત સંમેલનમાં તતત્કાલિન પીએમ નરેન્દ્ર મોદીએ ઈન્ટરનેશલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટરને ગુજરાતમાં ડેવલપ કરવાનુ નક્કી કર્યુ હતુ. ગુજરાત સરકારે સેન્ટરની ગતિવિધિ શરુ કરવામ માટે તમામ ઔપચારિકતાઓ પૂરી કરી હતી

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ
સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું
MARKET4U(OPC) PRIVATE LIMITED
જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.
www.market4u.in
જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો
www.connectindians.in
જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?
9978406257
http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ
ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે
રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ (રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં સભ્ય બની તમારા વિસ્તારમાં અન્યોને મદદરૂપ થાઓ. શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો
7574888861
(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)
-:: ફી મોકલવાની ડિટેલ ::-
Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002



અજમેરના કોરોનાવાયરસ રોગચાળાને પગલે દેશવ્યાપી લોકડાઉન દરમિયાન, એક કલાકાર જાગૃતિ ફેલાવવા માટે શેરીમાં કોવિડ-૧૯ પર ગ્રાફીટી રંગે છે.

ભારતમાં કોરોના સંક્રમણની ગતિ ઘટી : ડૉ.હર્ષવર્ધન

ન્યુ દિલ્હી

કેન્દ્રીય આરોગ્ય પ્રધાન ડૉ.હર્ષ વર્ધનને રવિવારે જણાવ્યું હતું કે, છેલ્લા ૧૪ દિવસમાં આપણો ડબલિંગ રેટ જે ૧૦.૫ દિવસ હતો તે છેલ્લા ૭ દિવસમાં વધીને ૧૧.૭ દિવસ થયો છે અને આજે સવારે ૧૨ દિવસ થઈ ગયો છે અને આપણો મૃત્યુ દર વિશ્વમાં સૌથી ઓછો ૩.૨ % છે. આજે ૩૧૦ સરકારી અને ૧૧૧ ખાનગી ટેસ્ટિંગ લેબ વિકસિત કરવામાં આવી છે, એટલું જ નહીં, દેશમાં જ્યાં પીપીઈ કિટ અને એન ૯૫ માસ્ક બહારથી આયાત કરવા પડતા હતા, આજે આપણે એક દિવસમાં ૨ લાખથી વધુ પીપીઈ કીટ બનાવી રહ્યા છીએ. અમે દેશમાં ૫૦ લાખથી વધુ એન ૯૫ માસ્ક અને ૨૦ લાખથી વધુ પીપીઈ કિટ્સનું વિતરણ કર્યું છે.



ભોપાલમાં ચાલી રહેલા કોવિડ-૧૯ લોકડાઉન દરમ્યાન, મિસરોદ રેલ્વે સ્ટેશન પર એક વિશેષ ટ્રેન દ્વારા નાસિકથી પહોંચ્યા પછી, તેઓ તેમના સ્વાસ્થ્ય તપાસની રાહ જોતા હોવાથી સામાજિક અંતર જાળવવા માટે પેઇન્ટ કરેલા લોકો કતાર વર્તુળોમાં બેસે છે.

અમેરિકી વૈજ્ઞાનિકોનો ચોંકાવનારો રિપોર્ટ

કોરોના વાયરસનો પ્રજનન દર અન્ય ફ્લૂની સરખામણીએ વધુ

જ્યાં સુધી ૬૦થી ૭૦% વસ્તી સંક્રમિત નહીં થાય ત્યાં સુધી આ વાયરસ તબાહી મચાવવાનું ચાલુ રાખશે

વોશિંગ્ટન

કોરોના વાયરસનો પ્રજનન દર અન્ય મોસમી ફ્લુની સરખામણીએ ખૂબ જ વધારે છે જેથી તે આગામી ૧૮થી ૨૪ મહીનામાં સમગ્ર વિશ્વમાં તબાહી મચાવશે. અમેરિકાના ચેપી રોગો અંગે સંશોધન કરતા વૈજ્ઞાનિકોએ પોતાના રિપોર્ટમાં સમગ્ર વિશ્વના તમામ દેશોની સરકારોએ અત્યારથી જ ભવિષ્યની રણનીતિ ઘડવી પડશે તેવો દાવો કર્યો હતો.

વૈજ્ઞાનિકોના કહેવા પ્રમાણે આ વાયરસ અનેક વખત દેખા દેશે જેથી હોંશિયારી અને સમજદારી વડે જ તેનાથી બચી શકાય તેમ છે.

યુનિવર્સિટી ઓફ મિનેસોટાના સેન્ટર ફોર ઈન્ફેક્સિયસ ડિસીઝ રિસર્ચ એન્ડ પોલિસીના વૈજ્ઞાનિકોએ પાનખર અને શિયાળા વખતે ફરી આ વાયરસ ત્રાટકશે તેવો દાવો કર્યો છે. પ્રોફેસર માઈકના કહેવા પ્રમાણે જ્યાં સુધી આ વાયરસ ૬૦થી ૭૦ ટકા વસ્તીને સંક્રમિત નહીં કરે ત્યાં સુધી તબાહી મચાવવાનું ચાલુ રાખશે.

રિપોર્ટમાં આ વાયરસ અન્ય સિઝનલ ફ્લુની જેમ ગરમીમાં પણ નહીં મરે તેવો દાવો કરવામાં આવ્યો છે. કોરોના લાંબો સમય જીવીત રહી શકે તેવો વાયરસ છે અને લક્ષણો વગર પણ જોવા મળતા આ વાયરસના પ્રજનન દરને ઇ૦ (રિપ્રોડક્શન રેટ) કહે છે. આ કારણે અન્ય ફ્લુની તુલનાએ આ વાયરસ ઝડપથી ફેલાશે અને લાંબો સમય રહેશે. ઉંચો પ્રજનન દર હોવાના કારણે આ વાયરસ મહત્તમ લોકોમાં ફેલાશે અને પરિણામ સ્વરૂપ મહામારીના અંત પહેલા તમામ લોકોના શરીરમાં તેના માટેની ઈમ્યુનિટી બની ગઈ હશે.

આગામી સમયમાં મોસ્કોની ૨ ટકા વસ્તી કોરોનાથી સંક્રમિત થઈ શકે

રશિયામાં એક જ દિવસોમાં કોરોના વાયરસના લગભગ ૧૦ હજાર કેસ નોંધાયા

મોસ્કો

રશિયામાં એક જ દિવસમાં કોરોના વાયરસના રેકોર્ડ ૯,૬૨૩ કેસ નોંધાયા છે. આ સાથે એક દિવસમાં ૫૭ લોકોના મોત પણ થયા છે. મોસ્કોના મેયર સેજૂ સોબયાનિને અંદાજ વ્યક્ત કર્યો છે કે, મોસ્કોની લગભગ ૨ ટકા એટલે કે ૨ લાખ ૫૩ હજાર ૮૦૦ લોકો કોરોના પોઝિટિવ થઈ શકે છે.

રશિયામાં અત્યાર સુધી ૧,૨૨૨ લોકોના મોત થઈ ગયા છે. શનિવારે અહિંયા ૫૭માંથી ૩૭ના મોત મોસ્કોમાં થયા હતા. મોસ્કોના મેયરે દાવો કર્યો છે કે, મોસ્કોમાં અંદાજીત કેસ દુનિયાના અનેય ગ્લોબલ શહેરોની તુલનામાં ઓછા છે. રશિયામાં અત્યાર સુધી ૪૦ લાખ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યો છે. જો કે હાલ દેશમાં એવા કોઈ કેસ સામે આવ્યા નથી જેમાં દર્દીને સાજા થયા બાદ ફરીથી ઈન્ફેક્શન થયું હોય. મેયરે જણાવ્યું છે કે, લોકડાઉનને કારણે ઈન્ફેક્શનને ફેલતા રોકવામાં મદદ મળી છે. મોસ્કો માટે પાયે ટેસ્ટિંગ કરવામાં આવી રહી છે. જો કે તેમણે સ્પષ્ટ કર્યું છે કે, વાયરસ તેના પીક પર પહોંચ્યું નથી. અહિંયા બાળકોમાં કોરોના વાયરસના લક્ષણ વધારે સામે આવી રહ્યા છે. અત્યાર સુધી ૨ બાળકોના મોત થઈ ગયા છે અને ૧૧ની સ્થિતિ ગંભીર છે.

સીઆરપીએફના હેડક્વાર્ટરમાં કોરોનાની એન્ટ્રી, બિલ્ડિંગ સીલ કરાઈ

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના પ્રકોપને કારણે કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ (સીઆરપીએફ)ની દિલ્હીમાં સ્થિત ઓફિસને સીલ કરવામાં આવી છે. સીઆરપીએફની બિલ્ડિંગમાં કામ કરનારા એક ડ્રાઈવર કોરોના પોઝિટિવ આવતા હેડક્વાર્ટરને સીલ કરવામાં આવ્યું છે.

અધિકારીઓએ જણાવ્યું છે કે, આગામી આદેશ સુધી કોઈને પણ ઓફિસની અંદર જવાની પરવાનગી નથી. બિલ્ડિંગને સેનિટાઈઝ કરવા માટે બંધ કરવામાં આવી છે. ભારતમાં કોરોના વાયરસનો કેર સતત વધી રહ્યો છે. દેશમાં કોરોના વાયરસના કેસની સંખ્યા વધીને ૪૦,૦૦૦ને પાર પહોંચી ગઈ છે જ્યારે અત્યાર સુધી ૧,૩૦૧ લોકોએ જીવલેણ વાયરસને કારણે પોતાના જીવ ગુમાવ્યા છે.

અગાઉ શનિવારે દિલ્હીના મયૂર વિહારમાં તહેનાત સીઆરપીએફના ૩૧ બટાલિયનમાં ૧૨૨ જવાનોને કોરોના થયો હોવાના એહવાલ પ્રાપ્ત થયા હતા. હજુ સુધી ૧૦૦ જવાનોના રિપોર્ટ આવ્યા નથી. કોરોના કારણે ૨૮ એપ્રિલે એક જવાનનું મોત થયું હતું.

ચલણી નોટો દ્વારા કોરોના સંક્રમણને ફેલાવવાના પ્રયાસ

હરિયાણામાં બદમાશોએ રૂ. ૫૦૦ની નોટો જાહેરમાં ફેંકતા લોકોમાં ગભરાટ ફેલાયો

કૈથલ

દેશભરમાં અનેક જગ્યાએ ચલણી નોટ ફેંકીને કોરોના સંક્રમણ ફેલાવવાના પ્રયાસ થયા છે. હાલમાં હરિયાણાના કૈથલમાં શનિવારે કેટલાક લોકો આવ્યા અને ૫૦૦ રૂપિયાની નોટ ફેંકીને ભાગી ગયા હતા. ઘટના કૈથલના કર્ણ વિહાર વિસ્તારની છે.

નોટ ફેંકવાની ઘટના બાદ લોકોમાં ભયનો માહોલ છે. સ્થાનિલ લોકોએ સમગ્ર ઘટનાની જાણકારી પોલીસને આપી હતી. ઘટનાની જાણકારી મળતા એસએચઓ અને સ્વાસ્થ્ય વિભાગની ટીમ ઘટનાસ્થળ પર પહોંચી ગઈ છે. ઘટનાસ્થળ પરથી લગભગ ૧૫૦૦૦ રૂપિયાના નોટ મળી આવી છે સ્થાનિકોએ નોટોની ઉપર ઈંટ રાખી દીધા હતા.

એસએચઓન નાન્હી દેવીએ જણાવ્યું છે કે, નોટોને સેનિટાઈઝ કર્યા બાદ અમે એકત્ર કરી લીધી છે. ઘટનાને ડેલી ડાયરી રિપોર્ટમાં દાખલ કરવામાં આવી છે તપાસ કરવામાં આવી રહી છે. ચલણી નોટો કોલોનીની પાસે ખુલ્લા મેદાનમાં ફેંકવામાં આવી હતી. જો કે કોરોનાના ડરથી લોકોએ એકપણ નોટ ઉપાડી નહતી અને પોલીસને જાણકારી આપી દીધી હતી.

પાકિસ્તાનની નફ્ફટાઈ: કુલભૂષણ જાધવને મળવા ન દેતાં ભારત આઈસીજેના દરવાજા ખખડાવશે

ન્યુ દિલ્હી

આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતની સ્પષ્ટ સૂચનાઓ છતાં, પાકિસ્તાન ભારતને નિવૃત્ત નૌસેનાના અધિકારી કુલભૂષણ જાધવને મળવા દેતું નથી. આંતરરાષ્ટ્રીય અદાલતમાં ન્યાયાલયમાં ભારતના વકીલ હરીશ સાલ્વેએ કહ્યું છે કે પાકિસ્તાનના આ વલણને જોતાં ભારતે ફરી એકવાર આંતરરાષ્ટ્રીય કોર્ટનો દરવાજો ખખડાવવો પડશે.

એક ઓનલાઈન લેક્ચરમાં નિવૃત્ત નૌસેના અધિકારી કુલભૂષણ જાધવને લગતા કેસ અંગે માહિતી આપતાં હરીશ સાલ્વેએ કહ્યું કે પાકિસ્તાને તેને ઈગોનો મુદ્દો બનાવ્યો છે. અમે પાકિસ્તાનને ઘણા પત્રો લખ્યા છે, તેઓ હંમેશા નકારી રહ્યા છે. હરીશ સાલ્વેએ કહ્યું હતું કે, મને લાગે છે કે અમે તે તબક્કે પહોંચી ગયાં છીએ જ્યાં આપણે પાકિસ્તાનને ફરી એકવાર નિર્દેશો અપાવવા પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય અદાલતમાં લઈ જવું પડે. તેવો નિર્ણય લેવો પડી શકે છે. પાકિસ્તાન ગત ઓર્ડર પર એક પગલુ પણ ભર્યુ નથી.

ઉલ્લેખનીય છે કે પાકિસ્તાને જાધવ પર જાસૂસીના પાયાવિહોણા અને ખોટા આક્ષેપો કર્યા છે. ત્યાંની એક સૈન્ય અદાલતે કુલભૂષણ જાધવને ફાંસીની સજા ફટકારી છે. હાલમાં તેઓ પાકિસ્તાનમાં બંધ છે. પાકિસ્તાને ગેરકાયદેસર તેમની ધરપકડ કરી છે. જ્યારે ભારત તેની વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય અદાલતમાં ગયું હતું, ત્યારે જુલાઈ, ૨૦૧૯ માં કોર્ટે પાકિસ્તાનને કોર્ટના નિર્ણય પર અસરકારક રીતે પુનર્વિચારણા કરવા અને કોઈ પણ સમય બરબાદ કર્યા વગર ભારતને કુલભૂષણ જાધવને મળ્યા દેવા જણાવ્યું હતુ.

હરીશ સાલ્વેએ કહ્યું કે અમે સતત પાકિસ્તાનને મનાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે કુલભૂષણ જાધવને મુક્ત કરવામાં આવે. ત્યારે તેઓ કહે છે કે તેઓ તેને માનવતાના આધારે છોડી રહ્યા છે, તો તેઓ એમ પણ કરી શકે છે. ભારત તેમને કોઈ પણ હાલતમાં પાછો લાવવા માંગે છે.

દેશના અનેક વિસ્તારમાં વાતાવરણમાં પલટો: દિલ્હી-એનસીઆરમાં વરસાદ

ન્યુ દિલ્હી

દિલ્હી-એનસીઆર સહિત દેશના અનેક રાજ્યોમાં વાતાવરણમાં પલટો આવ્યો છે. દિલ્હીના અનેક વિસ્તારોમાં રવિવારે સવારે પવન સાથે વરસાદ પડ્યો હતો. વરસાદના કારણે દિલ્હી-એનસીઆરમાં ગરમીથી થોડી રાહત મળી છે.

હવામાન વિભાગે પહેલા ૪-૫ મે ના રોજ વરસાદની આગાહી કરી હતી. હવામાન વિભાગે એલર્ટ જાહેર કરીને કહ્યું, હવાની સ્પીડ ૫૦ થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાક રહી શકે છે. હવામાન એજન્સી સ્કાઈમેટે શનિવારે આગામી દેશના પૂર્વ અને ઉત્તર હિસ્સામાં વરસાદની સંભાવના વ્યક્ત કરી હતી. સ્કાઈમેટ મુજબ પૂર્વોત્તર ભારત, પશ્ચિમ બંગાળ, બિહારનો પૂર્વ ભાગ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને ઉત્તર પંજાબમાં વરસાદની આગાહી કરી છે.

આ ઉપરાંત જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, કેરળ, કર્ણાટક, તેલંગાણા અને છત્તીસગઢના કેટલાક વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. ઉત્તર-પશ્ચિમ રાજસ્થાન, હરિયાણાના કેટલાક હિસ્સા તથા પૂર્વ ઉત્તર પ્રદેશમાં ધૂળની આંધી સાથે હળવો વરસાદ પડી શકે છે.

પંજાબમાં વધુ ૧૦૨ શ્રદ્ધાળુનો કોરોના રિપોર્ટ પોઝિટિવ, સંક્રમિતોની સંખ્યા એક હજારને પાર

ચંડીગઢ

પંજાબમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૦૦૦ને પાર કરી ગઈ છે. નાંદેડથી આવેલા વધુ ૧૦૨ શ્રદ્ધાળુનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. હોશિયારપુરમાં ૩૦ અને તેના પડોશી જિલ્લા નવાંશહરમાં મહારાષ્ટ્રથી પરત ફરેલા ૬૨ શ્રદ્ધાળુઓ સંક્રમિત હોવાનો રિપોર્ટ આવ્યો છે. રાજ્યની હાલત એટલી ખરાબ છે કે માત્ર ચાર દિવસમાં આંકડો ૩૦૦થી ૧૦૦૦ને પાર કરી ગયો છે.

લોકડાઉન વખતે મહારાષ્ટ્રના નાંદેડમાં ફસાયેલા શીખ શ્રદ્ધાળુઓને ગુરુદ્વારામાં આશ્રય આપવામાં આવ્યો હતો. ૨૪ એપ્રિલે નાંદેડથી શ્રદ્ધાળુઓને પંજાબ લાવવાની શરૂઆત થઈ હતી. ૨૬ એપ્રિલે પ્રથમ જથ્થો પરત આવ્યો. જેમાં આશરે ત્રણ હજાર શ્રદ્ધાળુઓ હતા. આ દરમિયાન થયેલી બેદરકારીના કારણે કેસ વધતા ગયા હતા.

હાલ પંજાબમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૧૦૦૦ને પાર કરી ગઈ છે, જેમાં અડધાથી વધારે શ્રદ્ધાળુઓ છે. જ્યારે હજુ સેંકડો શ્રદ્ધાળુઓનો રિપોર્ટ આવવાનો બાકી છે. શીખ શ્રદ્ધાળુઓ પંજાબના વિવિઝ હિસ્સામાં ફેલાઈ ગયા જેના કારણે કોરોના ફેલાવાનો ખતરો વધી ગયો છે.

કોરોના સંકટ વચ્ચે પાકિસ્તાને હાફિઝ સહિત ઘણા આતંકીઓને મુક્ત કર્યા

ન્યુ દિલ્હી/ઈસ્લામાબાદ

કોરોના મહામારીની આડમાં પાકિસ્તાને હાફિઝ સઈદ સહિત ઘણા આતંકવાદીઓને જેલમાંથી મુક્ત કરી દીધા છે. આ આતંકવાદીઓ પર કાર્યવાહીનો ઢોંગ કરીને તે ફાયનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સની બ્લેકલિસ્ટમાં જવાથી બચવા માંગતું હતું. હવે જેલથી બહાર આવીને લશ્કર-એ-તૈયબા સહિત ઘણા સંગઠનો ભારત વિરુદ્ધ નવા ષડયંત્ર કરવામાં લાગી ગયા છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતના મુખ્યમંત્રીએ ગત મહિને ટ્વિટ કરીને જણાવ્યું હતું કે લાહોર જેલમાં લગભગ ૫૦ કેદી કોરોના પોઝિટિવ મળ્યા છે. આ મોકાનો લાભ લઈને પાકિસ્તાને આતંકવાદીઓને છોડી દીધા છે. અત્યારે વિશ્વનું ધ્યાન કોરોના સામે લડાઈમાં લાગેલું છે. પાકિસ્તાન તેનો ફાયદો ઉઠાવીને આ હકીકતને છૂપાવી રહ્યું છે. એફએટીએફએ અત્યારે પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં રાખ્યું છે. આ વર્ષની શરૂઆતમાં પાકિસ્તાન પર એફએટીએફની બેઠક થવાની હતી. કોરોનાવાયરસના લીધે આ બેઠક બે વખત મુલતવી રાખવામાં આવી છે. જૂનમાં થનારી આ બેઠક હવે ઓક્ટોબરમાં થવાનું અનુમાન છે. તેમાં એફએટીએફએ નક્કી કરશે કે પાકિસ્તાને આતંકવાદ પર લગામ લગાવવા માટે કયા પગલા ભર્યા છે ? જો તેમાં સંતુષ્ટ નહીં થાય તો એફએટીએફ પાકિસ્તાનને બ્લેક લિસ્ટમાં પણ સામેલ કરી શકે છે.

ભારતમાં આ બીમારીથી ૧૦૦માંથી ચારના મોત થાય છે

ભારતમાં કોરોનાના કારણે થતા મોતની ટકાવારી દ.કોરિયા અને ચીન કરતા પણ ઓછી

ન્યુ દિલ્હી

લોકડાઉન લાગુ કરાયુ છે છતા પણ ભારતમાં કોરોનાના દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. ભારતમાં હવે કોરોનો પોઝિટિવ દર્દીઓનો આંકડો ૪૦૦૦૦ પર પહોંચી ચુક્યો છે. ૧૩૦૦ લોકોના મોત થઈ ચુક્યા છે પણ ભારત માટે એક રાહતની વાત એ છે કે, હાલમાં ભારતમાં કોરોનાના દર્દીઓનો મોતનો રેટ ચીન અને દક્ષિણ કોરિયા કરતો પણ ઓછો છે.

દુનિયાના બીજા દેશોને પણ ભારતે આ મામલે પાછળ છોડી દીધા છે. ભારતમાં હાલમાં કોરોનાથી થતા મોતનો રેટ ૩.૨ ટકા છે. આમ આ બીમારીના કારણે ૧૦૦માંથી ચાર લોકોના મોત થયા છે. વસતીના હિસાબે જોવામાં આવે તો ભારત હજી પણ સારી સ્થિતિમાં છે. ભારતમાં વસતીના હિસાબે તો કોરોનાના કારણે માત્ર ૦.૦૯ ટકા મોત થયા છે.

બીજા દેશોની વાત કરવામાં આવે તો દક્ષિણ કોરિયામાં કોરોના વાયરસના દર્દીઓનો મોતનો દર ૨.૩ ટકા છે. વસતીના હિસાબે અહીંયા ૦૪૮ ટકા લોકોના મોત થયા છે. જ્યારે ચીનમાં ૫.૫ ટકા દર્દીઓ મોતને ભેટ્યા છે. જ્યારે વસતીના હિસાબે ૦.૩૩ ટકા લોકો મોતને ભેટ્યા છે. યુરોપના દેશોમાં મોતની ટકાવારી સૌથી વધારે છે. બેલ્જિયમમાં કોરોનાના ૧૫.૭ ટકા દર્દીઓ, સ્પેનમાં ૧૧.૫ ટકા દર્દીઓ અને ઈટાલીમાં ૧૩.૬ ટકા દર્દીઓ મોતને ભેટ્યા છે. અમેરિકામાં મોતનો દર ૫.૯ ટકા રહયો છે. અમેરિકામાં ૬૫૦૦૦થી વધારે લોકોના મોત થઈ ચુક્યા છે.

વેનેજુએલાની જેલમાં કેદીઓ વચ્ચેની હિંસક ઝડપમાં ૪૬ના મોત

કૈરેકસ

વેનેજુએલાની જેલમાં કેદીઓ વચ્ચે હિંસક ઝડપમાં ઓછામાં ઓછા ૪૬ લોકોના મોત થયા હતા, જયારે કેટલાય ઈજાગ્રસ્ત છે. એક અધિકારીએ આ વાતની જાણકારી આપી હતી.

દેશની રાજધાની કારાકસથી ૫૦૦ કિલોમીટર દૂર દક્ષિણ-પૂર્વ ગુઆનેરમાં લોસ લલાન્સ જેલમાં શુક્રવારે ભાગવાના પ્રયાસ દરમિયાન હિંસક ઝપાઝપી થઈ હતી. અધિકારીઓએ કહ્યું કે, અમુક ઈજાગ્રસ્તોની હાલત ગંભીર છે અને એવામાં મોતનો આંકડો વધી શકે છે.

કિમ જોંગ ઉનના સામે આવ્યા બાદ ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયાની વચ્ચે ફાયરિંગ

સોલ

ઉત્તર અને દક્ષિણ કોરિયાના જવાનોની વચ્ચે સરહદ પર ફાયરિંગ થયું છે. દક્ષિણ કોરિયાની સેનાએ આક્ષેપ કર્યું છે કે, ઉત્તર કોરિયાના જવાનોએ ગાર્ડ પોસ્ટ પર ફાયરિંગ કર્યું જેના જવાબમાં અમે ફાયરિંગ કર્યું હતું. સોલમાં જોઈન્ટ ચીફ ઓફ સ્ટાફે પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે, પ્યોંગયાંગના સૈનિકોએ દક્ષિણ કોરિયાના ગાર્ડ પોસ્ટમાં પર ગોળીબાર કર્યો હતો. ત્યારબાદ દક્ષિણ કોરિયાએ જવાબમાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યું.

આર્મી ચીફે જણાવ્યું કે, દક્ષિણ કોરિયામાં કોઈ નુકસાન થયું નથી. જો કે હજુ જાણકારી સામે આવી નથી કે ઉત્તર કોરિયામાં કોઈ નુકસાન થયું છે કે નહીં. ઉત્તર કોરિયાની સત્તાવાર કેસીએનએ એજન્સીએ આ ઘટનાની પુષ્ટિ કરી છે.

આ ઘટના એવા સમયે બની છે જ્યારે ઉત્તર કોરિયાના સર્વોચ્ચે નેતા અનેક દિવસો સુધી એકાંતમાં રહ્યા બાદ સામે આવ્યા છે. તેઓ ૧૩ એપ્રિલ બાદથી જાહેરમાં દેખાયા નહતા જેને કારણે તેમના મોતની અટકળો લાગી રહી હતી.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જેજે ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ **MARKET4U (OPC) PVT. LTD.** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U (OPC) PVT. LTD.**ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U (OPC) PVT. LTD.**નું નવું સાહસ **WWW.CONNECTINDIANS.IN**

MARKET4U (OPC) PVT. LTD.ના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને **MARKET4U (OPC) PVT. LTD.** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **MARKET4U (OPC) PVT. LTD.** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

દુનિયામાં કોરોના વોર

ચીનના વુહાન શહેરથી શરૂ થયેલા કરોના વાયરસનો પ્રકોપ હવે દુનિયાના કેટલાક દેશોમાં ફેલાઈ ગયો છે. આ વાયરસે ૨૦૦૨-૦૩માં ચીનમાં ફેલાયેલા સાર્સની યાદ તાજી કરી દીધી છે. સાર્સ પણ આ જ પ્રકારથી એક વાયરસ હતો. જો કે એ વખતે ચીને કેટલીક બેદરકારી રાખી હતી. લાંબા સમય સુધી ચીનની સરકારે આ વાયરસને લઈને હેવાલોને રદિયો આપ્યો હતો. જેના કારણે વાયરસનો ફેલાવો સતત વધ્યો હતો. જેના કારણે ૩૪ દેશ તેના સંકજામાં આવી ગયા હતા. ૭૫૦થી પણ વધારે લોકોના મોત થઈ ગયા હતા. જો કે આ વખતે ચીને ભુતકાળની ભુલોથી બોધપાઠ લઈને વિવિધ પગલા લીધા હતા. આ વખતે માહિતી છુપાવવામાં આવી નથી. સમય રહેતા સમગ્ર દુનિયાના દેશોને આ વખતે જાણ કરવામાં આવી હોવા છતાં આ રોગે હાહાકાર મચાવી દીધો છે. પોતાના દેશમાં પણ શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવ્યા હતા. સમગ્ર દુનિયામાં હવે લોકડાઉનની સ્થિતી છે. દુનિયાના દેશોએ પોતાના નિવાસીઓની અવરજવરને રોકી દીધી છે. વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા પણ આ વાયરસને ગંભીરતા સાથે લેવામાં આવ્યો છે.આ નવો વાયરસ કેટલો ખતરનાક છે તે બાબતની સાબિતી આનાથીજ મળી જાય છે કે ૨૧૦થી વધારે દેશો તેના સકંજામાં આવી ગયા છે. લાખોની સંખ્યામાં કેસો બની ગયા છે. મોતનો આંકડો પણ બે લાખ કરતા વધારે થઈ ગયો છે. તમામ લોકો અને દેશ હાલમાં કરોના વાયરસને લઈને સાવધાન થયા છે. ભારતમાં પણ વિવિધ પગલા લેવામાં આવ્યા હોવા છતાં હાહાકાર જારી રહ્યો છે. કેસોની સંખ્યા ૪૦ હજાર સુધી પહોંચીગઈ છે. આરોગ્ય મંત્રાલય પહેલાથી જ સજ્જ છે. કરોના વાયરસનો સામનો કરવા માટે વિમાની મથક બંધ કરાયા છે. ટ્રેન સેવા પણ બંધ હાલતમાં છે. તમામ લોકો હાલમાં ઘરમાં છે. આ વાયરસ માટે હાલમાં કોઈ દવા અને રસી ઉપલબ્ધ કરવામાં આવી નથી. જો કે નિષ્ણાંતો, તબીબો અને વૈજ્ઞાનિકો તેની રસી પર કામ કરી રહ્યા છે. બીજી ચિંતાજનક બાબત એ પણ છે કે આ વાયરસના એવા કોઈ લક્ષણ પણ નથી જેના કારણે તેની વહેલી તકે ઓળખ થઈ શકે. અમે સામાન્ય રીતે ખાસી અને શરદી ગરમી તરફ ધ્યાન આપતા નથી. વાયરસના સંબંધમાં વધુને વધુ માહિતી અને જાગૃતિ લોકોમાં ફેલાવવામાં આવે તે જરૂરી છે. હાલમાં નોન વેજ અથવા તો ખાસ કરીને શી ફુડ ખાવાથી બચવાની જરૂર છે. આશા રાખી શકાય છે કે ટુંક સમયમાં જ તેના પર અંકુશ કરી લેવામાં આવનાર છે. કરોના વાયરસને લઈને હાલમાં તો ભારે હોબાળો થયેલો છે. ચીન પર હવે દોષારોપણ કરવામાં આવી રહ્યા છે. અમેરિકા સહિતના દેશો હાલમાં તો કોરોના પરબ્રેક કઈ રીતે મુકવામાં આવે તેની મથામણમાં વ્યસ્ત છ. દુનિયાના દેશો વચ્ચે કોરોના વાયરસના પ્રકોપ વચ્ચે આક્ષેપપ્રતિ આક્ષેપોનો દોર જારી રહ્યો છે. ચીનમાં વાયરસના સોર્સને લઈને વિરોધાભાસી અહેવાલ આવી રહ્યા છે. અમેરિકા સહિત કેટલાક દેશોના નિષ્ણાંતો કહી ચુક્યા છે કે આ વાયરસ કુદરતી નથી. ચીનની લેબમાં તૈયાર કરવામાં આવ્યો છે. જો કે આને હજુ સુધી રદિયો મળ્યો છે. સોર્સ અંગે તપાસ જોરદાર રીતે ચાલી રહી છે.

કોરોના વાયરસના સોર્સના સંદર્ભે માહિતી મેળવી લેવા દુનિયાના દેશો દ્વારા મથામણ

૧૦૪ હેલ્પલાઈન-AMCની લાલિયાવાડી.!, પછી તો અમદાવાદ ચીનનું વુહાન ન બને તો શું બનશે..?

દુનિયા આખીમાં હાહાકાર મચાવનાર અને અમેરિકા જેવા દેશોમાં કોરોનાથી લોકો ટપોટપ મરી રહ્યાં છે એવા ભયાનક ચેપીરોગને ગુજરાત સરકાર અને અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના સત્તાવાળાઓ કેટલી બેદરકારી અને ભાગેડુવૃતિથી લઈ રહ્યાં છે તો એક ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે. જેમાં પોતાની પત્નીને કોરોના પોઝીટીવ આવ્યાં બાદ તેમનો પતિ પોતાનો અને પોતાના પરિનારમાં રહેતા તમામના ટેસ્ટીંગ માટે વારંવાર આગ્રહ કરવા છતાં તંત્ર દ્વારા તેનો ઈકાર કરીને ઘરમાં એક જણને પોઝીટીવ આવ્યો તો આખા ઘરને કે સોસાયચીને કોરોન્ટાઈન જાહેર કરવાની કામગીરી કરીને પોતાની ફરજ પૂરી કરવાની ઉતાવળમાં હોવાનું અને સરકારની અસ્પષ્ટ નિતીને કારણે સરકાર જેમને કોરોના વોરિયર ગણાવે છે એ કર્મચારીઓ પણ કંટાળી ગયા હોવાનું આ કિસ્સામાંથી ફલિત થાય છે. ખાસ કરીને સરકારી હેલ્પ લાઈન ૧૦૪ પર કોરોના પોઝીટીવની જાણ કર્યા બાદ તંત્ર કેટલી બેદરકારી દાખવીને છટકવાનો પ્રયાસ કરે છે તે પણ તેમાંથી બહાર આવ્યું છે. આ કિસ્સો એવો છે કે ઘરમાં કોઈને પોઝીટીવ આવ્યો હોય તો કોઈ ૧૦૪ પર ફોન કરવાની તૈયારી જ ના બતાવે એવું વલણ ફોન કરનારની સાથે કરીને જરૂરી એમ્બ્યુલન્સ પણ આપવાનો ઈકાર કરવો એ જાણે કે કોઈ પછાત રાજ્યનું ચિત્ર દર્શાવે છે.

આખા કિસ્સા પર નજર નાંખીએ તો અમદાવાદના મણિનગર કાંકરિયા ગોરધનવાડીના ટેકરા વિસ્તારમાં શ્રીનગર સોસાયટીમાં આવેલ શિવમ ફલેટમાં રહેનાર નિલેશ હસમુખભાઈ શાહ નામના ૫૨ વર્ષિય નાગરિક ૧૦૪ પર ફોન કરીને હેલ્પ માંગે છે. તેનો ઓડિયો વાઈરલ થયો છે. જેમાં તેઓ ૧૦૪માં ફરજ પર હાજર કોઈ મહિલા કર્મચારીને જાણ કરે છે કે તેમના પતની નેહાબેનને કોરોના પોઝીટીવ આવ્યો છે અને એસવીપી હોસ્પિટલમાં દાખલ કરવા માટે એમ્બ્યુલન્સ મોકલવા કહે છે. સાથે સાથે તેમના પરિવારના તમામનું કોરોના ટેસ્ટીંગ માટે પણ જાણ કરે છે જેથી તેમને કિ ચેપ લાગ્યો હોય તો તેઓ પણ સારવાર માટે જઈ શકે.

૧૦૪ હેલ્પ લાઈન પર ફરજ પર હાજર મહિલા તેમનવે ગોળ ગોળ ફેરવે છે.,અને નિલેશભાઈને કહે છે કે તમે જાતે દર્દીને લઈને દાખલ કરવા માટે લઈ જાઓ. જાગૃત નાગરિક નિલેશભાઈ તેમને સમજાવે છે કે કેસ પોઝીટીવ છે અને જો હુ મારા ખાનગી વાહન પર લઈ જાઉ તો તેમની સામે કેસ થાય. કે તમે કેમ જાતે લઈ આવ્યાં...એમ્બ્યુલન્સમાં કેમ ના લાવ્યાં અને ઘરના બાકીના સભ્યોના ટેસ્ટીંગનું શું...? પરંતુ પેલા બેન તેમને કહે છે કે તમે તમારી જાતે લઈ જાઓ અને ઘરના સભ્યોના ટેસ્ટીંગ માટે સરનામુ આપો તો ટીમ આવશે. નિલેશભાઈ તેમને ઘરનું સરનામુ લખાવે છે અને ૧૦૪ દ્વારા વાહન ન મોકલતા પોતાના પતનીને મીઠાખળી ખાતે આવેલી ખાનગી હોસ્પિટલમાં દાખલ કરે છે.

તેમમએ ૧૦૪ પર લખાવેલ વિગત મુજબ તેમના પર ફોન આવે છે જેમાં અમ્યુકોનો કોઈ કોરોના વોરિયર તેમના ઘરનું ચોક્કસ સરનામુ પૂછે છે કે કેમ કે ૧૦૪ પર હાજર મહિલાએ સરનામુ લખવામાં ગોટાળા કર્યા છે. પેલો કર્મચારી કહે છે કે અમે તમારે ત્યાં આવીને તમારી સોસાયટીની બહાર હોમ કોરોન્ટાઈનનું સ્ટીકર મારીશુ. નિલેશભાઈ તેમને પૂછે છે કે પણ અમારા બધાના ટેસ્ટીંગનું શું...અમારા પરિવારમાં એક જણને પોઝીટીવ કેસ છે અને અમને તેમની અસર થઈ કે નહીં અને



● પતિ કહે છે-મારી પત્નીને પોઝીટીવ આવ્યું,અમારા પરિવારનું ટેસ્ટીંગ કરાવો,નિષ્ઠુર તંત્રનો જવાબ-નો.!
● તંત્ર કહે છે કે-ભલે પરિવારમાં કોઈને કોરોના પોઝીટીવ આવ્યો પણ બીજા સભ્યોમાં માં લક્ષણો દેખાશે તો જ ટેસ્ટીંગ કરાશે
● તો આ રીતે થાય છે કોરોનાને રોકવા માટે તંત્રની કામગીરી.!
● એસવીપી હોસ્પિટલ કોરોના માટે છે કે કોના માટે છેપ? પોઝીટીવ દર્દીને દાખલ કરવાનો ઈકાર.!

થઈ હોય તો અમારી પણ સારવાર કરાવવા અમને હોસ્પિટલમાં લઈ જવા કહે છે. પરંતુ પેલો કર્મચારી કહે છે કે તમારા ટેસ્ટીંગની ખબર નથી. અમારે તો હોમ કોરોન્ટાઈનનું સ્ટીકર લગાવવુ છે....!! નિલેશભાઈએ તેમને સમજાવ્યાં કે પહેલા અમારા ટેસ્ટીંગ કરો અને પોઝીટીવ હોય તો જ હોમ કોરોન્ટાઈન કરો. ટેસ્ટીંગમાં નેગેટીવ નિકળ્યુંતો...? અને આ રીતેજો આખી સોસાયટીને કોરોન્ટાઈન કરાય તો સોસાયટીવાળા તેમનો જવાબ માંગે.

જેના જવાબમાં કોરોના વોરિયર છટકવા માટે એમ કહે છે કે હું તો નાનો કર્મચારી છું. અમને આ કામ ગમતુ જ નથી.અમને તો એટલી જ સૂચના છે કે કોઈને પોઝીટીવ આવે તો કોરોન્ટાઈન કરી દેવા. અને એ પરિવારમાં કોઈન ટેસ્ટ થતાં નથી....! નિલેશભાઈ તેમને કહે છે કે અમારૂ ટેસ્ટીંગ કરો, ૧૦૪માં જાણ કરવા છતાં તેમને એમ્બ્યુલન્સ મોકલવામાં આવી નહોતી અને ખાનગી વાહનમાં લઈ જઈને તેમના પત્નીને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડી છે કેમ કે એસવીપીમાં દાખલ કર્યા નથી....! પરિવારમાં ૬ જણાં છે. તેમના મમ્મી અડધો દિવસ તેમની બેનને ત્યાં જાય છે ટલે તેમના પણ ટેસ્ટ કરાવવા પડે. પરંતુ પેલો કોરોના વોરિયર એમ કહે છે કે તમારે ટેસ્ટીંગ માટે સીવીલ જવુ પડે. લક્ષણો દેખાતા હોય તો જ ટેસ્ટીંગ થાય. જવાબમાં નિલ્શભાઈ કહે છે કે લક્ષણો છે કે નહીં તે ચકાસવા માટે જ ટેસ્ટીંગ કરાવવાનુંહોય છે...!

કદાજ પોતાના કામથી કંટાળેલા અને સરકાર અને અમ્યુકોના અણઘડ નીતિને કારણે પેલો કર્મચારી કહે છે કે તેમને તો આ કામ ગમતુ જ નથી. અને ટેસટ્રગ માટે કોઈ ઉપરી અધિકારી ડો. તેજશ શાહનો સંપર્ક કરવા કહે છે અને તેમનો મો.નં. પણ આપીને જાણે કે પોતાની ફરજ પૂરી થઈ ગયાનો સંતોષ વ્યક્ત કરે છે.

આ ચોંકાવનારા કિસ્સામાંથી એવુ ફલિત થાય છે કે ૧૦૪ હેલ્પલાઈનમાં કેવા ધાંધિયા અને લાલિયાવાડી ચાલે છે. ૧૦૪માં જાણ કરવા છતાં કોરોના પોઝીટીવ દર્દીને દાખલ કરવા સરકારી વાહન મોકલવામાં આવતું નથી તો કોના માટે અને કયા બનાવમાં સરકારી વાહન મોકલાય છે....?

પરિવારના મુક્ય વ્યક્તિ સામેથી ગાજી ગાજીને તંત્રને, ૧૦૪ને પેલા કોરોના વોરિયરને કહી રહ્યાં છે કે તેમના પરિવારમાં કોરોના પોઝીટીવ કેસ છે અને પરિવારના તમામ સભ્યોના ટેસ્ટીંગ કરો. પરંતુ તંત્ર માટે કોરોના મહામારી હવે જાણે કે રૂટીન બની ગયું હોય તેમ અથવા સરકાર કે અમ્યુકો પાસે ટેસ્ટીંગની સગવડ ઓછી હશે કે કેમ તેથી ટેસ્ટીંગનો ઈકાર કરાય છે. એક તરફ રોજેરોજ સરકારના પ્રવક્તા ડો. જયંતિ રવિ ૩ હજાર ટેસ્ટીંગ કર્યા...૪ હજાર ટેસ્ટીંગ કર્યા...નો દાવો મિડિયા સામે કરે છે. જ્યારે ગોરધનવાડીના આ બનાવમાં જાગૃત નાગરિક અને એવી વ્યક્તિ કે જેમના પત્નીને કોરોના પોઝીટીવ છે તેઓ સામે ચાલીને તંત્રને કહી રહ્યાં છે કે મહેરબાની કરાવીને તેમનું અવને પરિવારના તમામ સભ્યોનું ટેસ્ટીંગ કરાવો...પરંતુ તંત્રને તેની ચિંતા જ નથી. અને તમે જાતે જઈને ટેસ્ટીંગ કરાવોનું રટણ કરે રાખે છે.....!

હું તો નાનો કર્મચારી છું.....એમ કહીને છટકી જવાનું વલણ તેમાંથી નિકળે છે. ૧૦૪માં સરનામુ લખવામાં ગોટાળા અને પોઝીટીવ દર્દી માટે સરકારી વાહન ન મોકલવું તે એક તપાસ માંગી લે તેવો કિસ્સો છે. સરકાર અને મ્યુનિ. કમિશ્નર વિજય નેહરા તેમના તંત્રના ભરપેટ વખાણ કરે છે, ટેસ્ટીંગમાં જાપાન કરતાં આગળ હોવાના બણંગા ફૂંકે છે અને ગોરધનવાડીના આ કિસ્સામાં તેમના તંત્ર દ્વારા ટેસ્ટીંગની ના પાડીને નિલેશભાઈના પરિવારના સભ્યોના જાન જોખમમાં મૂકવામાં આવ્યાં તેનું શું....? શું લક્ષણો દેખાય તો જ ટેસ્ટીંગ કરવાની નીતિ છે....શું ત્યાં સુધી એ પરિવારને અને આખી સોસાયટીને વિના કારણે ૧૪ દિવસના કોરોન્ટાઈનમાં મૂકીને છટકી જવાની મનોવૃતિ નથી...?

આ કિસ્સો દર્શાવે છે કે અમ્યુકો અને ૧૦૪ દ્વારા કેવી લાલિયાવાડી ચાલે છે. જે રોગથી આખી દુનિયા ડરી રહી છે એ રોગને તંત્ર કેટલી હળવાશથી લઈ રહી છે એ પણ ચોંકાવનારી બાબત છે. તંત્ર દ્વારા તેની તપાસ કરીને જે કોઈ જવાબદાર હોય તેમની સામે પગલા ભરીને લોકોમાં તંત્ર પ્રત્યે વિશ્વાસ ટકી રહે તેવી કાર્યવાહી થવી જોઈએ. આ કિસ્સા પરથી લાગે છે કે કોરોના ફેલાતો રોકવા તંત્રને કોઈ રસ નથી. જો તેમ ના હોત તો નિલેશભાઈ અને તેમના પરિવારના અન્ય સભ્યોના ટેસ્ટીંગ માટે કેમ ના પાડવામાં આવી તે પણ એક તપાસનો મુદ્દો છે. સરકારી વાહન દર્દી માટે છે કે અમ્યુકોના કોઈ અધિકારીના ઉપયોગ માટે...? ૧૦૪માં શું બધા એવા જ છે કે જેની પાસે કોઈ ચોક્સ જવાબ જ નથી અને જા બીલી....ની જેમ ખો...આપવાનું કામ ચાલે છે...? સંવેદનશીલ સરકાર માટે આ કિસ્સો આંખ ઉઘાડનારો છે. જો જાગૃત નાગરિક સાથે જ આવુ વર્તન અને તેને સારવાર તથા ટેસટ્રગ માટે બાઈ ભાઈ ચારણીની જેમ ભટકવુ પડે તો કોણ ટેસ્ટીંગ માટે તૈયાર થશે....?

પછી તો અમદાવાદ ચીનનું વુહાન ન બને તો શું બનશે.....?

બોરિસે દિકરાનું નામ બે ડોક્ટરોના નામ પર રાખ્યું

ડૉક્ટરે તો મને મૃત જાહેર કરવાની તૈયારી પણ કરી લીધી હતી : બોરિસ જ્હોનસન

લંડન

બ્રિટનના વડાપ્રધાન બોરિસ જૉનસન કોરોના વાયરસની લડાઈ વિરુદ્ધ દેશનું નેતૃત્વ કરી રહ્યાં છે. આ દરમિયાન તેઓ ખુદ આ ઘાતક વાયરસની ઝપેટમાં આવી ગયા હતા. આઈસીયૂ સુધી પહોંચી ગયેલા જોનસન ન માત્ર સ્વસ્થ થયા પરંતુ તેમની જિંદગીમાં નવી ખુશી પણ આવી છે. જૉનસનની ફિયાન્સ કૈરી સાયમંડ્સે એક પુત્રને જન્મ આપ્યો છે અને બંન્નેએ આ બાળકનું નામ જીવ બચાવનાર બે ડોક્ટરોના નામ પર રાખીને દેશના નેશનલ હેલ્થ સિસ્ટમને સલામ કરી છે.



બ્રિટનના વડાપ્રધાન બોરિસ જૉનસન કોરોના વાયરસને માત આપી ચૂક્યા છે. તેમણે રવિવારે જણાવ્યું કે લંડનના ડૉક્ટરોએ તેમના મોતની જાહેરાત કરવાની તૈયારી કરી દીધી હતી. જૉનસને કહ્યું કે આઈસીયૂમાંથી સ્વસ્થ થઈને આવવું તે રાહતની વાત છે.

તેમણે જણાવ્યું કે તેમને જીવિત રાખવા માટે હૉસ્પિટલમાં કેટલાય લીટર ઑક્સિજન ચઢાવવામાં આવી રહ્યું હતું પરંતુ તેમના સ્વાસ્થ્યમાં કોઈ ખાસ સુધાર જોવા મળતો ન હતો. જેના કારણે ડૉક્ટર્સે મજબૂર થઈને તેમના મૃત્યુની જાહેરાત કરવાની તૈયારી કરી લીધી. તેમણે કહ્યું આ મારા માટે ખૂબ જ મુશ્કેલ સમય હતો. હું એ વાત નકારી ન શકું. મારું સ્વાસ્થ્ય ઠીક ન હતું પરંતુ હું જાણતો હતો કે આકસ્મિક યોજનાઓ બનાવવામાં આવી રહી છે. ડૉક્ટર પાસે તમામ પ્રકારની વ્યવસ્થાઓ હતી જો કંઈ ખોટું થયું તો એવી પરિસ્થિતિમાં શું કરવું જોઈએ.

સાયમંડ્સે ઈન્સ્ટાગ્રામ પર પુત્રની તસવીર શેર કરતા તેનું નામ વિલ્ફ્રેડ લૉરી નિકોલસ જોનસન જણાવ્યું છે. તેમણે જણાવ્યું કે, તેમાંથી 'નિકોલન' નામ તે બે ડોક્ટરોને સલામ કરવા માટે છે, જેણે પાછલા મહિને બોરિસનો જીવ બચાવ્યો હતો. આ બે ડૉક્ટર હતા ડૉ. નિક પ્રાઈસ અને ડૉ. નિક હાર્ટ. વિલ્ફ્રેડ બોરિસના દાદા અને લોરી કૈરીના દાદાનું નામ છે. કૈરીએ લંડનની યૂનિવર્સિટી કોલેજ હોસ્પિટલમાં બુધવારે વિલ્ફ્રેડને જન્મ આપ્યો હતો.

લોકડાઉનની અસર હવે ધનિક મંદિરો પર પડવા લાગી

તિરુપતિ બાલાજી મંદિરમાં કાર્યરત ૧૩૦૦ કર્મચારીઓને કાઢી મૂકાયા

અમરાવતી

લૉકડાઉનની અસર દેશના સૌથી ધનીક મંદિર પર પણ પડી છે. આંધ્ર પ્રદેશના તિરુપતિ બાલાજી મંદિરમાં કાર્યરત ૧૩૦૦ કોન્ટ્રાક્ટ કર્મચારીઓને બહાર કાઢી મુકવામાં આવ્યા છે. આ કર્મચારીઓનો કોન્ટ્રાક્ટ ૩૦ એપ્રિલે પૂરો થઈ ગયો અને મંદિર તંત્રએ ૧ મેથી કોન્ટ્રાક્ટ રિન્યૂ કરવાની ના પાડી દીધી હતી. હકીકતમાં તિરુપતિ બાલાજી મંદિર મેનેજમેન્ટે કોન્ટ્રાક્ટ પર કામ કરી રહેલા ૧૩૦૦ કર્મચારીઓને ૧ મેથી કામ પર આવવાની ના પાડી દીધી હતી. મંદિર વહીવટી તંત્રએ કહ્યું કે, લૉકડાઉનને કારણે કામ બંધ છે, તેથી આ ૧૩૦૦ કર્મચારીઓનો કોન્ટ્રાક્ટ ૩૦ એપ્રિલથી આગળ વધારવામાં આવ્યો નથી. તિરૂમાલા તિરુપતિ દેવસ્થાનમ ટ્રસ્ટ તરફથી ત્રણ ગેસ્ટહાઉસ ચલાવવામાં આવે છે, જેના નામ વિષ્ણુ, નિવાસમ શ્રીનિવાસમ અને માધવમ છે. કાઢવામાં આવેલા તમામ ૧૩૦૦ કર્મચારી આ ગેસ્ટહાઉસોમાં ઘણા વર્ષોથી કામ કરતા હતા. તિરુપતિ બાલાજી મંદિરના અધ્યક્ષ વાઈ બી સુબ્બા રેડ્ડીએ કહ્યું કે, લૉકડાઉનને કારણે બધા ગેસ્ટ હાઉસ બંધ છે, જેના કારણે આ કર્મચારીઓનો કોન્ટ્રાક્ટ રિન્યૂ કરવામાં આવ્યો નથી. તેમણે કહ્યું કે, નિયમિત કર્મચારીઓને પણ આ દરમિયાન કોઈ કામ સોંપવામાં આવ્યું નથી.



વર્ષ ૨૦૦૦ ની મેચ ફિક્સિંગ કાંડના મુખ્ય આરોપી સંજીવ ચાવલાના જામીન મંજુર

નવી દિલ્હી

દિલ્હીની કોર્ટે ૨ મે ૨૦૨૦ ના રોજ ૨૦૦૦ ની મેચ ફિક્સિંગ કાંડના મુખ્ય આરોપી સંજીવ ચાવલાને જામીન આપી દીધા છે. તે ક્રિકેટનો સૌથી મોટો મેચ ફિક્સિંગ વિવાદ હતો, જેમાં દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ કેપ્ટન હેંસી ક્રોનિએ પણ સામેલ હતો. વિશેષ ન્યાયાધીશ આશુતોષ કુમારે ચાવલાને બે લાખ રૂપિયાના અંગત બોન્ડ પર રાહત આપી હતી. કોર્ટે કહ્યું કે આરોપી છેલ્લા ૭૬ દિવસથી કસ્ટડીમાં હતો અને આ કેસમાં તપાસ પૂર્ણ થઈ ગઈ છે. તે પરવાનગી વિના ભારત છોડી શકશે નહીં. કોર્ટે સંજીવ ચાવલાને આદેશના તપાસ અધિકારીને પોતાનો અવાજનો નમૂના અને હસ્તાક્ષર આપવાનો નિર્દેશ આપ્યો હતો.

દિલ્હી પોલીસના જણાવ્યા મુજબ, ચાવલા પાંચ મેચ ફિક્સ કરવામાં સામેલ હતો. ફેબ્રુઆરીમાં તેને લંડનથી લાવવામાં આવ્યો હતો. મેચ ફિક્સિંગનો ખુલાસો દિલ્હી પોલીસે કર્યો હતો. ચાવલા અને હેંસી ક્રોનિએ વચ્ચેની વાતચીતને ટેપ કરી. આફ્રિકાની ટીમે શ્રેણી રમવા માટે ફેબ્રુઆરી-માર્ચ ૨૦૦૦



માં ભારતની મુલાકાત લીધી હતી. અહેવાલ મુજબ, ચાવલા ૯૦ ના દાયકામાં અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમની નજીક રહ્યા છે. તેનું નામ સામે આવ્યા પછી, દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ કેપ્ટને પૈસાને લઈને ખરાબ રમવાની વાત સ્વીકાર કરી લીધી હતી. આ કારણોસર ક્રોનિએ પર આજીવન પ્રતિબંધ મૂક્યો હતો.

બાદમાં જૂન ૨૦૦૨ માં વિમાન દુર્ઘટનામાં તેનું મોત નીપજ્યું હતું. ફિક્સિંગ વિવાદના ૧૩ વર્ષ બાદ દિલ્હી પોલીસે સંજીવ ચાવલા સામે ચાર્જશીટ દાખલ કરી હતી. જોકે, ભારતનો પાસપોર્ટ રદ થયા પછી, ચાવલાએ બ્રિટનમાં નાગરિકત્વ મેળવ્યું હતું. બાદમાં બ્રિટને તેને ભારતને સોંપી દીધો. બ્રિટિશ અદાલત મુજબ, ચાવલા દિલ્હી સ્થિત બિઝનેશમેન છે. તે વ્યવસાયિક વિઝા સાથે ૧૯૯૬ માં ઇંગ્લેન્ડ ગયો હતો. આ પછી ચાવલા ભારતની સતત મુલાકાત લેતા હતા. દિલ્હી પોલીસે તેને ફેબ્રુઆરીમાં કોર્ટમાં રજૂ કર્યો હતો. ચાવલાને ૧૫ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા, જેની મુદત ૨૮ ફેબ્રુઆરીએ સમાપ્ત થઈ હતી. આ પછી, ચાવલાની ઘણી જામીન અરજીઓ નામંજૂર થતી રહી. લોકડાઉનને કારણે તેમનો સમયગાળો વધી ગયો હતો.



ઊંચી જીવનશૈલી માટે કરજ કરશો નહીં

સત્તાવીસ વર્ષના યુવા આઈટી પ્રોફેશનલ કાર્તિક સભરવાલને ફોટોગ્રાફીનો ગાંડો શોખ છે. તેણે ઉચ્ચ કક્ષાનો ડીએસએલઆર કેમેરો અને સંલગ્ન ચીજવસ્તુઓ ખરીદવા માટે એક નોન-બેન્કિંગ ફાઈનાન્સ કંપની પાસેથી ૧૫ ટકા વ્યાજે રૂા.૧ લાખની લોન લીધી. એ વખતે એની પગાર માત્ર ૩૦,૦૦૦ હતો. એટલે લોન લીધા પછી કેટલાય મહિના સુધી એનો હાથ ભીડમાં રહ્યો. આજે સભરવાલને બિનજરૂરી ચીજની આવેશમય ખરીદી ઉપર અફસોસ થાય છે. કેમેરો તેને માટે શોખની વસ્તુ છે, તેના વ્યવસાય માટે આવશ્યક ચીજ હોત તો વાત જુદી હતી. 'આજે ખરીદો, કાલ નાણાં ચૂકવો'નું કલ્ચર એકવીસમી સદીના આગમનની આસપાસ જન્મેલાં અનેક યુવાન-યુવતીઓએ વધુ ખર્ચો કરો અને મોજથી જીવોની ફિલસૂફીને જીવનમંત્ર તરીકે અપનાવી લીધી છે. નિયમિત અંતરે જાહેર થતાં ઓનલાઈન સેલમાં જાતજાતની ચીજોમાં ભાતભાતની ઓફરો હોય છે. શોપિંગની ઘેલછા ધરાવતી યુવા પેઢીની નવીનવી ચીજો ખરીદવાની ભૂખ આ જાહેરાતો જોઈને ભભૂકે છે, પછી ભલે ખિસ્સામાં દોઢિયાં ન હોય. સગવડ ન હોય છતાં વસ્તુ ખરીદવી જ હોય તો લોન આપવાવાળા તૈયાર જ બેઠાં હોય છે. ઘણીવાર આવી વ્યક્તિગત લોન અથવા ગ્રાહક લોન પરનો વ્યાજનો દર ખૂબ ઊંચો હોય છે. ઘણા ખર્ચા જીવનશૈલી સાથે જોડાયેલી આકાંક્ષાઓને આભારી હોય છે. જૂતાંની ઓનલાઈન ખરીદી અને સપ્તાહના અંતે પ્રવાસે જવાથી લઈને મોંઘી કિંમતના મોબાઈલ ફોન ખરીદવા સુધીની ઈચ્છાઓ યુવાનોને થાય છે. એવું એમપોકેટના સીઈઓ ગૌરવ જાલન કહે છે. તેમની કંપની કોલેજના વિદ્યાર્થીઓને ટૂંકા ગાળાની વ્યક્તિગત લોનો આપે છે.

કરજનો કમરતોડ બોજો પરંતુ માણસની નાણાંકીય સ્થિતિ પર લોન અત્યંત ભારરૂપ બની શકે. એક જ ઉદાહરણ લો. ધારો કે કોઈ માણસ કોઈક વસ્તુ ખરીદવા બે વર્ષ માટે રૂા.૮૦,૦૦૦ની લોન ૧૬ ટકા વ્યાજે લે છે. તેનો માસિક હપ્તો રૂા.૩૯૧૭ આવશે. લોનની મુદ્દત દરમિયાન તે વ્યાજ પેટે રૂા.૧૪,૦૦૯ રૂપિયા ચૂકવશે. આમ એ ચીજ માટે તે લગભગ ૧૮ ટકા વધુ કિંમત ચૂકવે છે. પ્રોસેસિંગ ફી, (જે મૂળ કિંમતના એકથી ત્રણ ટકા જેટલી હોય છે તે) અલગ. મોટાભાગના લોકોઆ વધારાના ખર્ચનો ગણતરીમાં લેતા નથી. બેન્કો ઘણીવાર યુવાનોને લોન આપવા ઉત્સુક હોતી નથી. એથી તેઓ એનબીએફસી અને ઓનલાઈન પ્લેટફોર્મનો આશરો લે છે, જ્યાં વ્યાજના દર વધુ હોય છે. આજે ટેકનોલોજીને પ્રતાપે વ્યક્તિગત લોન મેળવવી આસાન થઈ ગઈ છે. વ્યાજનું ભારણ ઓછું દેખાડવા માટે વ્યાજદરને માસિક ખર્ચ (મહિને ૧-૧.૫ ટકા) તરીકે રજૂ કરાય છે. આવી લોનના છટકામાં ફસાઈ જવું સહેલું છે. ઘણા વિક્રેતાઓ સેલ વખતે વગરવ્યાજના માસિક હપ્તા ઓફર કરે છે, જેમાં ઘણા ગ્રાહકો ફસાઈ જાય છે, એમ રાઈટ હોરાઈઝોન્સના અનિલ રેગો કહે છે. અપગ્રેડ કરવાની આકાંક્ષા સમયની સાથે ચાલતા રહીને પોતાની અંગત વપરાશની ચીજોને અપગ્રેડ કરતા રહેવાની ઝંખના ઘણા શોપિંગના બંધારણીઓનું જીવન મુશ્કેલ બનાવી દે છે. મોબાઈલ ફોનને દર બે વર્ષે અપગ્રેડ કરવો પડે છે. લેપટોપને દર ત્રણ વર્ષે અને કારને દર પાંચ વર્ષે અપગ્રેડ કરવાની જરૂર પડે છે. સમયસમયે લોન લઈને નવી ખરીદી કરતા રહેનાર માટે બચત અને રોકાણ કરવાનું અઘરું થતું જાય છે. વારંવાર ખર્ચ કરવાથી ક્રેડિટ કાર્ડ બિલ વધતું જાય છે અને ઘણા ગ્રાહકો ક્રેડિટ કાર્ડના બિલને માસિક હપ્તાઓમાં ફેરવી નાંખે છે, એમની પાસે બીજો રસ્તો જ નથી હોતો. ખર્ચ કરવાની ઈચ્છા રાખવી અને તેને માટે પૈસા ઉધાર લેવામાં કશું ખોટું નથી. પરંતુ આવા ખર્ચની સંખ્યા કે રકમ એટલી બધી ન હોવી જોઈએ કે તમારી નાણાંકીય સ્થિતિ સાંભળવાનું મુશ્કેલ બની જાય. એમ જાલન કહે છે. ફરજનો ડુંગર બહુ મોટો ન થઈ જાય તે માટે અહીં કેટલાંક સૂચનો કરવામાં આવ્યાં છે. ખરીદીની યાદી બનાવો : આ સૂચન ચીલાચાલુ લાગશે પણ તે બહુ અસરકારક નીવડે છે. એક વાર યાદી બનાવી લો પછી આ યાદીમાં ન હોય એવી કોઈ પણ ચીજ ખરીદવાનું ટાળો. ખરીદીની યાદી બનાવવાથી તમે બિનજરૂરી ચીજોની ખરીદી કરવાથી બચી શકો છો. જો તમે આ પદ્ધતિને અનુસરો તો ઓનલાઈન પોર્ટલ ઉપર અથવા મોલમાં તમને જે લલચામણી ઓફરો મળે છે તેનો આપોઆપ છેદ ઊડી જાય છે. પેમેન્ટના વિકલ્પો મર્યાદિત રાખો : બહાર નીકળો ત્યારે તમારી પાસે માત્ર એક જ ભેજ ક્રેડિટ કાર્ડ રાખો અને તે પણ નીચી ખર્ચ મર્યાદાવાળા. તમારી પાસે ઓછામાં ઓછી જરૂરી હોય એટલી જ રોકડ રાખો. શક્ય હોય તો ક્રેડિટ કાર્ડને સાવ તિલાંજલિ આપો અને માત્ર ડેબિટ કાર્ડનો જ ઉપયોગ કરો.

બચત અને રોકાણને ઓટોમેટિક બનાવો : બચત અને રોકાણને અગ્રીમતા આપો. જે બેન્કમાં તમારો પગાર જમા થતો હોય તેને સૂચના આપો કે મહિનાની શરૂઆતમાં જ પગારમાંથી કેટલીક રકમ બીજા ખાતામાં, જેમ કે બેન્ક રિકરીંગ ડિપોઝીટ ખાતામાં કે મ્યુચ્યુઅલ ફંડના સીપ (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન)માં ફેરવી નાખે. આમ કરવાથી તમને ખર્ચવા માટે મળતી રકમ આપોઆપ ઓછી થઈ જશે. સામાન્ય રીતે માણસ પોતાની આવકના ૨૦થી ૪૦ સુધીની બચત કરે તે આદર્શ ગણાય. એ બચતનું રોકાણ કર્યા પછી જે રકમ વધે તેમાંથી તે દર મહિનાના નિયમિત ખર્ચની તેમજ એક જ વાર કરવા પડનારા ખર્ચની યાદી બનાવે અને આખો મહિનો તેને વળગી રહે. વપરાશની વસ્તુઓ કે મોટરકાર જેવી ચીજો ખરીદતાં પહેલાં ઝિણવટથી પાકો વિચાર કરી લેવો જરૂરી છે એમ રેગો કહે છે. તમારા માસિક હપ્તાની જાવક પર લગામ રાખો : તમારા માસિક હપ્તાઓની કુલ રકમ માટે એક મર્યાદા નક્કી કરવાથી તમને સદ્ધર રહેવામાં સરળતા રહેશે. સામાન્ય નિયમ એવો છે કે તમારા માસિક હપ્તાઓની કુલ રકમ તમારા ચોખ્ખા પગારના ૫૦ ટકા કરતા વધુ ન હોવી જોઈએ. એમ ક્રેડિટ સુધારના સહસ્થાપક અરૂણ રામમૂર્તિ કહે છે. આજકાલ ઘણી બેન્કો વ્યક્તિને તેના પગારના ૬૦ ટકા જેટલી રકમ સુધીનું ધિરાણ આપવા તૈયાર હોય છે. તેમની ગણતરી એવી હોય છે કે આને પગારવધારો મળશે ત્યારે બંધ બરાબર થઈ જશે. આવી ઓફરોને નકારી કાઢવી જોઈએ.

મોંઘી લોનોને બીજી લોનથી ચૂકતે કરો : ઘણા લોકો માત્ર લોન મળે છે એટલા ખાતર જ અનસિક્યોર્ડ વ્યક્તિગત લોન લઈ લે છે. આવી લોનો પર વ્યાજનો દર સિક્યોર્ડ લોન કરતાં ઘણો વધારે હોય છે. તમે લોનો ચૂકવતા હો ત્યારે લોનોની યાદી વ્યાજદરના ઉતરતા ક્રમમાં બનાવો. ઊંચા વ્યાજવાળી અનસિક્યોર્ડ લોનોને નીચાં વ્યાજવાળી સિક્યોર્ડ લોન લઈને ભરપાઈ કરવાનો પ્રયાસ કરો. સોનુ, શેર, બોન્ડ, ઘર (ટોપઅપ) અને મિલકત સામે પ્રમાણમાં નીચાં વ્યાજની લોન લઈને ઊંચા વ્યાજની લોન ચૂકવી દો. આમ કરવાથી વ્યાજનું ભારણ ઓછું થશે. મોટાભાગની લોનો લાંબા ગાળાની હોવાથી તમારો માસિક હપ્તાનો ખર્ચ પણ ઓછો થશે. આમ કરવાથી જે પૈસા બચે તેનું તમારા નાણાંકીય લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે રોકાણ કરી શકાય.

સન્ડે હો યા મન્ડે રોજ ખાવો અંડેની લાઈન પણ ખબુ લોકપ્રિય...


ઈંડા આરોગ્ય માટે ખુબ ઉપયોગી

ઈંડામાં રહેલા વિટામિન અને મિનરલ શરીરને પૌષક તત્વ પ્રદાન કરે છે : હવે ઈંડા ખાનાર એક અલગ વર્ગ છે : ઈમ્યુનિટી પાવર વધારે છે

સન્ડે હો યા મન્ડે રોજ ખાવો અંડેની લાઈન આપે કોઈને કોઈ જગ્યાએ સાંભળી અથવા તો વાંચી હશે. ઈંડા જેને એગ પણ કહેવામાં આવે છે. તેના ખાવાના અનેક ફાયદા રહેલા છે. તેમાં રહેલા વિટામિન અને મિનરલ શરીરને પૌષક તત્વ પ્રદાન કરે છે. પહેલા લોકો ઈંડાને માંસાહરી તરીકે ગણતા હતા. સામાન્ય રીતે હજુ પણ કેટલાક લોકોને તેને માંસાહરી તરીકે ગણે છે. જો કે હવે ઈંડા ખાનાર એક અલગ વર્ગ તરીકે છે. પહેલા જ્યાં એક વેજિટેરિયન અને નોન વેજિટેરિયન વર્ગ રહેતા હતા. હવે ત્રીજા વર્ગ તરીકે એગ્ગિટેરિયન છે. આ એ વર્ગ છે જે માંસ ખાતા નથી પરંતુ ઈંડા ખાય છે. ઈંડામાં અનેક પ્રકારના પૌષક તત્વો હોવાના કારણે તેની અવગણના કોઈ કરી શકે તેમ નથી. તબીબો તમામને ઈંડા ખાવાની સલાહ આપે છે. ઈંડાને ઉકાળીને અથવા તો કોઈ રેસિપીમાં ઉપયોગ લઈ શકાય છે. એક ગરમ પાણીમાં ઉકાળી દેવામાં આવેલા ઈંડામાં પૌષક તત્વોની વાત કરવામાં આવે તો તેમાં ફોસ્ફોરસનુ પ્રમાણ નવ ટકા, વિટામિન બી-૨નુ પ્રમાણ ૧૫ ટકા, વિટામિન બીપાંચનુ પ્રમાણ સાત ટકા અને વિટામિન બી૧૨ પ્રમાણ નવ ટકા રહે છે. કેલોરી ૭૭ અને કોલેસ્ટ્રોલ ૧૯૫ એમજી રહે છે. સોડિયમનુ પ્રમાણ તેમાં ૬૫ એમજી સુધી રહે છે. આયરનનુ પ્રમાણ છ ટકા રહે છે. પોટેશિયમનુ પ્રમાણ ૧૨૬ એમજી રહે છે. આ તમામ તત્વોની ઉપસ્થિતી ઈંડામાં રહેલી છે જે દર્શાવે છે કે કેટલી હદ સુધી ઈંડા ઉપયોગી રહેલા છે. પૌષક તત્વોના ફાયદાની વાત કરવામાં આવે તો આયરન એનિમિયાને દુર કરે છે. ઓક્સીજન પ્રવાહ સમગ્ર શરીરમાં કરાવે છે. ઈંડામાં રહેલા આયરન સરળ રીતે સમગ્ર શરીરમાં ભળી જાય છે. વિટામિન એ સ્કીનને હેલ્થી રાખે છે. આરોગ્ય માટે ખૂબ ફાયદાકારક છે તેવું તારણ અભ્યાસમાં વારંવાર આપવામાં આવ્યું છે. હવે ફરીએકવાર આવું તારણ અમેરિકાનાં નિષ્ણાંતે આપ્યું છે. તેમણે કહ્યું છે કે, હાર્ટ માટે ઈંડા આદર્શ છે. અમેરિકાનાં ઈંડા સાથે સંબંધિત નિષ્ણાંત ડૉ. ડોન મેકનામારાએ ભારપૂર્વક કહ્યું છે કે, ઈંડાને લઈને લોકોમાં ઘણી ખોટી માન્યતાઓ પ્રવર્તે છે. ઈંડા ખતરનાક છે તેવું તારણ ઘણાં અભ્યાસમાં આપવામાં આવી ચૂક્યું છે પરંતુ હવે ઈંડા હાર્ટ માટે આદર્શ હોવાની વાત કરવામાં આવી છે. હાર્ટ ફાઉન્ડેશને પણ પોતાની પ્રતિક્રિયા અગાઉ આપી હતી. એક સપ્તાહમાં છ ઈંડા અગાઉ ખાવા જોઈએ તેવી સલાહ આપવામાં આવી હતી. વરિષ્ઠ લોકો ઈંડા ખાતા ભય અનુભવે છે કારણ કે ૪૦થી વધુની વયમાં ડાયટ અને કોલેસ્ટેરોલને લઈને મોટી વયનાં લોકો ચિંતિત રહે છે પરંતુ અમેરિકાનાં આ નિષ્ણાંતે કહ્યું છે કે, નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે, તમારી ખાવાની ચીજ-વસ્તુઓમાંક કોલેસ્ટેરોલ હાર્ટની તકલીફ માટે જોખમમાં ઉમેરો કરતાં નથી. ઈંડામાં ઘણાં મહત્વપૂર્ણ ઘટક તત્વો રહેલાં છે. ઈંડામાં લુટીન નામનું તત્વ રહે છે જે શરીરમાં ઘણી ખામીઓને દૂર કરે છે. અમેરિકાનાં આ નિષ્ણાંતે કહ્યું છે કે, બ્રેકફાસ્ટમાં ઈંડાનો ઉપયોગ કરનાર લોકો વધુ સ્વસ્થ અને વધુ લાંબુ આયુષ્ય ધરાવે છે, આવા લોકોમાં બપોરનાં ભોજનમાં જમવાનો ખતરો પણ રહેતો નથી. તેમનું કહેવું છે કે, ઈંડામાં સર્વોચ્ચ ક્વોલિટીનાં પ્રોટીનનાં તત્વો રહે છે તેમાં દરેક પ્રકારનાં વિટામિન અને ખનીજ તત્વો રહેલાં છે. ઈંડા ખાનાર લોકોને માત્ર વિટામિન-સીની જરૂર રહે છે. આ વર્ષની શરૂઆતમાં હાર્ટ ફાઉન્ડેશન દ્વારા સર્વેની કામગીરી હાથ ધરાઈ હતી જેમાં પોતાની માર્ગદર્શિકામાં સુધારા કર્યા હતાં અને એક સપ્તાહમાં છ ઈંડા ખાવાની સલાહ આપવામાં આવી હતી. ઈંડામાં રહેલા વિટામિન બી ૧૨ હાર્ટને સુરક્ષિત રાખવામાં મદદ કરે છે. વિટામિન ઈ એન્ટીઓક્સીડેન્ટ રોગોને બચાવે છે. સાથે સાથે કેન્સર અને ઈમ્યુન સિસ્ટમને મજબુત કરે છે. આની સાથે સંબંધિત તકલીફ દુર કરે છે. વિટામિન ડી હાડકા અને દાંતને મજબુત કરે છે. કોલિનનુ પ્રમાણ દિમાગને સ્વસ્થ કરે છે.

ફોસ્ફોરસ, વિટામિન, પ્રોટીન સહિત તમામ તત્વો

ઈંડા ખાવાથી શુ ફાયદા



સન્ડે હો યા મન્ડે રોજ ખાવો અંડેની લાઈન આપે કોઈને કોઈ જગ્યાએ સાંભળી અથવા તો વાંચી હશે. ઈંડા જેને એગ પણ કહેવામાં આવે છે. તેના ખાવાના અનેક ફાયદા રહેલા છે. તેમાં રહેલા વિટામિન અને મિનરલ શરીરને પૌષક તત્વ પ્રદાન કરે છે. પહેલા લોકો ઈંડાને માંસાહરી તરીકે ગણતા હતા. સામાન્ય રીતે હજુ પણ કેટલાક લોકોને તેને માંસાહરી તરીકે ગણે છે. જો કે હવે ઈંડા ખાનાર એક અલગ વર્ગ તરીકે છે. ઈંડામાં રહેલા શુ ફાયદો કરે છે

- **ગરમ પાણીમાં ઉકાળેલા ઈંડામાં નવ ટકા ફોસ્ફોરસનુ પ્રમાણ હોય છે**
- **વિટામિન બી૨નુ પ્રમાણ તેમાં ૧૫ ટકાની આસપાસ રહે છે**
- **વિટામિન બીપનુ પ્રમાણ સાત ટકાની આસપાસ રહે છે**
- **વિટામિન બી૧૨નુ પ્રમાણ નવ ટકાની આસપાસ રહે છે**
- **વિટામિન એનુ પ્રમાણ છ ટકાની આસપાસ રહે છે**
- **વિટામિન સીનુ પ્રમાણ શુન્ય ટકા રહે છે**
- **વિટામિન ડીનુ પ્રમાણ ૨૧ ટકા સુધી રહે છે**
- **સેલેનિયમનુ પ્રમાણ પણ તેમાં ૨૨ ટકાની આસપાસ રહે છે**
- **પ્રોટીનનુ પ્રમાણ છ જીએમ સુધી રહે છે**
- **ફેટનુ પ્રમાણ પાંચ જીએમ સુધી રહે છે**
- **કેલોરીનુ પ્રમાણ ૭૭ રહે છે**
- **કોલેસ્ટ્રોલનુ પ્રમાણ ૧૯૫ એમજી સુધી રહે છે**
- **સોડિયમનુ પ્રમાણ ૬૫ એમજી સુધી રહે છે**
- **કાર્બોહાઈડ્રેડનુ પ્રમાણ એક જી સુધી રહે છે**
- **આયરનનુ પ્રમાણ છ ટકા સુધી રહે છે**
- **મેગનેશિયમનુ પ્રમાણ બે ટકા સુધી રહે છે**
- **પોટેશિયમનુ પ્રમાણ ૧૨૬ એમજી રહે છે**

જાણો.....આ ૫ રાશિના લોકો ખાધેડું હોય છે

ખવાપીવાનું તો દરેક વ્યક્તિને પસંદ હોય છે, પરંતુ કેટલાક લોકો જીવતા રહેવા માટે ખાય છે, કેટલાક લોકો ખાવા માટે જીવે છે. હવે કેટલાક લોકો એવા છે કે જે ફક્ત જરૂરિયાત મુજબ જ ખોરાક લે છે, પરંતુ કેટલાક લોકો જરૂરિયાત કરતાં વધારે ખાવાથી પણ અચકાતાં નથી. આ પછી બીજી કેટેગરી આવે છે જેમાં લોકોને જંક ફૂડ એટલે કે તળેલૂ અને શેકેલું ખાવાનું ગમે છે. આ લોકો તેમના સ્વાસ્થ્યની ચિંતા કર્યા વિના ભરી ભરીને ખાય છે. આવી સ્થિતિમાં, જ્યોતિષ શાસ્ત્ર મુજબ આજે અમે તમને ૧૨ રાશિ માંથી એવી ૫ રાશિ વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જેઓ ખાવા-પીવાનાં ખુબ જ શોખીન છે.

મેષ રાશિ – તીખું અને મસાલેદાર ખાવાના શોખીન

આ રાશિનું તત્વ અગ્નિ હોવાને કારણે આ રાશિના જાતકો જોશ ઉર્જા અને ઉગ્ર સ્વભાવ વાળા હોય છે. જેના કારણે, તેઓ ગરમ, તીખું અને મસાલેદાર ખાવાનું વધુ પસંદ કરે છે. જ્યારે તેઓ ગુસ્સે અથવા ખુશ હોય ત્યારે વધુ ખાય છે. તેઓ દિવસભર ખોરાક વિશે વિચારતા રહે છે. તેમને નાસ્તા ખૂબ જ પસંદ હોય છે.

વૃષભ રાશિ – મીઠી વસ્તુના શોખીન

તેમની રાશિનું તત્વ પૃથ્વી છે. તેઓ ખોરાકને આનંદ અને સ્વાદ લઈને માણવાનું પસંદ કરે છે. તેમને મીઠો ખોરાક અને સલાડ ખાવાનું ગમે છે. તેઓ ખોરાકમાં ખામીઓ પણ ઘણી કાઢે છે. સુંદરતા સાથે પીરસવામાં આવતું ખોરાક તેમને વધુ પસંદ આવે છે. તેમને ખોરાકનો બગાડ ગમતો નથી.

સિંહ રાશિ – જંક ફૂડના શોખીન

તેમનું તત્વ અગ્નિ હોવાને કારણે, તેઓ ગરમ સ્વભાવના હોય છે. તેમને બજારનું જંક ફૂડ ખાવાનું ગમે છે. જો તેઓ ઘરની બહાર નીકળી જાય, તો તેઓ રસ્તામાં કઈને કઈ જંક ફૂડ ચોક્કસ ખાય છે. વળી, તેઓને ઘરે માતાનાં હાથનું ભોજન પણ પસંદ આવે છે.

તુલા રાશિ – ખાવા માટે હંમેશા તૈયાર

તેમનું તત્વો હવા છે, જેના કારણે જો તમે તેમને મધ્યરાત્રિએ પણ ખોરાક આપો, તો તે ખાવા માટે તૈયાર છે. તેઓને રાત્રે ઘણીવાર ભૂખ લાગે છે. તેમને મસાલાવાળા ખોરાક લીધા પછી મીઠું ખાવાનું પસંદ કરે છે. તેઓ નવી નવી વાનગીઓ શોધતા રહે છે. જ્યારે પણ તેઓ ફ્રી હોય અથવા કંટાળી ગયા હોય, ત્યારે તેઓ ખોરાકની શોધવાનું શરૂ કરે છે. તેઓ રાતે અથવા દિવસે કોઈપણ પાસેથી ખોરાક મેળવીને ખાઈ શકે છે.

મીન રાશિ – એકલામાં ખાવાનું પસંદ

તેમનું તત્વ પાણી હોવાને કારણે, તેઓ બધાની સામે જમવાનું પસંદ કરતા નથી. તેઓ એકલા શાંતિથી ખોરાક લેવાનું પસંદ કરે છે. તેઓ ખોરાકનું એક લિસ્ટ બનાવીને રાખે છે. પછી સમય સમય પર તેઓ આ ખોરાક બનાવે છે. વળી, તેમણે જાતે રસોઈ બનાવવાનું પણ પસંદ છે. તેઓ અન્ય લોકોને પણ ખોરાક બનાવવામાં મદદ કરે છે. તેમને ખાવા-પીવા વિશે ઘણું જ્ઞાન હોય છે. તેઓ રસોઈની સારી ટીપ્સ પણ પ્રદાન કરે છે.

વળી, તમને લોકોને કેવા પ્રકારનું ભોજન કરવું ગમે છે તે અમને કોમેન્ટ સેક્શનમાં જરૂરથી જણાવશો. ખોરાક એ એકમાત્ર વસ્તુ છે જે લગભગ દરેકને પસંદ હોય છે.

પ્રેગનન્સીમાં વાળની કાળજી કઇ રીતે રાખશો ?

પ્રેગનન્સી મહિલાના જીવનમાં પરિવર્તનનો દોર હોય છે. સગર્ભાના શરીરમાં ઘણા હોર્મોનલ બદલાવ આવે છે જે તેની ત્વચા અને વાળના ટેક્સચર અને ક્વોલિટી પર અસર કરે છે. માતા બનવું દરેક પરિણીત સ્ત્રીનું સપનું હોય છે પરંતુ માતા બનવું એટલું આસાન પણ નથી. નવ મહિના કુખમાં બાળકને રાખતી વખતે તેણે ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આ સમય દરમ્યાન સગર્ભા મહિલાઓએ વાળ સંબંધિત ઘણી તકલીફોમાંથી પસાર થવું પડે છે. પ્રેગનન્સીની શરૂઆતનાં તબક્કામાં મહિલાઓના વાળ સુંદર અને ચમકદાર બને છે તો પ્રેગનન્સી બાદ વાળ ઊતરવા માંડે છે. આ બંને સ્થિતિમાં ગર્ભવતી મહિલાઓને પોતાના વાળની વિશેષ કાળજી રાખવી જોઇએ.



ગર્ભાવસ્થામાં વાળ શા માટે વધે છે ?

ગર્ભાવસ્થાના શરૂઆતના ત્રમ મહિનામાં વાળ બહુ વધવા માંડે છે કારણ કે તેમના શરીરમાં એસ્ટ્રોજનની માત્રા વધે છે. એસ્ટ્રોજનને કારણે વાળ ભરાવદાર અને શાઈની થાય છે.

- ગર્ભાવસ્થા દરમ્યાન વિટામિન સપ્લીમેન્ટસ લેવાથી પણ વાળ વધે છે.
- પ્રોજેસ્ટેરોન એક એવું હોર્મોન છે જે ગર્ભાવસ્થામાં વાળના ફોલિકલ્સને જીવિત રાખે છે. આ હોર્મોન વાળના ગ્રોથના ફેઝને લાંબો કરે છે એટલે વાળ ભરાવદાર થાય છે.
- ગર્ભાવસ્થામાં વાળના ટેક્સચરમાં પણ બદલાવ આવે છે. શક્ય છે કે તમારા કર્લી વાળ સ્ટ્રેટ થવા માંડે કે વાળ બહુ ઓઈલી કે ડ્રાય થવા માંડે. કેટલીક મહિલાઓના વાળનો રંગ પણ બદલાવા માંડે છે.
- ડિલિવરી બાદ કે બ્રેસ્ટ ફીડિંગ બાદ ઘણી મહિલાઓના વાળ ઊતરે છે. બાળકના જન્મ બાદ હોર્મોન્સ અને રેસ્ટિંગ સાઇકલ પહેલાંની જેમ નોર્મલ થવા માંડે છે અને એને કારણે વાળ ઊતરતા માંડે છે.

પપૈયા

પેટના વિકારો દૂર કરવા માટે ઉત્તમ ગુણ વૈજ્ઞાનિક મત પ્રમાણે પપૈયામાં વિટામીન એ.બી.સી અને ડી છે. તેમાંય ખાસ કરીને વિટામિન એ તથા સૌથી ભરપૂર છે. બીજાં ફળોની સરખામણીમાં પપૈયામાં વિટામિન એનું વધારે પ્રમાણ હોય છે. આથી જ તે નેત્રના રોગ મૂત્રાશય, શારીરિક વૃદ્ધિનો રોગ વગેરે રોગોથી મનુષ્યનું રક્ષણ કરે છે. તેમાં વિટામિન સારા પ્રમાણમાં હોવાથી અસ્થિ રોગ, દાંતના રોગ, લોહીના દબાણની વૃદ્ધિ, પક્ષઘાત, ગાંઠો, વા, ઊલટી વગેરે રોગોથી બચાવે છે. પેટના વિકારો દૂર કરવા માટે પપૈયાંનો ઉપયોગ સર્વોત્તમ ગણાય છે. પપૈયાંના સેવનથી પાચનક્રિયા સુધરે છે. ભૂખ લાગે છે અને શરીરની કાર્યશક્તિ વધે છે. વળી, પપૈયું બીજા આહારને પચાવવામાં મદદરૂપ બને છે. - પેટમાં સંચય થયેલા આમનો નાણા કરવાની પપૈયાંમાં અદ્‌ભૂત શક્તિ છે. પાકાં પપૈયામાં દસ્ત પેશાબ સાફ લાવવાનો ગુણ છે.

દોષ

- અગ્નિદીપક અને ક્ષુધાવર્ધક છે.કાચાં પપૈયાં ગ્રાહી છે તે કફ તથા વાયુને કોપાવનાર અને પિત્તકારક છે. આહારમાં ઉપયોગ વખતે લેવાની કાળજી - સગર્ભાવસ્થામાં કાચું કે પાકું થયેલું પપૈયું ખાવું જ નહીં જે સ્ત્રીઓને માસિક વધારે આવવું હોય. તેમણે પણ પપૈયું ખાવું નહીં. કાચું પપૈયું રક્તપ્રદરવાળી સ્ત્રીઓને પણ નુકસાન કરે છે. - પ્રમેહના રોગીઓને કોઠે ગરમીવાળાઓને અને અર્શ-મસાના રોગીઓને કાચું પપૈયું અતિ ઉષ્ણ પડે છે. તેનાથી હરસમાંથી વધારે લોહી પડે છે. ઔષધીય ગુણ - બાળકોને નિયમિત પપૈયું ખવડાવવાથી તેમની ઊંચાઈ વધી શરીર મજબૂત અને તંદુરસ્ત અને છે. - અર્ધી ચમચી કાચા પપૈયાનું દૂધ ખાંડ સાથે લેવાથી અજીર્ણ મટે છે.




તેલમાલિશ

ગર્ભાવસ્થા દરમ્યાન વાળમાં નિયમિત તેલ લગાડવાથી ફાયદો થાય છે અઠવાડિયામાં ઓછામાં ઓછું ઈણ ઈણ બે વાર વાળમાં તેલમાલિશ કરો. એનાથી વાળને આખી રાત પોષણ મળતું રહેશે અને વાળ મજબૂત તથા સુંદર બનશે. તમારી આંગળીના ટેરવાથી હુંફાળા તેલથી વાળમાં માલિશ કરો. તમે માલિશ કોપરેલ કે તલના તેલથી કરી શકો. આ ઉપરાંત બદામ કે ઓઈલ ઓઈલ પણ વાળમાં નાખી શકાય.

તમે તલનું તેલ અને દિવેલ અથવા તો કોપરેલ, જોજોબા અને બદામનું તેલ મિક્સ પણ કરી શકો. મસાજ ઓઈલમાં લવેન્ડર, રોઝમેરી, કેમોમાઈલ કે લેમનગ્રાસ જેવા એસેન્શિયલ ઓઈલ ઉમેરો. લવેન્ડર ઓઈલમાં હેરગ્રોથ સ્ટીમ્યુલેટિંગના ગુણ હોય છે. જ્યારે રોઝમેરી ઓઈલથી વાળ જાડા થાય છે. કેમોમાઈલ ઓઈલથી વાળ મુલાયમ અને શાઈની થાય છે. શેમ્પૂ અને કન્ડિશનર સગર્ભા સ્ત્રીએ સારા શેમ્પુ અને કન્ડિશનર પસંદ કરવા જોઈએ. શેમ્પૂથી વાળ ચોખ્ખા અને મહેકતા રહે છે. સારા શેમ્પુથી વાળનો વિકાસ પણ થાય છે અને ખોડો તથા વાળ ખરવા જેવી તકલીફો પર કાબૂ મેળવી શકાય છે. તમારા વાળના પ્રકાર પ્રમાણે એલોવેરા, એવાકાડો ઓઈલ કે જોજોબા જેવાં કુદરીત તત્ત્વોવાળા શેમ્પુનો ઉપયોગ કરો. એ વાળનો ગ્રોથ અને લસ્ટર વધારશે. કન્ડિશનર્સથી વાળ મોઈશ્ચરાઈઝ થશે અને ગુંચવાશે પણ નહીં. સારા કન્ડિશનરમાં વાળને મુલાયમ અને નરીશ કરે એવા પોષક તત્ત્વો હોય છે. એ વાળની પીએચ વેલ્યુને રેગ્યુલેટ કરવામાં મદદ કરે છે. કેમિકલ ટ્રીટમેન્ટ અને કલરિંગ સગર્ભાવસ્થા દરમ્યાન કેમિકલ ટ્રીટમેન્ટ અને હેર કલરિંગથી દૂર રહેવું જ સલાહભર્યું છે. કેમિકલ અને કલર માથામાં એબ્સોર્સ થઈ ગર્ભમાના બાળક સુધી પહોંચી શકે છે. એનાથી એલર્જી પણ થઈ શકે છે એટલે બ્લીચિંગ, પર્મિંગ, કલરિંગ જેવી ટ્રીટમેન્ટથી દૂર રહો.જો તમને વાળમાં જાતજાતની સ્ટાઈલ કરવાનો શોખ હોય તો એના પર કાબૂ રાખો. સગર્ભાવસ્થા દરમ્યાન વાળનું સ્ટાઈલિંગ કરવું ન જોઈએ કારણ કે વાળને ગરમ વરાળ નુકસાન કરે છે. વાળને હેરડ્રાયરથી નહીં પરંતુ કુદરતી રીતે જ સુકાવા દો. વાળને સ્વસ્થ રાખવા કોસ્મેટિક હેર સિરમ લગાડો નહીં. વાળ અને સ્કાલ્પનો પ્રકાર જાણો મસાજ ઓઈલ, શેમ્પૂ અને કન્ડિશનરનો ઉપયોગ કરતાં પહેલા તમારા વાળનો પ્રકાર કયો છે તે જાણવું જરૂરી છે. તમારા વાળ પાતળા છે કે જાડા, સીધા છે કે કર્લી, ડલ છે કે શાઈની ? તમારે તમારી સ્કાલ્પ ડ્રાય, ઓઈલી કે નોર્મલ છે તે પણ જાણવું જોઈએ. જો તમને ખોડા, બ્રિટલ હેર કે આછાપાતળા વાળની સમસ્યા હોય તો તમારે એને અનુરૂપ શેમ્પુ અને કન્ડિશનર પસંદ કરવા જોઈએ. વધુ પડતી ટાઈટ હેરસ્ટાઈલ કરો નહીં વધુ પડતી ટાઈટ હેરસ્ટાઈલ કરવાથી વાળ ખેંચાય છે એટલે વાર ખરે છે. ટાઈટ ચોટલા, બન અને પોનીટેઈલ વાળો નહીં.

હેર પેક

- એક ટેબલસ્પૂન આમળા પાઉડરને બે ટેબલસ્પૂન કોપરેલમાં મિક્સ કરો. એક-બે ટીપાં લીંબુનો રસ પાણી નાખી શકાય. આ પેક વાળની પાથી પાડી લગાડી મસાજ કરો. આખી રાત રહેવા દઈ સવારે માઈલ્ડ શેમ્પૂથી ધોઈ નાખો.
- એક ઈંડાની સફેદી અને બે ટેબલસ્પૂન જૈતુનનું તેલ બરાબર મિક્સ કરી વાળમાં લગાડો. ૩૦ મિનિટ બાદ હૂંફાળા કે ઠંડા પાણીથી ધોઈ નાખો.
- એક ટેબલસ્પૂન મેથી એક કપ પાણીમાં રાત્રે પલાળો. સવારે પેસ્ટ વાળી વાળમાં લગાડો. એક કલાક બાદ વાળ ધોઈ નાખો. મેથી વાળની વૃદ્ધિ માટે ફાયદાકારક છે. એ વાળને મજબૂત કરી ચમક આપે છે. તમે તમારા તેલમાં પણ પેસ્ટ નાખી શકો. ત્યારબાદ તેને હૂંફાળું ગરમ કરો. એનો નિયમિત ઉપયોગ કરવાથી વાળ ખરતા નથી. ભીના વાળ ઓળો નહીં ભીના વાળ ઓળવાથી વાળ ઊતરવાની શક્યતા વધી જાય છે, વાળનાં મૂળ કમજોર થાય છે આથી વાળ સુકાય નહીં. ત્યાં સુધી એક કાંસકો ફેરવો નહીં. ભીના વાળ બહુ કમજોર હોય છે. રેગ્યુલર ટ્રિમિંગ કરાવો જો તમારા વાળ બહુ લાંબા થઈ ગયા હોય તો એ નીચેથી ફિઝી થઈ જશે અને સ્પ્લીટ એન્ડ્સની સમસ્યા સર્જાશે. એનાથી વાળને ઘણું નુકસાન થશે અને વાળ વધુ ઊતરે છે એટલે ગર્ભાવસ્થામાં પણ સમયાંતરે વાળ ટ્રીમ કરાવતાં રહો.



જરૂરી ટિપ્સ : બંધ નાકથી પણ ગરમ પાણીથી છુટકારો મળે છે

ગરમ પાણીથી શરીરને ખુબ લાભ

ઠંડા પાણીનો ઉપયોગ કરીએ છીએ ત્યારે તેનાથી ઓછા લાભ છે પરંતુ ગરમ પાણી પીવામાં આવે તો આના કારણે આંતરડાને સંકુચિત થવામાં મદદ મળે છે. સવારમાં ગરમ પાણી પીવાથી ખુબ લાભ થાય છે. વજન ઘટાડી દેવા માટેની ઇચ્છા ધરાવતા લોકોના માટે ગરમ પાણી ઉપયોગી સાબિત થઈ શકે છે. કારણ કે ગરમ પાણી પીવાના કારણે શરીરની તાપમાન નિયંત્રણ પ્રણાલી ફરીથી સક્રિય થાય છે. ગરમ પાણી પીવાથી માનવીના શરીરને રાહત મળે છે. આના કારણે શરીરને ફુલાવી દેવામાં મદદ કરનાર ખરાબ પદાર્થ શરીરની બહાર નિકળે છે. આના કારણે વજનને વધતા રોકવામાં મદદ મળે છે. સ્ટ્રેસને પણ ઘટાડી દેવામાં ગરમ પાણીની ભૂમિકા રહેલી છે. ગરમ પાણી પીવાથી સેન્ટરલ વર્વસ સિસ્ટમ સારી રીતે કામ કરે છે. આના કારણે ગરમ પાણી પીનાર લોકો ઓછા ચિંતિત રહે છે. ગરમ પાણી પીવાથી વધારે શાંતિનો પણ અનુભવ થાય છે. જો તમે ગરમ પાણી પી રહ્યા છો તો તેના કારણે બોડીના ટોક્સિન્સ બહાર નિકળી જાય છે. જેના કારણે સ્વસ્થ રહેવામાં મદદ મળે છે. જો તમે હઈડ્રેટેડ થવાની તમે વાત કરો છો તો ગરમ પાણી અને ઠંડા પાણીની વચ્ચે વધારે અંતન નથી. એમ માનવામાં આવે છે કે એક પુખ્ય વયની વ્યક્તિ દિનમાં ઓછામાં ઓછા ૨-૩ લીટર પાણી પીવે છે. જો તમે દિવસની શરૂઆત ગરમ પાણીની સાથે કરી રહ્યા છો તો તમે હાઈડ્રેટેડ રાખી શકો છો. માનવીના શરીરમાં પાણી ખુબ જરૂરી છે. પાણીની કમીને કોઈ ચીજ સાથે પૂર્ણ કરી શકાય તેમ નથી. ગરમ પાણી શરીર માટે એક પ્રકારથી ખુબ આદર્શ તરીકે સાબિત થઈ શકે છે. કોરોના વાયરસનો આતંક હાલમાં જારી છે ત્યારે આ ગરમ પાણી તેની સામે પણ રક્ષણ મેળવી લેવામાં મદદરૂપ બને છે. કોરોના વાયરસનો આંતક જારી છે આવી સ્થિતીમાં તમામ નિષ્ણાંત લોકો ગરમ ચીજોનો ઉપયોગ કરવાની સલાહ આપે છે. ગરમ પાણી અનેક રીતે ઉપયોગી છે. તે શરીર માટે આદર્શ તરીકે છે. સિઝનમાં ફેરફાર થવાની સાથે જ મોટા ભાગના લોકોને શરદી ગરમીની અસર થાય છે. જો કે હાલમાં તો તમામ લોકો ઘરમાં છે. કોરોનાન વાયરસના કારણે ઉભી થયેલી અભૂતપૂર્વ સ્થિતી વચ્ચે લોકો ઘરમાં છે. આવી સ્થિતીમાં કેટલાક લોકોને તો ઘરમાં પણ આ સિઝનલ શરદી ગરમીની અસર થઈ જાય છે. આ તમામ પ્રકારની સિઝનલ તકલીફથી પણ નિયમિત રીતે ગરમ પાણી પીવામાં આવે તો તે બચાવે છે. ફિટનેસમાં માનનાર લોકો ગરમ પાણીને જ વધારે મહત્વ આપે છે.

ગરમ પાણી પીવાની બાબત શરીર માટે ઠંડા પાણી પાણી પીવા કરતા અલગ છે : પાચનમાં પણ ઉલ્લેખનીય સુધારો થાય છે

કોરોના વાયરસનો આતંક હાલમાં દેશમાં જરી છે. કોરોનાની બચવા માટે જુદી જુદી ટિપ્સ અને સલાહ નિષ્ણાત લોકો અને તબીબો પણ આવે છે. રોગપ્રતિકારક ક્ષમતા વધે તેવી પૌષ્ટિક ચીજોના ઉપયોગથી વધારે ફાયદો થાય છે. ગરમ પાણી પીવાની બાબત માનવીના શરીર માટે ઠંડા પાણી પીવા કરતા અલગ અસર કરે છે. આ બંને પ્રક્રિયા જુદી જુદી રહેલી છે. ગરમ પાણી પીવાના અનેક પ્રકારના ફાયદા રહેલા છે. ગરમ પાણી પીવાથી માનવીના શરીરમાં પાચટન તંત્રમાં સુધારો થાય છે. બંધ નાકથી પણ રાહત મળે છે. તે શરીરને વધારે આરામ આપે છે. શરીરને સ્વસ્થ રાખવા માટે કોઈ પણ વ્યક્તિને દિવસની શરૂઆત ગરમ પાણીથી કરવી જોઈએ અને દિવસના અંતે પણ રાત્રે ગરમ પાણીનો ઉપયોગ કરવાની જરૂર રહેલી છે. પાણી જીવન માટે કેટલુ મહત્વ રાખે છે તે બાબત વારંવાર અમે વાંચતા રહીએ છીએ. જેથી આનાથી તમામ લોકો સારી રીતે વાકેફ છે. જો એમ કહેવામાં આવે કે પાણી વગર જીવન શક્ય નથી તો આ બાબત ૧૦૦ ટકા સાચી છે. અહીં આજે અમે ગરમ પાણીના ફાયદા અંગે વાત કરી રહ્યા છીએ. સૌથી પહેલા તો જો નાંક બંધ છે તો ગરમ પાણીના કારણે તે ખુલી જાય છે. ગરમ પાણી પીવાથી માનવીની પાચન ક્રિયા સક્રિય રહે છે. તેમાં સુધારો થાય છે. પાણીની મદદથી વ્યક્તિની પાચન ક્રિયા ચાલે છે. જ્યારે પાણી આંતરડા અને પેટમાં આવે છે ત્યારે તેના કારણે પાચન તંત્ર વધારે સારી રીતે કામ કરવા લાગી જાય છે. જેના કારણે તે કચરાને સરળ રીતે દુર કરવામાં સફળ રહે છે. આની સાથ સાથે ગરમ પાણી પેટની અંદર એવી ચીજોને પણ દુર કરી નાંખે છે જેને પચાવવામાં તકલીફ પડે છે. જ્યારે અમે

ઘરમાં ઉપલબ્ધ આદુ લાખ દુખોની એક દવા સમાન છે

આદુના ઉપયોગથી આ ફાયદાઓ છે

૩૦ દિવસ સુધી સતત ઉપયોગ કરવાથી અનેક ફાયદા રહેલા છે : દરરોજ ઉપયોગ કરવાની જરૂર : સૌદર્ય ચીજોમાં પણ તેનો ઉપયોગ

આદુ જમીન પર ઉપલબ્ધ સૌથી આરોગ્યપ્રદ્ધ મસાલા પૈકી એક તરીકે છે. પૌષક તત્વો અને બાયોએક્ટિવ યોગિક બાબતોથી ભરપુર આદુ માનવીના શરીર અને દિમાગ માટે ખુબ ઉપયોગી છે. આજે અમે અહીં આદુના ઉપયોગની વાત કરવા જઇ રહ્યા છીએ. આદુનો નિયમિત રીતે ઉપયોગ કરવાની બાબત ખુબ ફાયદો કરાવે છે. આદુને ફ્રેશ, સુકા, પાઉડર , ઓઇલ અથવા તો જ્યુસ તરીકે લેવામાં આવી શકે છે. ખાવા પીવાની ચીજો અને સૌદર્ય સાધનોમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. આ ભોજનની રેસેપીમાં ઉપયોગ કરવામાં આવતી ખુબ ઉપયોગી સામગ્રી તરીકે છે. આયુર્વેદમાં પણ તેનુ ખાસ મહત્વ રહેલુ છે. આદુ દરરોજ ઉપયોગ કરવાની સ્થિતીમાં કોઇ ફરિયાદ નથી. સર્જરી બાદ થતી કેટલીક તકલીફ તેના કારણે થતી નથી. કિમોથેરાપીમાંથી પસાર થઇ ચુકેલા કેન્સરના રોગીઓને પણ આદુ રાહત આપી શકે છે. આવી જ રીતે જો કોઇ સગર્ભા મહિલા તેનો ઉપયોગ કરે છે તો તેના કારણે તેના કારણે ઉલ્ટી જેવુ થવામાં રાહત મળે છે. જો તમને કસરત કરતી વેળા માંસપેશીઓમાં પિડા છે તો આદુના ઉપયોગથી રાહત મળે છે. જો કોઇ વ્યક્તિને કસરત કરવાના કારણે પિડા છે તો પ્રતિદિન બે ગ્રામ આદુના સેવનથી માંસપેશીઓની પીડા ઓછી થઇ જાય છે. સામાન્ય રીતે આદુ તરત અસર દેખાડતી નથી પરંતુ લાંબા ગાળે તેની અસર થાય છે. ખુબ ઓછા લોકો આ બાબતથી વાકેફ છે કે આદુ લાંબા સમય સુધી ઉપયોગી રહે તે માટે તેને તાપમાં મુકી દેવામાં આવે છે. કેટલીક જગ્યાએ તેનો અન્ય રીતે ઉપયોગ કરવામાં આવે છે. મસાલા અને દવા તરીકે આદુનો ઉપયોગ સમગ્ર દુનિયામાં કરવામાં આવે છે. આદુ દવા તરીકે પણ ખુબ સફળ છે. ૧૦ ગ્રામ તાજી આદુના રસમાં ઘટક પદાર્થોની વાત કરવામાં આવે તો તેમાં પાણીનુ પ્રમાણ ૮૦.૯ ટકા હોય છે. ફેટનુ પ્રમાણ ૦.૯ ટકા હોય છે. કાર્બોહાઇડ્રેડનુ પ્રમાણ માઇનસ ૧૨.૩ ટકા હોય છે. કેલ્શિયમનુ પ્રમાણ માઇનસ બે મિગ્રા છે. આદુ શ્વાસની તકલીફને દુર કરવામાં પણ ઉપયોગી રહે છે. ભોજન કરી લીધા બાદ આદુના ટુકડાને મિઠાની સાથે ચાવીને ખાવાથી ફાયદો થાય છે. સવારમાં ઉઠયા બાદ ખાલી પેટ આદુના ટુકડાને એટલા જ મિઠાના પ્રમાણ સાથે લેવાથી ફાયદો થાય છે. શરદી, ઉધરસ અને અન્ય તકલીફમાં પણ તે ઉપયોગી સાબિત થાય છે. આદુના ટુકડાને પાણીમાં ઉકાળીને જરૂર મુજબ પાણીના પ્રમાણમાં મિક્સ કરીને પીવાથી લાભ થાય છે. દેશમાં હાલમાં કોરોના આતંક જારી છે ત્યારે કેટલીક તકલીફ હાલમાં ટાળવામાં આવે તે જરૂરી છે. જેમાં શરદી, ગરમીનો સમાવેશ થાય છે.



૧૦ ગ્રામ તાજા આદુના રસમાં તમામ ઉપયોગી ચીજો રહેલી છે. જે માનવ શરીર માટે ઉપયોગી સાબિત થાય છે. જેમાં પ્રોટીન્સ, ાઇરન, મિનરલ અને વિટામિન સીનો સમાવેશ થાય છે. મહિલાઓને થતી ગાયનેક સમસ્યાઓને પણ તે રોકે છે. પેઇનમાં રાહત આપે છે. એકંદરે અનેક પ્રકારની બિમારીને તે રોકવામાં ઉપયોગી સાબિત થાય છે. કેટલાક લોકો તો દવા તરીકે તેનો નિયમિત રીતે ઉપયોગ કરે છે. પાચન સાથે સંબંધિત વિકારને દુર કરવા માટે આદુ આદર્શ હોવાનો દાવો પહેલા કરવામાં આવેલા અભ્યાસમાં કરવામાં આવ્યો હોવાની માહિતી સપાટી પર આવી ચુકી છે.

પાટણ જિલ્લામાં ચેકપોસ્ટ પર સ્ક્રિનિંગ કર્યા બાદ પ્રવેશ આપવા તંત્રનો આદેશ

સ્ક્રિનિંગ માટે જિલ્લાની સરહદે ૧૪ ચેક પોસ્ટ બનાવી આરોગ્યની તપાસ કરાશે

પાટણ

પાટણ જિલ્લા બહારથી અન્ય જિલ્લા કે રાજયમાંથી આવતા નાગરિકોનું જિલ્લાની સરહદે ઊભી કરવામાં આવેલ વિવિધ ૧૪ ચેક-પોસ્ટ પર પ્રાથમિક સ્કીનીંગ કરવામાં આવશે અને જિલ્લામાં પ્રવેશતા વ્યક્તિના પાસ પર સ્કીનીંગ કર્યાનો સિક્કો મારવામાં આવશે. જો કોઈપણ આવનાર વ્યક્તિમાં કોવિડ-૧૯ના લક્ષણો જણાય તો તેને ફરજિયાત પણે ૧૪ દિવસ માટે સરકારી કવોરન્ટાઇન ફેસીલીટીમાં રાખવામાં આવશે. તંદુરસ્તી સામાન્ય હોય તો ઘરે હોમ કોરેન્ટાઇન કરાશે. લોકડાઉનમાં પોતાના વતનથી દૂર રહેનાર કે અન્ય સ્થળે ફસાયેલા લોકો માટે હવે સરકારના ગૃહ વિભાગે રાજય સરકારોને આદેશ કરીને આવા નાગરિકો એમના વતન સલામત રીતે પહોંચેએ સુનિશ્ચિત કરવા કહ્યું છે, ત્યારે પાટણ જિલ્લામાં રહેતા અન્ય જિલ્લાવાસીઓ કે પરપ્રાંતીયો પાસ મેળવીને પોતાના વતનમાં મુસાફરી કરી શકશે. પાટણ જિલ્લામાંથી અન્ય જિલ્લા કે રાજયમાં જવા માંગતા વિદ્યાર્થીઓ, યાત્રાળુઓ, પ્રવાસીઓ કે છૂટા કુટુંબો પાસ મેળવવા માટે digitalgujarat.in પર પુરાવા સહિત અરજી કરી શકશે. એજ રીતે અન્ય રાજયના મજૂરો અને કારીગરોના જૂથે પણ આંતરરાજય પ્રવાસ માટે જરૂરી પાસ માટે ડીજીટલ ગુજરાતના પોર્ટલ digitalgujarat.in પર અરજી કરવાની રહેશે. આવા આંતરરાજય પ્રવાસ કરનાર મજદૂરોએ તબીબી તપાસ કરાવવી ફરજિયાત છે. આ માટે જિલ્લાની પી.એચ.સી., સી.એચ.સી., અર્બન કલીનીક, આયુષ કલીનીક અને મામલતદાર કચેરી ખાતે આવા શ્રમિકોનું કોવિડ-૧૯ સંદર્ભે ફરજિયાત મેડીકલ સ્કીનીંગ કરાવા માટે ખાસ ટીમો ગોઠવવામાં આવી છે. દરેક તાલુકાની મામલતદાર કચેરી દ્વારા મજૂરોને ટ્રાન્ઝીટ પાસ પર "કોવિડ-૧૯ સીમ્પટમ ફી" ના પ્રમાણપત્રનો સિક્કો તેની વેલીડીટી સાથે મેડીકલ ટીમ દ્વારા લગાવવામાં આવશે. આ પ્રમાણપત્ર મળ્યાના બે દિવસમાં મુસાફરી કરવાની રહેશે. અન્યથા બે દિવસ બાદ આ પ્રમાણપત્ર માન્ય રહેશે નહી અને નવેસરથી પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. આંતરરાજય પ્રવાસ કરવા માંગતા મજૂરોના જૂથ માટે તેમના રાજય દ્વારા સૂચના આપવામાં આવે ત્યારે જ તેઓ મુસાફરી કરી શકશે.

નાગરિકોને આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવા બનાસકાંઠા કલેક્ટરે કરી અપીલ

બનાસકાંઠા

જિલ્લાના તમામ નાગરિકોને આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવા કલેક્ટર સંદીપ સાગલેએ અનુરોધ કર્યો છે. નોવેલ કોરોના વાઈરસ (કોવિડ-૧૯)ના સંક્રમણને અટકાવવા માટે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આરોગ્ય સેતુ એપની જાહેરાત કરી હતી. આ સાથે દેશના તમામ લોકોને કોરોના વાઈરસ એટલે કે કોવિડ-૧૯ના સંક્રમણથી બચવા માટે આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવાની ભલામણ પણ કરી હતી. લોકોના આરોગ્યના જાત પરીક્ષણ અને કોરોના વાઈરસ અંગેની જાણકારી ઘેરબેઠાં મળી રહે,

તે માટે કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગ દ્વારા તા. ૨ એપ્રિલના રોજ આરોગ્ય સેતુ નામની મોબાઈલ એપ શરૂ કરવામાં આવી છે. દેશની ૧૧ ભાષાઓમાં ઉપલબ્ધ આરોગ્ય સેતુ એપમાં કોરોના વાઈરસ સબંધિત કોવિડ-૧૯ના સંક્રમણને લગતા જોખમો અને તેનું સચોટ વિવરણ કરવામાં આવ્યું છે.મોબાઈલ લોકેશન અને સામાજિક ગ્રાફની મદદથી કોરોના સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવ્યા છો કે કેમ?

તેવી તમામ માહિતીનો આરોગ્ય સેતુ એપમાં સમાવેશ કરાયો છે. રાજયના મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ પણ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરી રોગના સંક્રમણથી બચવા જનસમુદાય પાસે સહકાર માંગ્યો હતો.આરોગ્ય સેતુ એપને બનાસકાંઠા જિલ્લામાં સારો એવો પ્રતિસાદ મળ્યો છે. બનાસકાંઠા જિલ્લાના લોકોએ પણ પોતાના આરોગ્યની જાળવણી માટે જાગૃત થઈ રવિવાર તા. ૨ મે સુધી ૧,૬૩,૫૪૧ લોકોએ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરી પોતાની જાતને સુરક્ષિત બનાવી છે. જયારે ૪,૪૮૫ લોકોએ સ્વ-પરીક્ષણ કરાવી પોતાના જીવનને સુરક્ષિત કરવા માટે કટીબદ્ધ બન્યા છે.

દહેગામ લોકડાઉનમાં પાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર સહિત ૩ જુગાર રમતા ઝડપાયા, ૨ ફરાર

દહેગામ

કોરોના વાઈરસના ફેલાવાને કારણે હાલ લોકડાઉનનો ત્રીજો તબક્કો ચાલી રહ્યો છે. ત્યારે લોકો ટાઈમ પસાર કરવા માટે હવે જુગારના રવાડે ચડ્યા હોય તેવા કિસ્સા સામે આવી રહ્યા છે. દહેગામ નગરપાલિકામા સેનેટરી ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા શખ્સ સહિત ત્રણ લોકો જુગાર રમતા ઝડપાયા છે. જ્યારે બે લોકો ફરાર થઈ ગયા હતા. આ સાથે આશ્ચર્ય લોકોને થઈ રહ્યું છે કે, પોલીસે સ્થળ પરથી વાહનો જપ્ત કર્યા નથી.

મળતી માહિતી મુજબ, દહેગામના ઈન્દિરા નગર વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન કેટલાક લોકો કુંડાળું કરીને જુગાર રમી રહ્યા હતા. હવે પોલીસે આ જગ્યા પર રેડ કરતા ત્રણ લોકો પકડાયા હતા. જેમાં દિપક મનુભાઈ અમીન દહેગામ નગરપાલિકામાં સેનેટરી ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવે છે. પ્રવીણ કનુભાઈ પ્રજાપતિ રહે દહેગામ અને રણજીત ફુલાભાઈ બારૈયા રહેવાસી સાણોદાને ઝડપી લેવામાં આવ્યા હતા. જ્યારે માસંગજી પોપટજી ઠાકોર અને અનિલ ગોસ્વામી (બંને રહે સાણોદા) ફરાર થઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી દાવ પર લગાવેલા અને અંગજડતી કરી કુલ રૂપિયા ૨૭,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પટેલ પરિવારના ત્રણ સભ્યો કોરોનાના કપરા કાળમાં બન્યા છે ફ્રન્ટ વોરિયર્સ

અમદાવાદ

કોરાનાની સંકટની આ ઘડીમાં આરોગ્ય કર્મચારીઓ પોલીસ અને અન્ય સરકારી કર્મચારીઓ પરિવારની ચિંતા કર્યા વિના દેશના નાગરિકોની જીવ બચાવવા મેદાને છે. કોરોના સામેની લડાઈમાં ઘણા આરોગ્ય કર્મચારી પોલીસ અને શિક્ષક સુધીના લોકો સંક્રમિત થયા છે અને હોસ્પિટલના બિછાને સારવાર લઈ રહ્યાં છે. તેઓને પરિવાર ચિંતામાં છે, પણ હજુ આ કોરોના વોરિયર્સે પાછુ વળીને જોયુ નથી. આવા જ એક પટેલ પરિવારની વાત આપણે કરીશું. બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના આતરોલ ગામના પટેલ પરિવારની ખેતી સાથે સંકળાયેલા આ પરિવારના ત્રણ સભ્યો સરકારી કર્મચારી છે.

જેઓ હાલ કોરોનાના કપરા કાળમાં ફ્રન્ટ વોરિયર્સ તરીકે ફરજ બજાવી રહ્યાં છે. પટેલ પરિવારમાં એક સભ્ય આરોગ્ય કર્મચારી છે અને બે સભ્યો પોલીસ કર્મચારી છે. દરઘાભાઈ પટેલ બનાસકાંઠાના રામપુરા પબ્લિક હેલ્થ સેન્ટરમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવે છે. ફરજ દરમ્યાન તેઓ કોરાના સંક્રમીત થયા અને ગઈકાલે તેમને હોસ્પિટલથી સાજા થઈને પરત પણ ફર્યા. તેમના મોટા ભાઈ ભારમલ ભાઈ પટેલ વડોદરા પોલીસમાં ફરજ બજાવે છે.

તેઓ હાલમાં પાદરા વિસ્તારમાં લોકડાઉનનુ પાલન કરાવવા માટે પોલીસ બંદોબસ્તમાં ગોઠવાયેલા છે. તેમના પત્ની લીલાબેન પાલનપુરના ગઢ પોલીસ મથકમાં ફરજ બજાવે છે. પરિવારમાં એક સભ્ય આરોગ્ય કર્મચારી કોરોના સંક્રમિત થયો હોવા છતાં તેઓ પોતાની ફરજ ચૂક્યા નથી અને કોરાના વોરિયર્સ તરીકે સમાજની સેવામાં ખડેપગે છે. ચોંકાવનારી વાત એ છે આ બંને ભાઈનાં માતા ગળાની ગંભીર બીમારીથી પિડાઈ રહ્યા છે. ત્યારે પરિવારના ત્રણ સભ્યો કોરોના વોરીયર્સ તરીકે મેદાનમાં છે.

ભાવનગર લોકડાઉનમાં સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળ ૬૮૩ કામો શરૂ

ભાવનગર

લોકડાઉન વચ્ચે પણ આગામી ચોમાસાને ધ્યાનમાં રાખી અને ત્રીજા વર્ષે પણ સુજલામ સુફલામ યોજનાને અમલી બનાવવામાં આવી છે. ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૮થી શરુ થયેલી સુજલામ સુફલામ યોજનામાં ૨૦૨૦માં પાણીની સમસ્યાના નિવારણ માટે તળાવ-નદીઓ અને ચેકડેમોને ઊંડા કરવા તેમજ સાફસફાઈ કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું જેમાં લોકભાગીદારી થી રૂ.૧૫ કરોડના ખર્ચે ૬૮૩ જેટલા કામો ભાવનગર જિલ્લામાં હાથ ધરવામાં આવ્યા છે.

પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ થાય અને પાણીનો ખોટો વ્યય ન થાય અને જળસંચયની ક્ષમતામાં વધારો થાય તે જરૂરી છે. જેની જવાબદારી વહીવટીતંત્ર અને લોકોની સામુહિક બને છે. ગત ચોમાસું સારું રહેતા આ વર્ષે હજુ પાણીનો પોકાર ખૂબ ઓછો જોવા મળી રહ્યો છે. ત્યારે આવનારા સમયમાં રાજ્યમાં પીવાના પાણીની મુશ્કેલી ન પડે તે અંગે રાજ્ય સરકાર દ્વારા સતત ત્રીજા વર્ષે સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૦ હાથ ધરવામાં આવ્યું છે. લોકડાઉન વચ્ચે પણ ભાવનગર જિલ્લાના તમામ તાલુકાઓમાં ૧૫ કરોડ કરતા વધુ રકમના ખર્ચે ૬૮૩ જગ્યાઓ પર તળાવ, નદીઓ અને ચેકડેમોને ઊંડા ઉતારવાની મંજૂરી આપી દેવામાં આવી છે. જેમાં હાલ ૮૮ જગ્યાઓ પર સ્થાનિક લોકો અને મશીનરી દ્વારા તળાવો ઊંડા ઉતારવામાં આવી રહ્યા છે. જેસીબી મશીનો દ્વારા તળાવને ઊંડા ઉતારવામાં આવી રહ્યા છે તેમજ તેમાંથી નીકળતી માટીને ખેડૂતો ટ્રેક્ટર અને ટ્રક દ્વારા પોતાના ખેતરોમાં પુરાણ માટે લઈ જાય છે. લોકડાઉન વચ્ચે અનેક ઉદ્યોગપતિઓ પોતાના વતનમાં હોય અને જેથી વતનનું ઋણ અદા કરવા તેઓ સામેથી જ સરકારમાં ૪૦ ટકા રકમ જમા કરાવી પોતાના વિસ્તારના તળાવો-ચેકડેમો અને નદીઓને ઊંડી ઉતારવાના કામોમાં સહભાગી બની રહ્યા છે.

કોરોના કેસો રાજ્યમાં ૫ હજાર પાર થતા તંત્રનો વધુ કડક નિર્ણય

૬ પાલિકા અને ૬ મહાનગરપાલિકા વિસ્તારોમાં લોકડાઉન ૩.૦માં કોઈ છૂટછાટ નહિ

વાળંદની, ચાની દુકાન થતા બ્યુટી પાર્લરને કરાશે ચાલુ, બે અઠવાડિયા સુધી પાન-મસાલાની દુકાનો બંધ

ગાંધીનગર

સીએમઓના સચિવ અશ્વિની કુમારે સરકારના નિર્ણયો અંગે માહિતી આપતા જણાવ્યું કે, ગઈકાલે સાંજે મુખ્યમંત્રી ની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. મહાનગરોમાં કોરોનાનાં કેસ વધુ છે, જેના કારણે લોકડાઉનનું ચુસ્ત પાલન કરવું પડશે. રાજય સરકારે કોરોનાગ્રસ્ત શહેરોને જિલ્લાઓમાં વધુ કડકાઈનો નિર્ણય કર્યો છે. અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર, ગાંધીનગર જેવા મહાનગરોમાં કોઈ છૂટછાટ નહિ અપાય. રાજકોટ ભલે ઓરેન્જ ઝોનમાં હોય, પણ રાજકોટ મહાનગરને પણ રેડ ઝોન જ લાગુ રહેશે. રાજકોટ શહેરને પણ કોઈ વધુ છૂટછાટ નહિ અપાય. આગામી ૨ અઠવાડિયામાં કોરોનાનું સંક્રમણ ઘટાડી બહાર આવવાનો લક્ષ્યાંક બનાવાયો છે. ૬ નગરપાલિકા વિસ્તારોમાં પણ કોઈ છૂટછાટ નહિ. બોટાદ, બોપલ, ગોધરા, ઉમરેઠ, ખંભાત, બારેજા નગરપાલિકા વિસ્તારોમાં પણ પ્રતિબંધ યથાવત રહેશે.

શું છૂટછાટ મળશે, અને શું નહિ...

અશ્વિની કુમારે જણાવ્યું કે, કોઈ પણ ઝોનમાં છૂટ નહિ મળે.

દારૂની પરમીટ દુકાનો પણ બંધ રહેશે.

પાન માવા-મસાલાની દુકાનો બંધ રહેશે. બે અઠવાડિયા સુધી પાન મસાલાની દુકાન રાજયમાં સંપૂર્ણ બંધ રહેશે.

ઓરેન્જમાં છૂટછાટ આપવામાં આવી છે.

વાળંદની દુકાન, ચાની દુકાન, બ્યુટી પાર્લરને પણ ચાલુ કરવામાં આવશે

જે દુકાનો મોલમાં નથી કે ગીચ વિસ્તારમાં નથી તેવી દુકાનો ખોલી શકાશે

ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં ટેક્સી અને કેબની સેવાઓ પણ ચાલુ કરી શકાશે. જોકે તેના માટે વન પ્લસ ૨ ના નિયમનું પાલન કરવું પડશે

એસ.ટી.ની બસ ૫૦% ની કેપિસિટી સાથે ચાલુ રાખવાની રહેશે

૩૦થી વધુ મુસાફરોને બેસાડી શકાશે નહિ

લોકડાઉન ત્રીજી વખત વધારવામાં આવ્યું છે, ત્યારે પાસ માટે કે અન્ય માટે અપ્લાય કરવાનું રહેશે નહિ. જે અગાઉ જિલ્લા કલેકટર દ્વારા પાસ આપવામાં આવ્યા છે તે જ ચાલશે. અમદાવાદ, વડોદરા, સુરત, ગાંધીનગર, ભાવનગર અને રાજકોટ જેવા ૬ શહેરી વિસ્તારમાં લોકડાઉનનું કડકપણે પાલન કરાવવામાં આવશે. દૂધ, દવા, કરિયાણા, શાકભાજી સિવાયની દુકાનો ચાલુ કરવા દેવામાં આવશે નહિ. જૂનાગઢ અને જામનગર સહિતના શહેરી વિસ્તારોમાં લોકોને તબક્કાવાર રીતે સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે છૂટ આપવામાં આવશે. જેમાં ૬ મહાનગરપાલિકા અને ૬ નગરપાલિકા સિવાયના વિસ્તારો છે. ગ્રીન ઝોનમાં જ એસટીની સેવાઓ ચાલુ કરવામાં આવશે.

તેમણે જણાવ્યું કે, હિન્દુઓના તહેવારોમાં પોલીસ તંત્ર દ્વારા અને સ્વેચ્છાએ નાગરિકો દ્વારા ઉજવણી બંધ રાખવામાં આવી હતી. તેવી જ રીતે રમઝાન માસમાં પણ મુસ્લિમ ભાઈઓને અપીલ છે કે ઘરમાં રહીને જ રમઝાન ઉજવે. પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા શક્તિથી પાલન કરાવવામાં આવશે. જે પ્રકારે કેસો અને મૃત્યુનું પ્રમાણ વધી રહ્યું છે, તે જોતા મુસ્લિમ બિરાદરોને અપીલ કરીએ છીએ કે ઘરમાં રહીને તહેવાર ઉજવે. રાત્રે સાત વાગ્યાથી સવારે સાત વાગ્યા સુધી ઘરની અંદર જ રહેવાનું રહેશે. કોઈને પણ બહાર અવરજવર કરવા દેવામાં આવશે નહિ. તેનું સખતાઈથી પાલન કરવા માટે વહીવટી તંત્રને સૂચના આપવામાં આવી છે.

અમદાવાદ-ગાંધીનગરમાં હોસ્પિટલો પર પુષ્પવર્ષા અને વિધાનસભા પર વાયુસેનાના લડાકુ વિમાનની ફલાય પાસ્ટ

ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ પર વાયુ સેનાનાં MI-17 V5 હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા

પોરબંદરમાં કોરોના વોરિયર્સનો આભાર માનવા જહાજ પર કરાઈ રોશની-આતશબાજી

ગાંધીનગર

સમગ્ર દેશમાં કોરોનાનો કહોર યથાવત છે. ત્યારે વાયુસેના દ્વારા કોરોના યોદ્ધાના માનમાં પુષ્પવર્ષાનું આયોજન કરવામાં આવ્યુ. ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ પર MI-17 V5 હેલિકોપ્ટર દ્વારા આજે સવારે ૧૦.૫૫ કલાકે પુષ્પ વર્ષા કરવામાં આવી. ઉલ્લેખનીય છે કે કોરોના વાયરસ સામેની લડાઈમાં ડોક્ટર્સ, નર્સ સહિત સફાઈ કર્મચારીઓ ફ્રન્ટલાઈનના યોદ્ધાની જેમ કામ કરી રહ્યા છે. દેશમાં આજે કોરોનાના કર્મવીરોને સરહદના શૂરવીરો દ્વારા સલામી આપવામાં આવી. ત્યારે સેનાની ત્રણેય પાંખ દ્વારા કોરોનાની લડાઈ સાથે સંકળાયેલા ડોક્ટર્સ, નર્સ, મેડિકલ સ્ટાફ સહિતના લોકોનું ફલાઈ પાસ્ટ દ્વારા સન્માન કરવામાં આવ્યુ છે.

પોરબંદર

દેશભરના કોરોના વોરિયર્સનું લશ્કરની ત્રણેય પાંખ દ્વારા અભિવાદન કરવામાં આવી રહ્યું છે. ત્યારે ગુજરાત કોસ્ટ ગાર્ડ દ્વારા પણ પોરબંદર સહિતના રાજ્યના વિવિધ બંદરો પર તૈનાત જહાજ પર રોશની તેમજ આતશબાજી કરવામાં આવી. કોરોના વોરિયર્સના સન્માનમાં બંદર પર તૈનાત તમામ જહાજ રોશનીથી ઝળહળા થઈ ઉઠ્યા.

અમદાવાદમાં વાયુસેના દ્વારા કોરોના યોદ્ધાના માનમાં પુષ્પવર્ષાનું આયોજન કરવામાં આવ્યુ છે. અમદાવાદની બીજે મેડિકલ કોલેજ પર સવારે સેનાના MI-17 હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા કરવામાં આવી. કોરોના સામેની લડાઈમાં ડોક્ટર્સ, નર્સ સહિત સફાઈ કર્મચારીઓ ફ્રન્ટલાઈનના યોદ્ધાની જેમ કામ કરી રહ્યા છે. જેમના કાર્યને બિરદાવવા માટે સેના દ્વારા ફલાઈ પાસ્ટનું આયોજન કરવામાં આવ્યુ છે.

મહત્વનું છે કે દેશમાં આજે કોરોનાના કર્મવીરોને સરહદના શૂરવીરો દ્વારા સલામી આપવામાં આવી હતી. ત્યારે સેનાની ત્રણેય પાંખ દ્વારા કોરોનાની લડાઈ સાથે સંકળાયેલા ડોક્ટર્સ, નર્સ, મેડિકલ સ્ટાફ સહિતના લોકોનું ફલાઈ પાસ્ટ દ્વારા સન્માન કરવામાં આવ્યું છે.

ઈતિહાસમાં પ્રથમ વાર કોઈ ઉત્સવ ન હોવા છતાં હેલીકોપ્ટરોનો ગુંજ્યો અવાજ

ભારતીય વાયુસેના દ્વારા પુષ્પવર્ષા કરી કોરોના વોરિયર્સ સહીત લોકોમાં ઉત્સાહ વધારાયો

અમદાવાદ

એશિયાની સૌથી મોટી ગણાતી અમદાવાદ સિવિલ હોસ્પિટલ તથા એસ.વી.પી હોસ્પિટલ ઉપર પણ આજે સવારે ભારતીય વાયુસેનાના લડાકુ વિમાનોએ પુષ્પ પાંખડીઓ વરસાવીને કોરોના વોરિયર્સની સેવાને બિરદાવી હતી. ઉપરથી પુષ્પવર્ષા અને નીચે સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાં હમારા...ની ધૂન વાગતી હતી. જ્યારે ૧૧.૨૫ વાગે ફલાઈટ પ્લેન વિધાનસભા પરથી ફલાય પાસ્ટ કર્યું હતું. અમદાવાદની સિવિલ હોસ્પિટલ પરિસરમાં ૧૨૦૦ બેડની કોવિડ હોસ્પિટલમાં તથા એસવીપી હોસ્પિટલમાં કોરોના વાઈરસના અનેક દર્દીઓનો ઈલાજ કરાઈ રહ્યો છે. આ દર્દીઓની સેવા સુશ્રુષા માટે અનેક તબીબો, નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ અને સેવકો છેલ્લા કેટલાય દિવસોથી કાર્યરત છે. ત્યારે તેમની આ સેવાના સન્માન રૂપે ભારતીય વાયુસેનાની આ પુષ્પ વર્ષાએ તેમના સેવા જુસ્સાને બુલંદ બનાવ્યો હતો. કોરોના સામેની જંગ લડી રહેલા તબીબી કર્મચારીઓ અને નર્સનો આભાર માનીએ તેટલો ઓછો છે. આવા સમયે ભારતીય વાયુસેનાએ સમગ્ર રાષ્ટ્ર વતી સૌ કોરોના વોરિયર્સનો વિશિષ્ટ આભાર માનીને તેઓનું મનોબળ વધાર્યું છે. ભારતીય વાયુસેનાનું બેન્ડ અમદાવાદ સિવિલ પહોંચ્યું હતું. ત્યાં સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાન હમારાની ધૂન સાથે કોરોના વોરિયર્સને સલામી આપવામાં આવી છે. એરફોર્સના હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા કરવામાં આવી હતી.



વડોદરામાં પણ કોરોના વોરિયર્સ માટે બેન્ડ વગાડાયું

વડોદરામાં કોરોના વોરિયર્સનું સન્માન કરાયું. સયાજી હોસ્પિટલમાં તબીબોનું સન્માન કરાયું હતું. આર્મીના જવાનોએ આર્મી બેન્ડ વગાડી કોરોના વોરિયર્સનું સન્માન કર્યું હતું. કોરોનાના દર્દીઓ માટે બનાવેલ આઈસોલેશન વોર્ડ બહાર બેન્ડ વગાડવામાં આવ્યું હતું. વડોદરા પાલિકાના આરોગ્ય અધિકારી પણ હાજર રહ્યા હતા. ઈન્ડિયન આર્મીએ 'સેલ્યુટ કોરોના વોરિયર્સ'ના બેનર લગાવીને કોરોના વોરિયર્સનો ઉત્સાહ વધાર્યો હતો.

૧૧ વિસ્તારમાં ૨૧ દિવસમાં એક પણ કેસ ન નોંધાતા કમિશનરનો નિર્ણય

વડોદરા

મહાનગરપાલિકાએ જાહેર કરેલા આંકડા પ્રમાણે વડોદરા શહેર અને જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૩૫૦ ઉપર પહોંચી ગઈ છે. ગઈકાલ સુધીમાં મૃતકોનો આંક ૨૩ પર પહોંચી ગયો છે. દરમિયાન પૂર્વ, ઉતર, પશ્ચિમ અને દક્ષિણ ઝોનના ૧૧ વિસ્તારમાં છેલ્લા ૨૧ દિવસમાં એક પણ કેસ ન નોંધાતા રેડઝોનમાંથી ઓરેન્જ ઝોન હેઠળ મૂકવાનો મહાનગરપાલિકા કમિશનરે નિર્ણય લીધો છે.ગત રોજ નવા નોંધાયેલા ૨૬ કેસ શહેરના જુદા જુદા ૧૪ વિસ્તારોમાં કોરોનાએ સપાટો બોલાવ્યો હતો. જ્યારે પહેલીવાર નાગરવાડામાં માત્ર ૨ જ કેસો નોંધાયા હતા. માંજલપુરની અવધૂત સોસાયટી અને પ્રતાપનગર પોલીસ લાઈનમાં કોરોના વાઈરસના પહેલા સંક્રમિતો નોંધાયા હતા. દરમિયાન આજે આર્મી બેન્ડ દ્વારા એસ એસ જી હોસ્પિટલ ખાતે કોરોના વોરિયર્સનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

અમદાવાદમાં કોરોનાનો કેર વધવાને પગલે AMCનો નિર્ણય

આંબડકર બ્રિજ અને સરદાર બ્રિજ/જમાલપુર બ્રિજ કરાયા બંધ

અમદાવાદ

ગુજરાતમાં કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે. ત્યારે અમદાવાદ શહેર હોટસ્પોટમાં છે. અત્યાર સુધી અમદાવાદમાં કોરોના પોઝિટિવ કેસનો આંકડો ૩,૫૪૩ એ પહોંચ્યો છે જ્યારે કુલ ૧૮૫ લોકોના મોત થયા છે. ગુજરાતની વાત કરીએ તો પોઝિટિવ કેસોનો આંકડો ૫૦૦૦ને પાર ૫,૦૫૪ પર પહોંચ્યો છે. જ્યારે કુલ ૨૬૨ લોકોના મોત થયા છે. અમદાવાદમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં દિવસે દિવસે અઢળક વધારો થઈ રહ્યો છે. લોકડાઉન હોવા છતાં પણ કોરોના સંક્રમણ પર નિયંત્રણ મેળવવું તંત્ર માટે એક મોટો પડકાર સાબિત થઈ રહ્યો છે. ત્યારે હવે એવા સમાચાર આવ્યા છે કે અમદાવાદ ખાતે વધુ બે બ્રિજ બંધ કરવામાં આવ્યા છે. માહિતી મુજબ પોલીસે આંબડકર બ્રિજ અને સરદાર બ્રિજ/જમાલપુર બ્રિજ બંધ કર્યા છે. વાહનોની અવર-જવર અટકાવવા પોલીસે બ્રિજ બંધ કરવાનો નિર્ણય કર્યો છે.

આ નિર્ણય સાથે હવે શહેરના માત્ર ૩ જ બ્રિજ પરથી અવર જવર થશે. સુભાષ બ્રિજ, એલિસબ્રિજ અને શાસ્ત્રી બ્રિજ ચાલુ રહેશે. આપણે જણાવી દઈએ કે અમદાવાદ પોલીસે આ અંગે એક ટ્વીટ કરી માહિતી આપી છે. શહેરના જમાલપુર બ્રિજ અને આંબેડકર બ્રિજ પર વાહન વ્યવહાર સંપૂર્ણ રીતે બંધ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા નહેરૂ બ્રિજ, ગાંધી બ્રિજ અને દધીચી બ્રિજને પણ વાહન વ્યવહાર માટે સંપૂર્ણ રીતે બંધ રાખવામાં આવ્યા હતા.

માહિતી મુજબ પોલીસના આ નિર્ણય સાથે સુભાષબ્રિજ, એલિસબ્રિજ, જમાલપુર બ્રિજ અને આંબેડકર બ્રિજનો એક રોડ જ ચાલુ રાખવામાં આવ્યો હતો. જ્યારે હવે જમાલપુર અને આંબેડકર બ્રિજને સંપૂર્ણ રીતે બંધ કરી દેવામાં આવ્યા છે. આપણે જણાવી દઈએ કે અમદાવાદમાં ગઈકાલે એટલે કે શનિવારે કોરોના સંક્રમણથી વધુ ૨૦ લોકોના મોત થયા હતા. એક જ દિવસમાં એક સાથે ૨૦ લોકોના મોતની શહેરમાં આ પહેલી ઘટના છે.

દેશમાં કે વિદેશમાં ફસાયેલા ગુજરાતીયોને પરત લાવતા સરકારની પહેલ

collector-ahd@gujarat.gov.in પર તમામ માહિતી ઈ-મેઈલ કરવાની રહેશે

અમદાવાદ

જેમ ગુજરાત રાજયમાં ફસાયેલા પરપ્રાંતીયોને તેમના વતન મોકલવાના સરકાર દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમજ અન્ય રાજ્યો કે વિદેશમાં ફસાયેલા ગુજરાતીઓ માટે પણ પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. સરકારે ગુજરાતીઓને પરત લાવવા માટે કામગીરી શરૂ કરી છે. ત્યારે અમદાવાદના ફસાયેલા પ્રવાસીઓ માટે અમદાવાદ કલેક્ટર દ્વારા મહત્વની જાહેરાત કરવામાં આવી છે. જેથી તમારા કોઈ સ્વજન ફસાયા હોય તો તમે તેમની મદદ કરી શકો છો.

લોકડાઉનને પગલે અમદાવાદના અનેક નાગરિકો ક્યાંકને ક્યાંક ફસાયા છે. કોઈ વિદેશોમાં તો કેટલાક વિદ્યાર્થીઓ અન્ય રાજ્યોમાં, નોકરી ધંધાર્થે કામે ગયેલા લોકો પણ ફસાયા છે. આવા લોકોને હવે પરત લાવવા માટે એક આશા જાગી છે. અમદાવાદના કલેક્ટર દ્વારા વિદેશમાં ફસાયેલા અમદાવાદ જિલ્લાના ભારતીય વિદ્યાર્થી/ ટુરિસ્ટ/ બિઝનેઝ ટ્રાવેલર્સ તથા અન્ય વ્યક્તિ કે જે ભારત પરત ફરવા માગતા હોય તેમની સંપૂર્ણ વિગતો મંગાવી છે. એક્સલ શીટ અથવા પીડીએફ ફોર્મેટમાં જરૂરી તમામ વિગતો ભરી તમામ માહિતી ઈમેઈલ કરવાની રહેશે. ર્ઙ્ઘક્ષક્ષીર્ઙ્ઘિકરક્ષ્જજ્ઞેદ્ધઠ્ઠિં.ર્ખ્ર્દ્દ.હ પર તમામ માહિતી ઈ-મેઈલ કરવાની રહેશે.

ગઈકાલે રાજય સરકાર દ્વારા મોટી જાહેરાત કરાઈ હતી કે, અન્ય રાજયમાં ફસાયેલા ગુજરાતીઓ પરત આવવા માંગતા હોય તો ૦૭૯-૨૩૨૫૧૯૦૦ પર કોલ કરે. આ ઉપરાંત અન્ય ગુજરાતમાં ફસાયેલા અન્ય રાજ્યોના લોકો માટે પણ સરકારે ગઈકાલે ટ્રેનો દોડાવી હતી. યુપી અને ઓરિસ્સા ટ્રેન દોડાવાઈ હતી. જેમાં હજારોની સંખ્યામાં પરપ્રાંતીયો પોતાના વતન પહોંચ્યા હતા.

ગ્રીન ઝોન દ્વારકામાં ૨ કેસ આવતા રેડ ઝોન જાહેર, બહારથી આવનાર દરેકને કરાશે ક્વોરેન્ટાઈ

બેટ દ્વારકા

ગુજરાતના જે ત્રણ જિલ્લા કોરોના મુક્ત હતા, તેમાં દ્વારકા જિલ્લાનો પણ સમાવેશ હતો. જે ગર્વ લેવાની બાબત હતી. પરંતુ હવે દ્વારકા જિલ્લાને પણ કોરોનામુક્ત ન કહી શકાય. ગઈકાલે ગ્રીન ઝોન દેવભુમિ દ્વારકામાં કોરોનાના ૨ કેસ પોઝિટિવ આવ્યા હતા. જેના બાદ તંત્રમા દોડધામ વધી ગઈ હતી. જેને પગલે સમગ્ર બેટદ્વારકા ક્વોરેન્ટાઈન કરાયું હતું. ત્યારે આજે દેવભૂમિ દ્વારકાને રેડ ઝોન જાહેર કરાયું હતું. આ ઉપરાંત તકેદારીના પગલા ત્વરિત લઈ લેવામાં આવ્યા છે. ડીએમ દ્વારા આદેશ કરાયો છે કે, અન્ય સ્ટેટ માંથી આવનાર વ્યક્તિને ૭ દિવસ માટે ફરજિયાત ગવર્મેન્ટ ક્વોરેન્ટાઈ કરાશે. બેટદ્વારકામાં ચીફ ઓફિસર, પીએસઆઈ, મામલતદાર સહિત ૩ ટીમો બનાવી સતત ૨૪ કલાક ચેકિંગ હાથ ધરાયું છે. બેટ દ્વારકામાં પીએસઆઈ સહિત ટુકડી મૂકાઈ છે. તેમજ અવરજવરના તમામ માર્ગો બંધ કરાયા છે. ડોર ટુ ડોર જીવન જરૂરિયાતચીજ વસ્તુઓ માટે જીફ્ટ દ્વારકા દ્વારા વ્યવસ્થા કરાઈ છે. કોસ્ટગાર્ડ મરીન પોલીસની પણ આ માટે મદદ લેવાઈ છે. બેટદ્વારકાના તમામ વિસ્તારોને સેનિટાઈઝ કરવામાં આવ્યા છે. ૨ પોઝિટિવ વ્યક્તિઓના સંપર્કમાં આવેલ ૯૦ ખાનગી અને ૪૦ સરકારી કર્મચારીઓનું ચેકિંગ કરવાની કાર્યવાહી કરાઈ છે. ૩૫ વ્યક્તિઓ બેટ દ્વારકાથી લઈને દ્વારકા આહીર સમાજમાં ગવર્મેન્ટ ક્વોરેન્ટાઈન કરાયા છે. તેમના સેમ્પલ લેવાની વ્યવસ્થા તાત્કાલિક અસરથી કરાઈ છે. ૨ પોઝિટિવ કેસના આગમનથી દ્વારકા જિલ્લાના સલાયામાં તમામ વેપારીઓની દુકાનો બંધ કરી દેવામાં આવી છે. ગ્રીન ઝોનમાં મોરબી, અમરેલી, પોરબંદર, જૂનાગઢ અને દેવભુમિ દ્વારકા જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ તમામ પાંચ જિલ્લાઓ ગ્રીન ઝોનમાં હતા. જો કે આજે દેવભુમિ દ્વારકા જિલ્લામાં પણ ૨ કોરોના પોઝિટિવ કેસ આવતા તંત્રમાં ચકચાર મચી ગઈ છે. કોરોના કેસ દેવભુમિ દ્વારકામાં કેસ ક્યાંથી આવ્યો તે અંગે પણ તંત્ર દોડતું થયું છે. બેટદ્વારકામાં રાજસ્થાનનાં અજમેરથી બંને લોકો આવ્યા હતા. તેમને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા હતા. દરમિયાન કોરોના પોઝિટિવ આવ્યો હતો. ૪૦ વર્ષીય પુરૂષ અને ૨૮ વર્ષીય મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

ગુજરાતના મુખ્યમંત્રી રૂપાણીએ પણ યુવાનોની કામગીરીને બીરદાવી

પાટડીના બે યુવાનો દ્વારા કોરોના વોરિયર્સને પેઈન્ટિંગ બનાવી કરાયું સન્માન

પાટડી

તાલુકાના આદરીયાણા અને કઠાડાના બે મિત્રો કોરોના વોરિયર્સ માટે વિશાળ રોડ પેઈન્ટિંગ બનાવી અનોખો મેસેજ આપે છે. જેમાં ગાંધીનગર વિધાનસભા-ચ રોડ અને અમદાવાદ નહેરૂનગર અને શાહીબાગમાં એએમસીની પરમિશન લઈને એમણે બનાવેલા ૭૦x૪૦ ફૂટના વિશાળ પેઈન્ટિંગ લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ આ યુવાનોની કામગીરીને બીરદાવી છે.

પાટડી તાલુકાના આદરીયાણા ગામના નાગરભાઈ પ્રજાપતિ અને પાટડી તાલુકાના કઠાડા ગામના અશોક પંચાલ એ બંને અમદાવાદ ચાંદલોડિયા ખાતે રહે છે જેમાં આદરીયાણાના નાગરભાઈ પ્રજાપતિ યુવા અન સ્ટોપેબલ એનજીઓમાં યુવા આર્ટિસ્ટ તરીકે ભારત દેશના દરેક રાજયમાં એજ્યુકેશન પેઈન્ટિંગનું કામ કરે છે. પરંતુ કોરોના વાઈરસના કારણે સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર થયા બાદ રજાઓ પડતા નાગરભાઈને વિચાર આવ્યો કે, કોરોના વોરિયર્સ તરીકે કામ કરતા ડોક્ટરો, પોલીસ, સફાઈ કામદાર અને મીડિયાના લોકોની કામગીરી લોકો સુધી સીધી પહોંચે એ માટેના મેસેજ પેપર વર્ક પર ડિઝાઈન કરી રોડ પેઈન્ટિંગ માટે સૌ પ્રથમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પરવાનગી લઈ કામ શરૂ કર્યુ.

આદરીયાણાના નાગરભાઈ પ્રજાપતિએ કઠાડાના અશોક પંચાલ અને અમદાવાદના લવ વ્યાસની મદદ લઈ ત્રણેય મિત્રોએ કોરોના સામે લડતા યોધ્ધાઓ જેવા કે, ડોક્ટર, નર્સ, પોલીસ, હોમગાર્ડના જવાનો, પત્રકારો અને સફાઈ કામદારોના કામના પેઈન્ટિંગ બનાવવાની સાથે કોરોનાની કેવી રીતે બચી શકાય અને એના માટે શું સાવચેતી રાખવી જેમ કે, ઘરમાં સુરક્ષિત રહો, એક મીટરનું અંતર જાળવો, માસ્ક ફરજીયાત પહેરો, સેનેટાઈઝર કે સાબુથી હાથ ધોવો, સામાજિક અંતર જાળવો અને જાહેરમાં થુંકવુ નહી જેવા ચિત્રો સાથે સૂત્રોના સમાવેશ સાથેના વિશાળ રોડ પેઈન્ટિંગ બનાવ્યા હતા. આ કાર્ય માત્ર જન-જાગૃતિ અને સેવા-સંદેશા અંતર્ગત કોઈપણ જાતનો ચાર્જ લીધા વગર નિઃસ્વાર્થ બનાવવામાં આવ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પણ આ યુવાનોની કામગીરીને બીરદાવી છે.

ICMR દ્વારા ભાવનગરને પ્લાઝમાં થેરાપી અંગે સંશોધનની અપાઈ મંજૂરી

ભાવનગરન

રાજ્ય સરકાર દ્વારા આઈ.સી.એમ.આર પાસે ભાવનગર જિલ્લાને પ્લાઝમાં થેરાપી સંશોધન અંગેની મંજૂરી મળે તે માટે માંગણી કરવામાં આવી હતી અને તેની મંજૂરી મળી ગઈ છે. જે ભાવનગર માટે એક ગર્વની બાબત કહી શકાય. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા ભાવનગર જિલ્લાને પ્લાઝમાં થેરાપી અંગે સંશોધનની મંજૂરી અપાઈ છે. ઉલ્લેખનિય છે કે ભાવનગર મેડિકલ કોલેજ રાજ્યની ત્રીજી અને દેશની બારમી પ્લાઝમાં થેરાપી મંજૂરી મેળવનાર કોલેજ છે.

થરાદ પ્રાથમિક શાળામાં બાળકોને એકત્રિત કરવાના મામલે શિક્ષણ અધિકારીની આચાર્યને નોટિસ

થરાદ

થરાદની આજાવાડા પ્રાથમિક શાળામાં બાળકો ભેગા થયા હતા અને ત્યાં સોશિયલ ડિસટન્સીંગ તેમજ લોકડાઉનના લીરેલીરા ઉડ્યા હતા. આ મામલે થરાદના શિક્ષણ અધિકારીએ શાળાના આચાર્યને નોટિસ ફટકારી અને એક દિવસમાં આ મામલે તેઓ ખુલાસો કરે તેવું શાળાના આચાર્યને કહેવામાં આવ્યું છે અને જો નોટિસ મામલે ખુલાસો કરવામાં નહી આવે તો કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

રાજકોટમાં લોકડાઉનનું પાલન કરનારી ૪ સોસાયટીનું પોલીસ કમિશ્નર દ્વારા સન્માન

રાજકોટ

સમગ્ર દેશમાં કોરોના વાઈરસની મહામારીના કારણે લોકડાઉન કરવામાં આવ્યું છે. ત્યારે પોલીસ દ્વારા પણ લોકડાઉનાનો કડક અમલ કરાવવામાં આવી રહ્યો છે. એવા કેટલાક વિસ્તારોમાં સ્થાનિક અગ્રણીઓ પોતે જ પોતાના વિસ્તારની જવાબદારી લઈને વિસ્તારમાં ચુસ્ત લોકડાઉન કરી રહ્યા છે. રાજકોટ પોલીસ દ્વારા જે સોસાયટીના રહીશો પોતાની સોસાયટીમાં લોકડાઉનનો ચુસ્તપણે અમલ કરાવશે તેવી સોસાયટીના રહેવાસીઓનું સન્માન કરવાનું નક્કી કર્યું હતું.

આ મુજબ લોકડાઉનનો ચુસ્તપણે અમલ કરનારા ૪ સોસાયટીઓને રાજકોટ શહેર પોલીસ દ્વારા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવી છે. રાજકોટ શહેર પોલીસ દ્વારા પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ ચાર ઝોન પાડવામાં આવ્યા છે. આ ચાર ઝોનમાં ૨૫૦ જેટલી સોસાયટીઓને મોનિટરિંગ કરવામાં આવી રહી છે. ત્યારે આ ૨૫૦ જેટલી સોસાયટીઓ પૈકી ૪ સોસાયટીઓના આગેવાનોને લોકડાઉનનું ચુસ્ત અમલવારી કરવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ અંગે પોલીસ કમિશ્નર મનોજ અગ્રવાલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, રાજકોટમાં આગામી દિવસોમાં પણ આ પ્રક્રિયા આગળ ચાલુ રહેશે. સોસાયટીઓને સન્માનીત કરવાનો હેતુ માત્ર એટલો જ છે કે, લોકોમાં જાગૃતિ આવે અને લોકો લોકડાઉનની પ્રક્રિયાનો ચુસ્તપણે પાલન કરે. જેથી કરી કોરોના વાઈરસ સામેના જંગને આપણે સૌ સાથે મળી જીતી શકીએ.

અમદાવાદ જિલ્લાના ૪૬૪ ગામોમાં એક સાથે પહેલી વખત સેનિટાઇઝેશનની મેગા કામગીરી કરવામાં આવી



- **અમદાવાદ જિલ્લામાં સેનિટીઇઝેશનની મેગા ડ્રાઈવમાં ૧૬ લાખ વસતીને આવરી લેવામાં આવી**

(વંદના નીલકંઠ વાસુકિયા) વિરમગામ

કોરોનાના સંક્રમણને અટકાવવા અમદાવાદ જિલ્લા પંચાયત દ્વારા રવિવારે જિલ્લાના તમામ ૪૬૪ ગામોમાં એક સાથે એક જ સમયે સેનિટાઈઝેશનની મેગા ડ્રાઈવ હાથ ધરાઈ હતી. જિલ્લામાં રોગનું સંક્રમણ ન થાય તે માટે વિશેષ તકેદારીના ભાગરૂપે અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી અરુણ મહેશ બાબુની સૂચના અને માર્ગદર્શનને પગલે આ સામૂહિક કામગીરી સંપન્ન કરાઈ હતી. અમદાવાદ જિલ્લામાં સેનિટીઈઝેશનની મેગા ડ્રાઈવમાં ૧૬ લાખ વસતીને આવરી લેવાઈ હતી. ચાંગોદર ગ્રામ પંચાયત દ્વારા સફાઈ કર્મિઓ, આરોગ્ય કર્મચારીઓ, સેનીટાઇઝેશનના કર્મચારીઓ, પંચાયત યોદ્ધા કમિટીના સભ્યોનું જીલ્લા વિકાસ અધિકારી, જિલ્લા મેલેરીયા અધિકારી, સરપંચ, તલાટી દ્વારા પુષ્પ આપી સ્વાગત કરવામાં આવ્યુ હતુ. અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી મહેશબાબુએ જણાવ્યું હતું કે જિલ્લામાં આ રોગનું સંક્રમણ ન વધે તે માટે ખાસ તકેદારી રખાઈ છે અને જિલ્લામાં બહારના લોકોની અવરજવર પર નિયંત્રણ જેવા સર્વગ્રાહી પગલાં લેવાયા છે. તેના પગલે જિલ્લામાં રોગને એક ચોક્કસ લેવલ સુધી અટકાવી રાખી શકવા માં સફળતા મળી છે.એકબીજાના સ્પર્શ કે જાહેર જગ્યાઓ પર લાગેલા વાયરસના કારણે સંક્રમણ ન વધે તે માટે મુખ્ય રસ્તાઓ, ઘરો, ફળિયા એમ સામૂહિક રીતે જંતુ રહિત કરવાની કામગીરી હાથ હાથ ધરાઈ હતી.

અમદાવાદ જિલ્લાના આરોગ્ય વિભાગના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. સતિષ મકવાણા અને મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યું હતું કે અમદાવાદ જિલ્લામાં સંપૂર્ણપણે સેનીટીઈઝેશનની કામગીરી માટે ૧૦૦ ફોગર મશીન, ૧ મોટુ વ્હિકલ વાળું કેનેન ફોગર મશીન, ૩૦૦ જેટલાં નાના પંપ તથા અન્ય ૫૦૦ વાહનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ મેઘા કામગીરીમાં ૨૫૦૦૦ જેટલાં વ્યક્તિઓ કે જેમાં સ્વયં સેવકો, કર્મચારીઓનો ઉપયોગ કરાયો હતો અને ૧૩૫૦૦ લિટર સોડિયમ હાઈડ્રોક્લોરાઈડ ૨૦% દવા વપરાશમાં લેવામાં આવી છે. અમદાવાદ જીલ્લા ના બધાજ ગામ માં સેનીટાઇઝેશન કરવા માં સેવા ભાવિ સામાજિક કાર્યકર મહેશભાઈ પરમાર અને મેઘમણી ઓર્ગેનીક ના માલિક જયંતિભાઈ પટેલ અને આનંદભાઈ પટેલે તથા ભરૂચની શ્રી રામ કેમિકલના કલ્પેશભાઈ એ વિનામૂલ્યે ૩૦,૦૦૦/ લીટર સોડિયમ હાયપોક્લોરાઈડ પૂરું પાડ્યું હતું જે માંથી ૪, ૫૦,૦૦૦/ લીટર સોલ્યુશન બનાવાયું હતું. આ સિવાય પણ મહેશભાઈ પરમાર દ્વારા અમદાવાદ પોલીસ કમિશનર ની કચેરી મા આશરે ૨૩૦૦/લીટર સોડિયમ હાયપોક્લોરાઈડ પૂરું પાડવામાં આવ્યું છે. એટલું જ નહી રેન્જ અમદાવાદ, ખેડા, આણંદની મુખ્ય જિલ્લા પોલીસ કચેરી, નડિયાદ નગરપાલિકા, મહેમદાવાદ મામલતદાર કચેરી, ગોધરા ટી ડી ઓ કચેરી, કાલોલ, મોરવાહડપ ટી ડી ઓ કચેરી ઉપરાંત અ. મ્યુ. કો. દક્ષિણ ઝોન મા પણસોડિયમ હાયપોક્લોરાઈડ પૂરું પાડ્યું છે. આ ઉપરાંત ઝઘડિયા સ્થિત શ્રી રામ કેમિકલ દ્વારા પણ આ પ્રકારનું કેમિકલ પૂરું પાડવામાં આવ્યું છે.

અમદાવાદનાં સફાઈકર્મીનું કોરોનાથી મોત થતા કોંગ્રેસની સરકાર પાસે માંગણી

કોરોના વોરિયર્સને સરકાર આપે ૨૫ લાખની સહાય અને નોકરી

અમદાવાદ

વૈશ્વિક મહામારી કોરોના વાયરસની સામે જંગ લડવા અનેક કોરના વોરિયર્સ મેદાનમાં ઉતર્યા છે. આ જ પ્રકારની જંગ લડવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશના બહેરામપુરા, દુધવાળી ચાલીમાં રહેતા જયંતીભાઈ બાબુભાઈ પરમાર, સફાઈ કામદારની ફરજ દરમ્યાન કોરોના વાયરસનો ચેપ લાગતા દુઃખદ અવસાન પામેલ છે. ત્યારે તેમના પરિવારને સમયસર મદદ મળી રહે તે માટે ગુજરાત વિધાનસભાના વિપક્ષ ઉપનેતા શૈલેષ પરમાર દ્વારા મુખ્યમંત્રી વિજય રૂપાણી ને પત્ર લખીને તેમના પરિવારના વારસદારને ૨૫ લાખની સહાય અને નોકરી આપવા ભલામણ કરવામાં આવી છે.

શૈલેષ પરમારે પોતાના આ પત્રમા જણાવ્યું છે કે, હાલમાં કોરોના વાયરસના કારણે લોકડાઉન છે. કોરોના વાયરસ સામે ખાસ કરીને આરોગ્યના કર્મચારીઓ, પોલીસ જવાનો. સફાઈ કર્મચારીઓ પોતાના અને પરીવારના જોખમ હોવા છતા સિપાહી તરીકે સેવામાં કાર્યરત છે. તેવામાં આવા કોઈ કર્મચારીનું કોરોનાના કારણે દુખઃદ અવસાનના કિસ્સામાં સરકારે તેમના વારસદારને રૂ. ૨૫લાખની સહાય ચુકવવાની જાહેરાત રજય સરકાર દ્વારા કરવામાં આવેલી છે. મારા મત વિસ્તારમાં અમદાવાદ શહેરના બહેરામપુર, દુધવાળી ચાલીમાં રહેતા જયંતીભાઈ બાબુભાઈ પરમાર જેઓ અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનમાં ઈસનપુર વટવા વોર્ડમાં સફાઈ કામદારની ફરજ બજાવતા હતા. જેમનું કોરોના વાયરસનો ચેપ લાગતા ગત ૨૯ એપ્રિલના રોજ દુઃખદ અવસાન થયુ છે. સફાઈ કામદારના પરિવારની આર્થિક પરિસ્થિતિ અત્યંત નબળી છે. તેમજ કોરોનાના કપરા કાળમાં ફરજ બજાવતાં તેમનું કોરોનાનો ચેપ લાગવાથી મૃત્યુ થયું છે. ત્યારે રાજ્ય સરકારે કરેલી જાહેરાત મુજબ મૃતકના વારસદારને રૂ. ૨૫ લાખની આર્થિક સહાય વહેલી તકે ચુકવવા અને તેઓના વારસદારને સરકારી નોકરી પુરી પાડવામાં આવે તે માટે યોગ્ય કાર્યવાહી કરવા ભલામણ સહ વિનંતી છે.

હવે આંતરજિલ્લા અવર-જવરથી કોરોના ફેલાવાની બીકે

ગાંધીનગર જવાના મોટાભાગના રસ્તા બંધ, ચેકપોસ્ટ પર વાહન ચાલકોની નોંધણી

ગાંધીનગર

રાજ્યમાં અત્યાર સુધીમાં કોરોનાના ૫૦૫૬ પોઝિટિવ કેસ નોંધાઈ ચૂક્યા છે અને મૃત્યુઆંક ૨૬૨ થઈ ગયો છે. ગઈકાલે મોડી સાંજે દેવભૂમિ દ્વારકામાં નોંધાયેલા ૨ કેસની આજે સત્તાવાર થેશે. અમદાવાદનો ચેપ ગાંધીનગરમાં ફેલાવાના ડરે પોલીસ એલર્ટ થઈ ગઈ છે. જેને પગલે ગાંધીનગર જવાના મોટાભાગના રસ્તા બંધ કરવામાં આવ્યા છે. માત્ર વૈષ્ણોદેવી સર્કલ અને એપોલો સર્કલથી ગાંધીનગર તરફ જવા દેવામાં આવે છે. તમામ પ્રવેશ પર ચેક પોસ્ટ શરૂ કરવામાં આવી છે. આ ચેક પોસ્ટ પર વાહન ચાલકોના નામ, મોબાઈલ નંબર અને પ્રવેશના કારણ સાથે નોંધણી થઈ રહી છે. ગાંધીનગરમાં IAS અધિકારીઓ અને રાજકારણીઓ રહેતા હોવાથી અમદાવાદનો ચેપ ગાંધીનગરમાં ફેલાવાનો ડર સતાવી રહ્યો છે. અમદાવાદના કારણે ગાંધીનગર પણ હવે કોરોનાનું હોટસ્પોટ બની જાય છે. દિવસે અને દિવસે અમદાવાદ કનેક્શનથી ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોના પોઝિટિવ દર્દીઓનો ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસમાં જ ૩૩ પોઝિટિવ દર્દીઓ નોંધાઈ ચુક્યા છે આ તમામ દર્દીઓને અમદાવાદથી ચેપ લાગ્યો હોવાનું સામે આવી રહ્યું છે. જે પૈકી ગઈકાલે વધુ ૧૮ કેસ સામે આવ્યા હતા. આ સાથે પોઝિટિવ દર્દીઓનો આંકડો ૬૭ થયો છે. આ પહેલા સામાન્ય વહીવટી વિભાગે હોટસ્પોટ, કન્ટેઈનમેન્ટ એરિયા અને રેડઝોનમાંથી આવતા કર્મચારીઓને ગાંધીનગર ન આવવા માટે સૂચના આપી હતી. જેને પગલે હાલ કોરોનાનું હોટસ્પોટ બનેલા અમદાવાદ શહેરમાંથી આવતા કર્મચારીઓને રાહત મળી ગઈ છે. સરકારી વિભાગમાં કોરોના સંક્રમણ ફેલાય નહીં તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે સામાન્ય વહીવટી વિભાગે ઓર્ડર પણ કરી દીધો છે.

અમરેલી લોકડાઉનમાં ભાવનગર નો નકલી ACB ઝડપાતા હાથ ધરાઈ કાર્યવાહી

અમરેલી

વર્તમાન સંજોગોમા સમગ્ર વિશ્વમા કોરોના વાઈરસની વૈશ્વિક મહામારીને અંકુશમા રાખવા ભારત સરકાર દ્વારા લોકડાઉન જાહેર કરવામા આવ્યું છે. આ અંગે અમરેલી કલેકટર દ્વારા જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામાનો ભંગ કરતા શખ્સો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પોલીસ અધિક્ષક નિર્લિપ્ત રાયે જિલ્લાના દરેક પોલીસ અધિકારીને સુચના આપી છે. દામનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા આવેલા શાખપુર ચેક પોસ્ટ પર એક શખ્સ પોતાના હવાલાના બાઈક સાથે આવતા પૂછપરછ કરી હતી. આ શખ્સે ભાવનગર એ.સી.બી.મા હોવાની ખોટી ઓળખ આપી હતી. પરંતુ પોલીસે ખરાઈ કરતા સુનીલ ભગવાન ખેરાળા નામનો શખ્સ હીરાકામ કરતો હોવાનું ખુલ્યું હતું. તે ગારિયાધાર તાલુકાના સાતપડા ગામનો રહેવાસી છે અને આવશ્યક ચીજવસ્તુ સિવાય અન્ય કોઈ ચીજવસ્તુની હેરફેર નહીં કરવા જાહેરનામું હોવા છતા પોતે સોપારી ૨૦૦ ગ્રામ તથા ચુનાના પાર્સલ નંગ ૨૦નો મુદામાલ રાખી હેરફેર કરતો મળી આવ્યો હતો. આ શખ્સ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઇ છે. આ શખ્સે નકલી ઓળખકાર્ડ પણ બનાવી લીધું હતું.

૧.૩૧ લાખ લોકોને ફરજિયાત હોમ ક્વોરન્ટીન કરાયા

સુરતમાં કોરોનાનો કહેર યથાવત, વધુ બે ક્લસ્ટર વિસ્તારો જાહેર કરાયા



સુરત

શહેરમાં કોરોનાનો કહેર દિવસેને દિવસે વધી રહ્યો છે. ત્યારે વરાછા-એ ઝોનમાં ફુલપાડા રેલ્વે ગરનાળાથી લઈને સરસ્વતિ સર્કલથી વલ્લભાચાર્ય મેઈન રોડ થી હિરાબાગ સર્કલથી મેઈન રોડ થઈ કાપોદ્રા ચાર રસ્તાથી કાપોદ્રા ઉતરાણ બ્રિજનો નદી કિનારા બાજુનો તમામ વિસ્તાર ફરજીયાત હોમ ક્વોરન્ટીન કરાયો છે. જેમાં આવતાં કુલ ૨૪૮૬૭ ઘરોમાં રહેતા ૧,૦૭,૭૫૫ લોકોને ક્લસ્ટર તરીકે જાહેર કરી બીજો હુકમ ન થાય ત્યાં સુધી ફરજિયાત હોમ ક્વોરન્ટીનમાં રહેવા પાલિકા કમિશનરે જાહેરનામુ પ્રસિદ્ધ કરી આદેશ કર્યો છે. જ્યારે ઉધના ઝોનમાં પણ ૩૧ હજાર લોકોને ફરજિયાત હોમ ક્વોરન્ટીન કરાયા છે.

ઉધના ઝોનના ભેસ્તાન એચ-૧૫ આવાસના એ-૪૨ થી એ-૪૪ અને એ-૪૯ થી એ-૫૧ માં આવેલા ૯૬ ઘરોમાં રહેતા ૫૦૦ લોકોને ક્લસ્ટર તરીકે જાહેર કરાયા હતાં. જેમાં ફેરફાર કરીને હવેથી એચ-૧૫ આવાસના એથી ઈ બ્લોકમાં આવેલા કુલ ૪૨૦ બિલ્ડીંગમાં આવેલા ૬૮૮૬ ઘરોમાં રહેતા ૩૧૮૬૨ લોકોને ક્લસ્ટર તરીકે જાહેર કરી બીજો હુકમ ન થાય ત્યાં સુધી ફરજિયાત કોરન્ટીનમાં રહેવા આદેશ કર્યો છે. રાંદેર બાદ લિંબાયત, વરાછા-એ અને ઉધના ઝોનમાંથી વધુ કેસ મળતા આ વિસ્તારમાં સંક્રમણ વધારે ફેલાઈ નહીં તે માટે વધારે વિસ્તારો ક્લસ્ટર જાહેર કરાયા છે. અત્યાર સુધીમાં સુરત શહેરમાં ૨૮થી વધુ વિસ્તારોને ક્લસ્ટર જાહેર કરાયા છે.

લોકડાઉનમાં સુરતથી ૬ માસના બાળકનું અપહરણ કરી યુપી જતું દંપતી વડોદરામાં પકડાયું

વડોદરા



લોકડાઉનના માહોલ વચ્ચે સુરતના સચીન વિસ્તારમાંથી છ માસના બાળકનું અપહરણ કરીને ઉત્તરપ્રદેશ જઈ રહેલા દંપતીને વડોદરા નજીક હાઈવે પરથી પોલીસે ઝડપી પડ્યુ હતુ. શ્રમજીવીઓને લઈને ઉત્તરપ્રદેશ જઈ રહેલા ટ્રકમાંથી બાળક સાથે દંપતીને વડોદરા ક્રાઈમ બ્રાન્ચે પકડ્યુ હતુ. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઉત્તરપ્રદેશના ફતેપુરાના ખરસોલા-મલાવ ગામનો વતની અમીતકુમાર ગયાપ્રસાદ ગડદીયા(ઉ.૨૫) અને તેની પત્ની અનિતાદેવી સાથે છેલ્લા કેટલાક સમયથી સુરતમાં મજૂરી કામ કરતા હતા. સુરતના સચીન વિસ્તારમાં રામેશ્વર કોલોની રહીને મજૂરી કામ કરી ગુજરાન ચલાવતું દંપતી લોકડાઉનનો ફાયદો ઉઠાવી પાડોશમાં રહેતા પરિવારનું ઘોડીયામાં સૂઈ રહેલા છ માસના બાળકનું અપહરણ કરીને વતનની વાટ પકડી હતી. આ દંપતી બાળકને વતન સુધી લઈ જાય તે પહેલાં વડોદરા ક્રાઈમ બ્રાંચે દંપતીને અપહ્યત બાળક સાથે ગોલ્ડન ચોકડી પાસેથી ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

અપહરણકાર અનિતાદેવી બિસ્કીટ અપાવવાના બહાને પાડોશીના બાળકને લઈ ગઈ હતી. તે પરત ન ફરતા અપહ્યત બાળકના માતા-પિતાએ તપાસ કરી હતી. તપાસ દરમિયાન અનિતાદેવીનો પતિ પણ મળી ન આવતા તેઓને અનિતાદેવી અને તેનો પતિ અમીતકુમાર લઈ ગયા હોવાની શંકા જતાં સુરત સચિન પોલીસ મથકમાં બાળકના અપહરણની ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદ બાદ સચિન પોલીસને આ દંપતિ બાળકને લઈ વડોદરા તરફ આવ્યું હોવાની જાણ વડોદરા પોલીસને કરી હતી.

અપહ્યત બાળકનું અપહરણ કરીને જતાં દંપતીને શોધી કાઢવા માટે ક્રાઈમ બ્રાંચે તપાસ શરૂ કરી હતી. ક્રાઈમ બ્રાંચના પી.આઈ. જે.જે. પેટલે અપહરણકાર દંપતી અને બાળકના ફોટા સાથે હાઈવે ઉપર તપાસ કરી હતી. તપાસ દરમિયાન અમીતકુમાર અને તેની પત્ની અનિતાદેવીને અપહ્યત બાળક સાથે ગોલ્ડન ચોકડી પાસેથી ઝડપી પાડ્યું હતું. ઝડપાયેલા દંપતિની પોલીસે પૂછપરછ કરતા ચોંકાવનારી વિગતો બહાર આવી હતી.

ગુજરાતમાં પ્રથમ વાર એક સાથે ૪૬૪ ગામડાઓમાં થશે સેનેટીઝીંગની કામગીરી



ગાંધીનગર

ગુજરાતમાં પ્રથમ વખત એક સાથે ૪૬૪ ગામડાઓમાં સેનેટીઝીંગની કામગીરી કરવામાં આવશે. કોરોનાની ચેઈન તોડવા માટે ગલીઓ, રસ્તાઓમાં તથા ઘરોમાં સેનેટાઈઝીંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. અને કુલ ૧૦ તાલુકાના ૪૬૪ ગામ સેનટાઈઝ કરવામાં આવશે. જ્યા ૧૬ લાખની વસ્તીનો સમાવેશ થાય છે. સાથેજ એક ગામમાં ૫ થી ૬ માણસો દ્વારા સેનેટાઈઝીંગ કરવામાં આવશે. ઉલ્લેખનિય છે કે તલાટી, આરોગ્ય ટીમ અને ગ્રામ યોદ્ધા કમિટી પણ આ કામગીરીમાં જોડાશે.

મહીસાગર જિલ્લામાં વધુ ૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા સંખ્યા ૨૩ પર પહોંચી

મહીસાગર

મહીસાગર જિલ્લામાં કોરોનાનો કહેર દિન પ્રતિદિન વધી રહ્યો છે જિલ્લામાં કોરોનાના કુલ ૧૭ કેસ હતા જેમાં આજે બીજા ૬ કેસનો ઉમેરો થતા કુલ ૨૩ કેસ નોંધાયા છે. આ કેસોમાં બાલાસિનોરમાં ૪ અને કડાણામાં ૨ કેસનો વધારો થયો છે. બીજી તરફ છ દર્દીઓ સારા થતા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે, મહીસાગર જિલ્લામાં કોરોનાના અનેક કેસો છતા અત્યાર સુધી મૃત્યુનો એક પણ બનાવ નથી બન્યો.

મહીસાગર જિલ્લામાં આવી રીતે જો કેસની ઝડપ વધી જશે તો મહીસાગર ઓરેન્જ ઝોનમાંથી રેડ ઝોન તરફ જતા વાર નહી લાગે તેવું લાગી રહ્યુ છે. બાલાશિનોરમાં ૪ કોરોનાના દર્દી વધી જતા બાલાસિનોરના ફેલસાણી ગામને કોવીડ-૧૯ કન્ટેઈન્ટમેન્ટ એરીયા તરીકે જાહેર કરવામાં આવ્યુ છે અને આ વિસ્તારમાં તમામ પ્રકારની અવરજવરને પ્રતિબંધિત કરવામાં આવી છે.જ્યારે મહિસાગર જિલ્લાનાં સારવાર થયા પછી છ દર્દીઓનો રિપોર્ટ નેગેટીવ આવત હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

વિજાપુરના રણાસણ ગામે એક લાખનો પાન-મસાલાનો જથ્થો કરાયો સિલ

મહેસાણા

વિજાપુર તાલુકાના રણાસણ ગામે પ્રાથમિક શાળાની બાજુમાં સાચાવાળા વાસના નાકે શ્રી રંગ ફેકટરીમાં માવા માસલાનું ઉત્પાદન અને વહેંચાણ ચાલતું હોવાની બાતમી મળતા વિજાપુર મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીએ પોતાની ટીમ સાથે શ્રી રંગ ફેકટરી ખાતે પહોંચી રેડ કરી હતી.

એક લાખનો પ્રતિબંધિત માવા મસાલાનો જથ્થો સિલ કરાયોઆ રેડ દરમિયાન ફેક્ટરીમાંથી ૨૦ બોરી આખી સોપારી, ૧૦૦ કિલો કટિંગ કરેલી સોપારી, ૪૫ તમાકુના બોક્ષ, ૨૦૦ પેકેટ સોપારી અને ૫૦ પેકેટ સોપારી ભરેલો થેલો મળી આવ્યો હતો. જેથી ફેકટરી મલિક વિષ્ણુભાઈ ભાઈચંદભાઈ પટેલ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.હાલમાં ફેક્ટરીને સિલ કરી દેવામાં આવી છે. એક લાખ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ સિઝ કરી દેવામાં આવ્યો છે. જેથી આ માવાની સામગ્રીનો ઉપયોગ કે વેચાણ થઈ શકે નહિ.

કોરોનાનો કેર જોતા શહેરમાં ગાંધી બ્રિજ, નહેરૂ બ્રિજ, સહીત ૫ બ્રિજ બંધ કરાયા

અમદાવાદમાં મણિનગર સહીત ૧૦ વોર્ડ રેડ ઝોનમાં ૧૦ અધિકારીઓને સોંપાઈ જવાબદારી

શહેરના કુલ મૃત્યુઆંકમાંથી જમાલપુરમાં ૩૩ ટકા

અમદાવાદ

કોરોના વાયરસે ગુજરાતમાં સૌથી વધારે અમદાવાદ શહેરમાં હાહાકાર મચાવ્યો છે. શહેરમાં લોકડાઉન હોવા છતાં પણ દૈનિક ધોરણે કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે અને મૃત્યુઆંકમાં પણ વૃદ્ધિ જોવા મળી રહી છે. શહેરની આ ગંભીર પરિસ્થિતિઓ વચ્ચે આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર વિજય નેહરાએ પ્રેસ કોન્ફરન્સ કરી મહત્વની માહિતી આપી છે. પ્રેસ કોન્ફરન્સમાં નેહરાએ કહ્યું કે કેન્દ્રે માર્ગદર્શક સૂચનાઓ આપી છે. જે સૂચનાઓ આજે રાજ્ય સરકાર બહાર પાડશે. આ સાથે તેમણે મણિનગર વોર્ડને કન્ટેનમેન્ટ વોર્ડ જાહેર કર્યો છે. એટલે કે મણિનગર વિસ્તાર હવે રેડ ઝોનમાં સામેલ થયો છે. આ સાથે શહેરમાં હવે વધુ એક વોર્ડ રેડ ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

નેહરાએ કહ્યું કે ૧૦ કન્ટેનમેન્ટ વોર્ડ માટે ખાસ સિનિયર અધિકારીઓની નિમણૂક કરાઈ છે. અમદાવાદમાં અત્યાર સુધી ૧૦ વોર્ડ રેડ ઝોનમાં છે. આવા ૧૦ વોર્ડ માટે ૧૦ અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. નેહરાએ કહ્યું કે શહેરમાં લોકડાઉનનું સંપૂર્ણ રીતે પાલન નથી થતું. તેથી આ અધિકારીઓ પોલીસ સાથે સંકલન કરશે અને લોકડાઉનના નિયમોનું પાલન કરવા માટે કામગીરી કરશે. આ અધિકારીઓ આગેવાનેને સંપૂર્ણ માહિતી આપશે. ઉપરાંત તેમણે માહિતી આપી કે કોરોના વાયરસના સંક્રમણને ધ્યાનમાં રાખીને શહેરમાં ગાંધી બ્રિજ, નહેરૂ બ્રિજ, દધિચી બ્રિજ, સરદાર બ્રિજ બંધ કરાયા છે. નેહરાએ કહ્યું કે આ સાથે અમદાવાદમાં કુલ ૫ બ્રિજ પર અવર જવર બંધ કરાઈ છે.

જ્યારે સુભાષ બ્રિજ અને એલિસ બ્રિજ પર હાલ વાહન વ્યવહાર ચાલુ રહેશે. આ સાથે વિજય નેહરાએ કોટ વિસ્તાર જ્યાં કોરોનાનું જોખમ વધુ છે ત્યાંના લોકોને લોકડાઉનનું પાલન કરવા અને કામ વગર બહાર ન નીકળવા અપીલ કરી છે. નેહરાએ જમાલપુર વોર્ડના નાગરિકોને ખાસ અપીલ કરી છે કારણે કે ત્યાં કોરોના મૃત્યુઆંક વધારે છે. શહેરમાં કુલ મૃત્યુઆંકમાંથી ૩૩ ટકા મૃત્યુ જમાલપુરમાં થયા છે. નેહરાએ નાગરિકોને અપીલ કરતા કહ્યું કે કોરોનાને લઈ હવે વધારે ગંભીર બનવું પડશે. સાથે નેહરાએ ધાર્મિક, સામાજિક અને રાજકીય આગેવાનોને આગળ આવી કોરોનાને લઈ જન જાગૃતિ ફેલાવવા અપીલ કરી છે.

અમદાવાદમાં વધતા કોરોનાનાં સંકટને પહોંચી વળવા

જે એસ પ્રજાપતિની અમદાવાદના ડેપ્યુટી કમિશનર તરીકે નિમણૂક કરાઈ

અમદાવાદ

શહેરમાં કોરોના વાયરસ સંક્રમણ વધતા સરકાર વધી ચિંતામાં વધારો થયો છે . અમદાવાદનો રેડ ઝોનમાં સમાવેશ થયો છે . શહેરમાં અને જિલ્લામાં કોરોના વાયરસના કેસનો આંકડો ૩ હજારને પાર પહોંચી ગયો છે અને મૃત્યુ દરમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે . ત્યારે રાજ્ય સરકાર દ્વારા ગીર સોમનાથ નિવાસી અધિકી કલેક્ટર તરીકે ફરજ બજાવતા જે એસ પ્રજાપતિની અમદાવાદ શહેરના ૧૦મા ડેપ્યુટી કમિશનર તરીકે કરાઈ છે. શહેરમાં કોરોના વાયરસનું સંક્રમણ વધતા સરકાર દ્વારા વધુ એક ક્લાસ વન અધિકીરીની નિમણૂંક કરાઈ છે. એએમસીમાં અધિકીરીઓમા અને સત્તાધીશોમાં એક ચર્ચા ચાલી છે કે, વર્તમાન કમિશનર વિજય નહેરા અને તેમની ટીમ દ્વારા વર્તમાન પરિસ્થિતિ પર કંટ્રોલ લાવવામાં સફળ રહ્યા નથી. જેથી રાજ્ય સરકાર દ્વારા રાતોરાત નવા ડેપ્યુટી કમિશનરની નિમણૂંક કરવામાં આવી રહી છે. આ પહેલા પણ દિલીપકુમાર રાણાની નિમણૂક ડેપ્યુટી કમિશનર તરીકે કરાઈ હતી. ત્યારે ફરી એક નવી નિમણૂક જે એસ પ્રજાપતિની શહેરના ૧૦મા ડેપ્યુટી કમિશનર તરીકે કરાઈ છે. અધિકારીઓ ગણગણાટ શરૂ થયો છે કે, વર્તમાન ડેપ્યુટી કમિશનર પોતાની ચેમ્બરમાંથી બહાર જ નીકળતા નથી. માત્ર નીચેના અધિકીરીઓને ઓર્ડર કરવા ટેવાયેલા છે.

અગાઉ રહેલા ડેપ્યુટી કમિશનર હર હમેશાં માટે ફિલ્ડમાં જોવા મળતા તેમજ તેઓની અનુભવનો ફાયદો શહેરની જનતાને મળતો હતો. પરંતુ વર્તમાન અધિકીરીઓ અમદાવાદ શહેરમાં ભુગોળ અને સ્થિતિ જાણી શકતા નથી. જેના પગલે તેઓ વર્તમાન સ્થિતિ કંટ્રોલ કરવામાં ઉણા ઉતાર્યા છે. કમિશનર વિજય નહેરા ખૂદ ફિલ્ડમા જતા અનેક વખત જોવા મળે છે. તેમના અનુભવમાંથી તેમની નીચે રહેલા અધિકારીઓ કંઈક સિખ મેળવવી જોઈએ. પરંતુ તેમની ટીમમાં અનુભવનો અભાવ દેખાય છે. જેનું નુકશાન અમદાવાદીઓ આજે અનુભવી રહ્યાં છે .

વડોદરામાં સિટી પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ સહિત નવા ૨૬ પોઝિટિવ કેસ આવતા ફફડાટ

વડોદરા

રાજ્યમાં કોરોનાનું સંક્રમણ વધ્યું છે. ત્યારે વડોદરા શહેરમાં પણ નવા કેસ નોંધાતા ફફડાટ ફેલાયો છે. વડોદરામાં સિટી પોલીસ સ્ટેશનના પીસીઆર વાનના ડ્રાઈવર સહિત આજે કોરોનાના વધુ ૨૫ કેસ નોંધાયા હતા. તે સાથે વડોદરામાં કોરોના પોઝિટિવ કેસનો આંકડો ૩૫૦ થઈ ગયો છે. ખુબ ઝડપથી વધી રહેલા કોરોના પોઝિટિવ કેસના કારણે તંત્રની ચીંતા વધી ગઈ છે. રાવપુરા સંસ્થા વસાહતમાં એક જ પરિવારના ચાર સભ્યો કોરોનાની ઝપેટમાં, વિશ્વામિત્રીમાં કોરોનાની એન્ટ્રી અવધુત સોસાયટીમાં એક કેસ નોંધાયા

આજે નોંધાયેલા કેસમાં સિટિ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ અને પીસીઆર વાનના ડ્રાઈવરનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવતા તેમની સાથે સંપર્કમાં આવેલા સ્ટાફ મેમ્બર્સ તથા પ્રતાપનગર સ્થિત પોલીસ લાઈનમાં રહેતા તેના પરિવારના સભ્યોને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રાવપુરા સંસ્થા વસાહત વિસ્તારમાં રહેતા એક જ પરિવારના ચાર સભ્યોને કોરોના પોઝિટિવનું નિદાન થયુ છે. આ ગીચ વિસ્તારમાં કોરોનાની એન્ટ્રીથી ફફડાટ ફેલાયો છે. જ્યારે વાઘોડિયારોડ પર રામવાટિકા પાછળ આવેલા દત્તનગરમાં અગાઉ એક કેસ નોંધાયો હતો તેના પરિવારના અન્ય સભ્યને પણ કોરોનાનું સંક્રમણ લાગ્યુ છે. જ્યારે વિશ્વામિત્રી વિસ્તારમાં અવધુતનગરમાં પણ એક કેસ નોંધાયો છે. આ વિસ્તારમાં અત્યાર સુધી એક પણ કેસ ન હતો એટલે રોજ નવા વિસ્તારોમાં કોરોના દેખાઈ રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી છે. ઉલ્લેખનિય છે કે અત્યાર સુધીમાં વડોદરામાં ૩૫૦ કેસ નોંધાઈ ચુક્યા છે જેની સામે ૨૪ના મોત થયા છે જ્યારે ૧૪૨ દર્દીઓ સાજા થઈ જતા રજા આપી દેવામાં આવી છે હાલમાં ૧૮૪ દર્દીઓ સારવાર હેઠળ છે જે પૈકી ૭ ઓક્સિજન ઉપર અને ૪ દર્દી વેન્ટિલેટર ઉપર છે.

ડાંગમાં પરપ્રાંતીયોએ વતન જવા ઓનલાઈન અરજી કરવી

આરોગ્યની તપાસ બાદ આવશ્યક પરમીટ મળશે

આહવા

વિશ્વભરમાં પ્રસરેલ નોવેલ કોરોના વાઇરસ COVID ૧૯ ના સંદર્ભે સમગ્ર ભારતમાં લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલયના હુકમ તથા ગુજરાત સરકારશ્રીની સૂચના અનુસાર લોકડાઉનના કારણે ફસાયેલ અથવા રોકાઇ ગયેલ વિદ્યાર્થીઓ, પ્રવાસીઓ,કારીગરો, શ્રમિકો અને અન્ય વ્યક્તિઓને પોતાના વતનમાં જવા મંજૂરી આપવા નિર્દેશ આપેલ છે. જેના અનુસંધાને ડાંગ જિલ્લામાંથી અન્ય રાજયમાં જવા માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી ડાંગ-આહવાને તેમજ ડાંગ જિલ્લામાંથી ગુજરાત રાજયના અન્ય જિલ્લાઓમાં જવા માટે સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી આહવા તથા મામલતદાર અને એક્ઝેક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી આહવા/વઘઇ/સુબીર ને પાસ આપવા અધિકૃત કરવામાં આવેલ છે. જેથી લોકડાઉનના કારણે ડાંગ જિલ્લામાં ફસાયેલ અથવા રોકાઇ ગયેલ વિદ્યાર્થીઓ/પ્રવાસીઓ/કારીગરો/શ્રમિકો અને અન્ય વ્યક્તિઓ ડીજીટલ ગુજરાત પોર્ટલ http://www.digitalgujarat. gov.in પર ઓનલાઇન અથવા ઓફ લાઇન અરજી કરી શકશે.

આવી અરજી કરનાર વ્યક્તિઓએ મેડીકલ ચકાસણી કરાવી COVID 19 સ્ક્રિનિંગ સર્ટીફિકેટની નકલ તથા જરૂરી આધાર પુરાવા રજુ કર્યેથી પાસ/મંજૂરી આપવામાં આવશે. મેડિકલ ચકાસણી માટે નીચે મુજબના કેન્દ્રો નિયત કરવામાં આવેલ છે.(૧) જનરલ હોસ્પિટલ આહવા (૨) સામુહિક આરોગ્ય કેન્દ્ર વઘઇ/શામગહાન/સુબીર (૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાલીબેલ.

આ બાબતે વધુ માહિતી માટે તથા કોઈ પ્રશ્ન હોય તો જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર કલેકટર કચેરી,ડાંગ-આહવાના કંટ્રોલ રૂમના હેલ્પ લાઇન નંબર ૦૨૬૩૧-૨૨૦૩૪૭,૦૨૬૩૧-૧૦૭૭ ઉપર સંપર્ક કરી શકાશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મોંઘવારી ભથ્થુ નહીં આપવાના નિર્ણયનો યુનિયન દ્વારા વિરોધ

સુરત મહાનગરપાલિકાના કર્મચારી મંડળે મીણબત્તી પ્રગટાવી

સુરત

સુરતમાં કોરોના સામે મ્યુનિ.ના કર્મચારીઓ સાથે મળીને લડાઈ લડી રહ્યા છે પરંતુ કેન્દ્ર સરકારના મોંઘવારી ભથ્થા નહીં આપવાના નિર્ણય સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સુરત મ્યુનિ. હજારો કર્મચારીઓ ફિલ્ડમાં ફરીને કોરોના સામે લડાઈ લડી રહ્યા છે ત્યારે યુનિયનના અગ્રણીઓએ મ્યુનિ. કેમ્પસમાં મીણબત્તી સળગાવીને કેન્દ્ર સરકારના નિર્ણયનો વિરોધ કર્યો હતો. કોઈપણ સંજોગોમાં મોંઘવારી ભથ્થુ નહીં આપવાનો નિર્ણય પાછો ખેંચવા માંગણી કરી હતી. મ્યુનિ. કેમ્પસમાં એવી ચર્ચા ચાલી રહી છે કે, આ માટે પહેલાં જ રજૂઆત થઈ ચૂકી છે અને હકારાત્મક અભિગમ જોવા મળ્યો છે. તેથી આવા પ્રદર્શનથી સ્ટાફ પર વિપરીત અસર પડી શકે તેવી ચર્ચા કર્મચારીઓમાં જ સાંભળવા મળી હતી.

સેનિટાઈઝર સ્ટેન્ડ બનાવી સુરત મનપાને અર્પણ કરાયું

સુરત

કોરોના સામેની લડાઈમાં સમગ્ર વિશ્વ સંઘર્ષ કરી રહ્યું છે, રાજ્ય અને કેન્દ્ર સરકારની સાથે સાથે ઔદ્યોગિક સંસ્થાઓ પણ નવીનતમ ટેકનોલોજીનો આવિષ્કાર કરી કોરોનાને માત આપવાની કોશિશ કરી રહ્યા છે. અનેક સંશોધનની મથામણ દ્વારા અવનવા ઉપકરણો શોધી રહ્યા છે, ત્યારે સુરતની પાઈપ મેન્યુફેક્ચરિંગ સાથે સંકળાયેલી જાણીતી કંપની H4Uના માલિક હિતેશભાઈ વાસાણી દ્વારા હાથના કોઈપણ જાતના સ્પર્શ વગર ઉપયોગ કરી શકાય તેવું અને પગથી ઓપરેટ થઈ શકે તેવું સેનિટાઈઝર સ્ટેન્ડ બનાવવામાં આવ્યું છે. આ અનોખું સ્ટેન્ડ તેમણે સુરત મહાનગરપાલિકાના મેયરશ્રી ડો. જગદીશભાઈ પટેલને શહેરીજનોની સુવિધા માટે અર્પણ કર્યું છે.

આ કાર્યમાં જે.સી.આઈ. પ્રાઈડનાના ચિરાગ જરીવાળા તથા જે.સી.આઈ. મેટ્રો સખીના રૂપલ શાહના સહયોગ મળ્યો હતો. સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોશે H4ના શ્રી હિતેશભાઈ વાસાણીની મુલાકાત લઈ તેમના સંશોધનને બિરદાવ્યું હતું.

પીએમ કેસ ફંડમાં રૂ.૬૧ હજારનું દાન

સુરત

વર્તમાન સમયમાં દેશભરમાં કોરોનાની મહામારીના વિકટ સમયમાં સેવાભાવી નાગરિકો સરકારને પોતાના સેવાકીય પ્રયત્નો થકી મદદ કરવાનું ચૂકતાં નથી. કોરોના સામે લડવા દેશના નાગરિકો ખુલ્લાં દિલે સહયોગ આપી રહ્યા છે, ત્યારે સુરતના ચીકુવાડી વિસ્તાર ખાતે આવેલી માતૃછાયા સોસાયટીના સભ્યોએ પી.એમ. કેર્સ ફંડમાં રૂ. ૬૧ હજાર નું યોગદાન આપીને સમાજને પ્રેરણારૂપ કાર્ય કર્યું છે. તેમણે સહાયનો ચેક આરોગ્ય રાજ્યમંત્રીશ્રી કિશોરભાઈ કાનાણીને અર્પણ કર્યો હતો. મંત્રીશ્રીએ માતૃછાયા સોસાયટીની સામૂહિક ભાવના અને સેવાકીય અભિગમને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

વ્યારામાં સાંસદ વસાવાના હસ્તે અનાજ કીટનું વિતરણ

સુરત

"કોરોના"ના સંક્રમણને ધ્યાને લઈને કરાયેલા "લોકડાઉન"ના સમયે જરૂરિયાત પ્રજાજનોને કોઈ તકલીફનો સામનો ન કરવો પડે તે માટે, રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા સસ્તા અનાજની દુકાનો મારફત વિના મૂલ્યે અનાજનો પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે.

જે મુજબ તાપી જિલ્લામાં પણ પાત્રતા ધરાવતા કુટુંબોને રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા વિના મૂલ્યે અનાજ આપવામાં આવ્યું છે. જે પૈકી અન્નબ્રહ્મ યોજનાના લાભાર્થીઓને ૨૩-બારડોલીના સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાના હસ્તે કીટ અર્પણ કરવામાં આવી હતી.

વ્યારા સ્થિત જિલ્લા સેવા સદન ખાતે સાંસદશ્રીના હસ્તે કુલ ૧૧૦ જેટલી કીટ વિતરણ કરવામાં આવી હતી. આ વેળા વ્યારા નગરપાલિકા પ્રમુખ શ્રી મહેરનોશ જોખી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ મેમ્બરશ્રી ડો.જયરામભાઇ ગામિત, કલેક્ટર શ્રી આર.જે.હાલાણી, જિલ્લા વિકાસ અધિકારી કુ.નેહા સિંઘ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી એન.એન.ચૌધરી, જિલ્લા પુરવઠા અધિકારી નૈતિકા પટેલ, પ્રાંત અધિકારી શ્રી જોશી, મામલતદાર શ્રી ભાવસાર સહિતના અધિકારીઓએ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

તાપી જિલ્લાના તમામે તમામ સાત તાલુકાઓ વાલોડ, ડોલવણ, વ્યારા, સોનગઢ, ઉચ્છલ, નિઝર, અને કુકરમુંડાના કુલ ૨૩૧૯ જેટલા પાત્રતા ધરાવતા લાભાર્થીઓને અન્નબ્રહ્મ યોજનાની કિટનું વિતરણ કરીને, રાજ્ય ને કેન્દ્ર સરકારે લોકડાઉનના કપરા કાળમાં પ્રજાજનોની ચિંતા કરી છે, તેમ સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાએ આ વેળા જણાવ્યુ હતું.

"કોરોના" ના સંક્રમણને અટકાવવા માટે "લોકડાઉન"ના તમામ નિયમો અને માર્ગદર્શક સૂચનાઓનું પાલન કરીને, તાપી જિલ્લાને "કોરોના મુક્ત" બનાવવાનો અનુરોધ પણ શ્રી વસાવાએ આ વેળા કર્યો હતો.

વતન જવા માંગતા પરપ્રાંતીયોએ નવસારી પ્રાંત કચેરીનો સંપર્ક કરવો

પ્રાંત અધિકારી વાહનની મંજૂરી ઈસ્યૂ કરશે

નવસારી

નવસારી જિલ્લામાં વસવાટ કરતાં તમામ પરપ્રાંતિઓને જણાવવામાં આવે છે કે, હાલમાં કોરોના મહામારીને કારણે સમગ્ર ભારતમાં છેલ્લા તા.૨૫/૦૩/૨૦૨૦ થી લોકડાઉન કરવામાં આવેલ છે. તેમ છતાં ભારત સરકાર અને ગુજરાત સરકારમાંથી મળેલ સુચના મુજબ જિલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં રહેતા પરપ્રાંતિય લોકો પોતાના વતન/રાજ્યમાં જવા માંગતા હોય તો પોતાના વાહન/પોતાની રીતે બસ અથવા અન્ય વાહન કરાવીને જઈ શકે તે માટે જુદા જુદા રાજ્યો સાથે ગુજરાત સરકાર પરામર્શ કરી રહેલ છે. જેમ જેમ જે રાજ્ય હા પાડશે તેમ-તેમ તે રાજ્યના લોકો પોતાની રીતે ગોઠવેલ બસ અથવા અન્ય વાહન મારફત સરકારશ્રીના સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાના તથા માસ્ક પહેરવા વિગેરે નિયમોનું પાલન કરવાની શરતે જિલ્લામાં આવેલા પ્રાંત અધિકારીની કચેરીમાંથી જરૂરી વાહન પાસ આપવામાં આવશે.

જે-તે રાજ્યમાં જવા માંગતા વ્યકિતઓ પૈકી એરીયાવાઈઝ આગેવાનોએ વ્યકિતનું નામ, ઉંમર, હાલના રહેવાસી, વતનનો જિલ્લો, રાજ્ય અને મોબાઈલ નંબર સહિતની યાદી બનાવી મથાળે આગેવાન વ્યકિતનું નામ, સરનામું અને મોબાઈલ નંબર દર્શાવી યાદી બનાવી દિન-૦૨ માં પ્રાંત અધિકારી શ્રી નવસારી/ચીખલી/વાંસદા પૈકી જેને જેને જે પ્રાંત વિસ્તાર લાગુ પડતા હોય તે પ્રાંત કચેરીમાં જઈ યાદી આપવાની રહેશે. પ્રાંત કચેરી નવસારીના ઈ-મેઈલ prantnvs@gmail.com, પ્રાંત કચેરી ચીખલી pochikhli2011@gmail.com, પ્રાંત કચેરી વાંસદા prantvsada@gmail.com ઈ-મેઈલ ઉપર મોકલી આપવા જણાવવામાં આવે છે.

રાજ્ય સરકાર મારફત જે તે રાજ્યની સરકાર સાથે પરામર્શ કર્યા બાદ ત્યાંથી લાવવા માટે મંજૂરી મળે પછી જ આપના આગેવાનને પ્રાંત કચેરી દ્વારા મોબાઈલ નંબર ઉપર જાણ કર્યા બાદ આપે બસ અથવા અન્ય વાહનની વ્યવસ્થા કરી જરૂરી પાસ મેળવી રવાના થવાનું રહેશે. જેથી કોઈએ હાલ ઉતાવળ કરવી નહિ. નજીકના એકાદ અઠવાડિયાના ગાળામાં આ કામગીરી પુર્ણ કરવાનું આયોજન છે. આ અંગે કોઈપણ જાતની વધુ જાણકારી માટે કલેકટર કચેરીનો કંટ્રોલ રૂમ ટોલ ફ્રી નં-૧૦૭૭ અને (૦૨૬૩૭) ૨૫૮૪૦૧ પર સંપર્ક કરવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ નવસારીની યાદીમાં જણાવાયું છે.

કોવિડ-૧૯ સામે લડત આપી રહેલા રાષ્ટ્રને સંગીતમય શ્રદ્ધાંજલી

સુરત

એચડીએફસી બેંકએ આજે #Hum HaarNahi Maanenge (અમે હારી નહી સ્વીકારીએ) નામનું આશાના કિરણ સમું એક સહયોગ ગીત જાહેર કર્યું છે. આ ગીત કોવિડ-૧૯ રોગચાળા સામે ભેગા મળી લડત આપી રહેલા ભારત અને લાખો ભારતવાસીઓની અદમ્ય ભાવનાને એક શ્રદ્ધાંજલિ છે.

ઓસ્કાર અને ગ્રેમી એવોર્ડ વિજેતા સંગીતકાર એ. આર. રહેમાન દ્વારા આ ગીતને રચવામાં આવ્યું છે તથા ખ્યાતનામ ગીતકાર અને કવિ પ્રસૂન જોશી દ્વારા તેને લખવામાં આવ્યું છે. આ ટ્રેક માટે સમગ્ર ભારતના સંગીતકારો એકઠાં થયાં હતાં. આવા કલાકારોમાં ક્લિન્ટન સેરેજો, મોહિત ચૌહાણ, હર્ષદીપ કૌર, મિકા સિંહ, જોનિતા ગાંધી, નીતિ મોહન, જાવેદ અલી, સિદ શ્રીરામ, શ્રુતિ હસન, શાશા તિરુપતિ, ખતિજા રહેમાન અને અભય જોધપુરકરનો સમાવેશ થાય છે. ભારતના પ્રમુખ તાલવાદક શિવામણી, સિતારવાદક અસદ ખાન અને બાઝની નિષ્ણાત મોહિની ડે પણ આ સન્માનિત પ્રોજેક્ટનો હિસ્સો હતાં.

આ ગીતની કલ્પના આશા, હકારાત્મકતા અને પ્રેરણાના ભેરીનાદ તરીકે કરવામાં આવી છે. આ અત્યંત પ્રભાવશાળી અને ભાવવહી ટ્રેક લોકોને યાદ અપાવે છે કે, આપણે આ કપરા સમયમાં એકસાથે છીએ અને આપણે એકસાથે જ આ સંકટમાંથી ઉગરી જઈશું. આ ગીત આ પડકારજનક પરિસ્થિતિમાં જાજવલ્યમાન થઈ રહેલી દયા, આશા, સહાય, હિંમત અને કાળજી જેવી અનેક સંવેદનાઓને ઉપસાવે છે.

યોગીચોક વિસ્તારમાં ૧૨૦૦ લોકોને ઉકાળાનું વિતરણ

ત્રણ દિવસમાં ૨૦૦ વ્યક્તિઓને ઉકાળો પીવડાવાયો - યોગીકૃપા સોસાયટીમાં લોકડાઉનનો થાય છે ચુસ્ત અમલ

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે રોગપ્રતિકારક શકિત વધારવા માટે કેન્દ્ર સરકારના આયુષમાન મંત્રાલય દ્વારા જરૂરી દિશાનિર્દેશો આપવામાં આવ્યા છે. જેથી જિલ્લા પંચાયતના આયુર્વેદિક દવાખાના, કુંભારીયાના મેડિકલ ઓફિસર ડો.ઘનશ્યામભાઈ પટેલ તથા યોગીકૃપા સોસાયટીના સભ્યો દ્વારા સમગ્ર સોસાયટીના રહિશોની રોગપ્રતિકારક શક્તિ વધારવાના હેતુથી સતત ત્રણ દિવસ દરમિયાન ૧૨૦૦થી વધુ લોકોને ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

યોગીચોક ખાતે આવેલી યોગીકૃપા સોસાયટીના પ્રમુખશ્રી વજુભાઈ અકબરી જણાવે છે કે, કોરોના વાયરસની કોઈ દવા ન હોવાના કારણે તેની સામે લડવા માટે હાથવગુ હથિયાર હોય તો તે આપણી રોગપ્રતિકારક શક્તિ છે. જેથી અમારી સોસાયટીમાં મેડિકલ ઓફિસરના સહકારથી સોસાયટીના ૧૨૦૦ સભ્યોને ત્રણ દિવસ ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું છે. કોરોના મહામારી વચ્ચે સોસાયટીના કમિટી સભ્યોના સાથ-સહકારથી તા.૨૨ માર્ચથી લોકડાઉનનો ચુસ્ત અમલ થઈ રહ્યો છે. આખો દિવસ સ્વયંશિસ્ત દ્વારા સોસાયટીમાં સવારના ૭.૦૦ થી ૯.૦૦ વાગ્યા દરમિયાન જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ લઈ આવવા માટે સોસાયટીનો મેઈન ગેટ ખોલવામાં આવે છે, સમય પૂર્ણ થયા બાદ દરવાજાને ખંભાતી તાળુ મારી દેવામાં આવે છે. કોઈની પણ અવર-જવર ચલાવી લેવામાં આવતી નથી. સોસાયટીના કડક વલણના કારણે આજદિન સુધી પોલીસે સોસાયટીમાં પગ મૂકવો પડ્યો નથી. સોસાયટીમાં રહેતા તમામ પરિવારોની જરૂરિયાત મુજબના શાકભાજીના જથ્થાની આસપાસના ખેડૂતોના ખેતરોમાંથી એક સાથે સીધી ખરીદી કરી સોસાયટીની વાડીમાં જ વિતરણ કરવામાં આવે છે. તમામ મહિલાઓને ડોલ સિવાય શાકભાજી આપવામાં આવતી નથી. સોશિયલ ડિસ્ટન્સીગનું ચુસ્ત રીતે પાલન કરીને અન્યોને પણ પ્રેરણા મળી રહી છે.

સોસાયટીના સભ્યશ્રી દિનેશભાઈ હિરપરાએ કહ્યું કે, સોસાયટીના સભ્યોના સાથ સહકાર તથા આયુષ મંત્રાલયની ગાઈડલાઈન મુજબ ઉકાળો પીવાથી રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરવા માટે ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું છે. મેડિકલ ઓફિસર ડો.ઘનશ્યામભાઈએ જણાવ્યું કે, સરકારના દિશાનિર્દેશ મુજબ જરૂરી તમામ આયુર્વેદિક તત્વો ઉમેરીને ઉકાળો બનાવાયો છે. જેનું વધુમાં વધુ લોકોને ઉકાળાનું વિતરણ કરી તેમની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય તેવા પ્રયાસો આયુર્વેદ વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યા છે.

સુરત જિલ્લાના બાગાયતી પાક કરતા ખેડૂતો માટે સરકારી સહાય યોજના

સુરત

વર્ષ :૨૦૨૦-૨૧ માટે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ હેઠળ રાજયના ખેડૂતો આઇ-ખેડૂત પોર્ટલમાં અરજી કરી મહત્તમ લાભ લઇ શકે તે માટે પોર્ટલ તા.૦૧/૦૩/૨૦૨૦ થી તા.: ૩૦/૦૪/૨૦૨૦ સુધી ખુલ્લુ મૂકવામાં આવ્યું હતું. પરંતુ ચાલુ વર્ષે નોવેલ કોરોના વાઇરસ (Covid-19) ના સંક્રમણના લીધે રાજયમાં લોકડાઉન રહેવાના કારણે ઘણા ખેડૂતો ઓનલાઇન અરજી કરવાથી વંચિત રહી ગયેલ હોવાથી, ખેડૂત મિત્રો માટે બાગાયત ખાતાની સહાય યોજનાઓના વિવિધ ઘટકોમાં અરજી કરવા I-Khedut પોર્ટલ તા.૩૧/૦૫/૨૦૨૦ સુધી ખુલ્લુ મૂકવામાં આવ્યું છે. જે ખેડૂત મિત્રો બાગાયત ખાતાની વિવિધ યોજનાઓમાં લાભ લેવા માંગતા હોય તેઓએ પોતાના નજીકના ગામના ઇ-ગ્રામ સેન્ટર, ખાનગી ઇન્ટરનેટ અથવા અત્રેની કચેરીમાં સવારના ૧૧.૦૦ કલાકથી સાંજના પ:૦૦ કલાક દરમ્યાન ૭/૧૨,૮-અ ની નકલ, આધાર કાર્ડની નકલ, રેશનકાર્ડની નકલ અને બેંક ખાતાની વિગત સાથે લઇ જઇને લાભ લેવા માંગતા ઘટકમા સમયસર અરજી કરવી. અરજી કર્યા બાદ અરજીની કોપી અને ઉપર જણાવેલ સાધનિક કાગળો દીન સાતમાં ઓન લાઇન અરજી ikhedut. gujarat. gov.in સાઇટ પર કરી શકાય છે. વધુ જાણકારી માટે નાયબ બાગાયત નિયામકની કચેરી, લાલ બંગલા સામે, ઓલપાડી મહોલ્લો, અઠવાલાઇન્સ, સુરત. ફોન નં:૦૨૬૧-૨૬૫૫૯૪૮. પર સંપર્ક કરવા સૂરતના નાયબ બાગાયત નિયામક દ્વારા જણાવાયું છે.

વેપાર-ધંધા ચાલુ કરવા ચેમ્બર દ્વારા મુખ્યપ્રધાનને રજૂઆત

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇ જણાવે છે કે, સમગ્ર રાજયમાં શહેર તથા જિલ્લાના કન્ટેઇનમેન્ટ ઝોનને બાદ કરી વેપારઉદ્યોગને ચાલુ કરવાની છુટછાટ સોશિયલ ડિસ્ટન્સીંગ અને સાવચેતીના પગલા લેવાની શરતે આપવી જોઇએ તેવી રજૂઆત માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને રિજનલ કાઉન્સીલ તરફથી કરવામાં આવી છે.

હાલ લોકડાઉનના સમયમાં વેપારીઓએ ખૂબ જ મોટું નુકસાન વેઠવુ પડયું છે અને તેમની પાસે મોટી માત્રામાં સ્ટોક પણ પડી રહયો છે. આવા સંજોગોમાં ૩ મે ૨૦૨૦ પછી પણ તેઓને વેપાર કરવાની છુટ આપવામાં ન આવે તો ખૂબ જ મોટું આર્થિક નુકસાન તેઓને સહન કરવાનો વારો આવશે કે જેની કલ્પના પણ ન કરી શકાય. તદુપરાંત રાજય સરકારે ગુમાસ્તા ધારો રદ કર્યો છે. પરંતુ તેના નોટિફિકેશનની જાણ ન હોવાથી વેપારીઓને અવરજવર માટે જીએસટી નંબર માન્ય ગણવો જોઇએ. વેપારઉદ્યોગ ફરીથી પાટા ઉપર આવી શકે તેમજ વેપારીઓના હિત માટે આ દિશામાં સકારાત્મક નિર્ણય લેવા માટે મુખ્યમંત્રીશ્રીને અનુરોધ કરવામાં આવ્યો છે.

અત્રે નોંધનીય છે કે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ઉપરાંત ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ધી બનાસકાંઠા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, જુનાગઢ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ઝાલાવડ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી મળીને રિજનલ કાઉન્સીલ બનેલી છે. આ કાઉન્સીલ તરફથી માનનીય મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરવામાં આવી છે.

અમદાવાદ લૉકડાઉનમાં બીયરની પેટીઓ ભરી નીકળેલા કોન્સ્ટેબલ ઝડપાયો

અમદાવાદ

લોક ડાઉન ના પગલે સમગ્ર રાજ્ય માં પોલીસ માં પોલીસ ખડે પગે છે. કોરોના ના સંક્રમણ સામે પણ પોલીસ પોતાના જીવની કે પોતાના પરિવારની ચિંતા કર્યા વગર સતત રાત-દિવસ કામગીરી કરી રહી છે. જેને પગલે સમગ્ર દેશમાં પોલીસની કામગીરી ને બિરદાવવામાં આવી રહી છે. જોકે કેટલાક પોલીસ કર્મચારીઓ એવા છે કે જે પોલીસને વિભાગને બદનામ કરી રહ્યા છે. આવા જ એક પોલીસ કોન્સ્ટેબલની કરતૂતોનો પોલીસે પર્દાફાશ કર્યો છે.

પોલીસ ચોરની પાછળ નહીં પણ પોલીસની પાછળ પણ દોડી શકે છે. ગુનો કરનાર વ્યક્તિ કોઈ પણ હોય પોલીસના ચોપડે ગુનેગાર હોય છે અને તેથી જ ગઈકાલે રાત્રે અમદાવાદ શહેરમાં બીયરના કેરેટ લઈને ખાનગી ગાડીમાં નીકળેલા કોન્સ્ટેબલને પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી ઝડપી પાડ્યો હતો. પોલીસ હેડકવાર્ટરમાં કે કંપનીમાં ફરજ બજાવતા હિતેશ પટેલ નામના પોલીસ કોન્સ્ટેબલ ઓઢવમાં થી બીયર સાથે પસાર થઈ રહ્યો હોવાની બાતમીના આધારે ડીસીપી ઝોન પ સ્કોડ અને ઓઢવ પોલીસ દ્વારા વોચ ગોઠવવામાં આવી હતી.

અને ફિલ્મી ઢબે પીછો કરીને પોલીસે આરોપીને ઝડપી લીધો છે. પોલીસે કેટા કાર સાથે આરોપીને પકડી તેમાંથી આઠ પેટી બિયર જપ્ત કર્યું છે. હાલમાં પોલીસ દ્વારા આરોપીની પૂછપરછ શરૂ કરવામાં આવી છે કે બધે બિયરનો જથ્થો ક્યાંથી લાવ્યો હતો અને કોને પહોંચાડવા નો હતો. જ્યારે આ સમગ્ર મામલામાં અન્ય કોઈ વ્યક્તિને સંડોવણી છે કે કેમ તે અંગે પણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઉનાળામાં પાણીની તંગી નિવારવા હેન્ડ પંપ રિપેર કરવા સંપર્ક કરવો

ઈજારદારોનો સંપર્ક કરી હેન્ડપંપ રિપેરિંગ કરાવી શકાશે

સુરત

ઉનાળા દરમિયાન દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં પાણીની તંગી નિવારવા તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પાણી માટેના હેન્ડપંપ બંધ હાલતમાં હોય તો તેનું રિપેરિંગ કરી શકાય તે માટે પાણી પુરવઠા બોર્ડ, સુરત દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. ગ્રામજનોને હેન્ડપંપ રિપેરિંગ માટેની સમસ્યા અને રજૂઆત હોય તો નાયબ કાર્યપાલક ઈજનેર, જાહેર આરોગ્ય યાંત્રિક પેટા વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની કચેરીઓ અથવા સીધે સીધો ઈજારદારોનો આ સાથેના નંબરો પર સંપર્ક કરી હેન્ડપંપ રિપેરિંગ કરાવી શકાશે.

માંગરોળ, ઉમરપાડા, માંડવી, મહુવા, બારડોલી, પલસાણા, કામરેજ, ચોર્યાસી અને ઓલપાડ તાલુકા માટે નાયબ કાર્યપાલક ઈજનેર, જા. આ. યાંત્રિક પેટા વિભાગ, રજો માળ, જલભવન, ગુજરાત ગેસ સર્કલ પાસે, અડાજણ રોડ, સુરત ખાતે સંપર્ક નં. ૯૯૭૮૪૦૬૬૯૧ અને ૮૨૦૦૨૪૭૪૫૪ તેમજ ઈજારદાર ડી.એલ. સાવલીયા-મો. ૯૯૦૯૯૮૫૫૭૧, દિપકભાઈ-મો. ૯૯૦૯૯ ૮૫૫૭૫ અને નિકેશભાઈ-મો. ૯૭૨૬૬ ૦૨૦૪૮ નો સંપર્ક કરવો.

આ ઉપરાંત, સુરત સહિત તાપી, ભરૂચ તથા નર્મદા જિલ્લાના જુદા જુદા ગામોની રજૂઆતો માટેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે, જે અંતર્ગત સમગ્ર તાપી જિલ્લા માટે નાયબ કાર્યપાલક ઈજનેર, જા. આ. યાંત્રિક પેટા વિભાગ, વ્યારાના સંપર્ક નં. ૯૯૭૮૪ ૪૩૨૮૦ તેમજ ઈજારદાર અશોકભાઈ-મો.૯૯૦૯૯ ૮૫૫૭૨ અને દિપકભાઈ-મો.૯૯૦૯૯ ૮૫૫૭૫ નો સંપર્ક કરવો.

સમગ્ર ભરૂચ જિલ્લા માટે નાયબ કાર્યપાલક ઈજનેર, જા. આ. યાંત્રિક પેટા વિભાગ, ભરૂચના સંપર્ક નં. ૯૯૭૮૪ ૪૨૧૦૯ અને તેમજ ઈજારદાર અજયભાઈ પટેલ, મો.૯૯૨૫૦૧૮૭૪૧ અને મહેશભાઈ વસાવા, મો.-૯૯૨૫૦ ૧૮૭૪૦ નો સંપર્ક કરવો.

નર્મદા જિલ્લાના નાંદોદ, ગરૂડેશ્વર, તિલકવાડા તાલુકા માટે નાયબ કાર્યપાલક ઈજનેર, જા. આ. યાંત્રિક પેટા વિભાગ, નર્મદાના સંપર્ક નં.૯૯૭૮૪ ૦૬૬૧૧ અને ઈજારદાર અજયભાઈ પટેલ-મો.૯૯૨૫૦ ૧૮૭૪૧, સોમાભાઈ બારીયા-મો. ૯૭૧૨૦૨૮૨૭૮ અને પ્રભાતભાઈ વસાવા-મો.૯૯૦૯૨૦૯૭૧૮ નો સંપર્ક કરવો.

જયારે ડેડીયાપાડા, સાગબારા તાલુકા માટે નાયબ કાર્યપાલક ઈજનેર, જા. આ. યાંત્રિક પેટા વિભાગ, નર્મદાના સંપર્ક નં.૯૯૭૮૪ ૦૬૬૧૧ અને ઈજારદાર મંગળભાઈ કહાર, મો.૯૪૨૬૪ ૪૧૫૬૬ અને મુકેશભાઈ વસાવા- મો. ૭૦૯૬૩૪૭૪૯૨ નો સંપર્ક કરવા કાર્યપાલક ઈજનેર, જા. આ. યાંત્રિક વિભાગ, સુરતની યાદીમાં જણાવાયું છે.

જરૂરીયાતમંદ દિવ્યાંગોને અનાજ કિટનું વિતરણ

સુરત

કોરોના વાઈરસના સંકટ સમયમાં દેશમાં લોકડાઉન લાગુ છે. જેથી વ્યાપાર અને આર્થિક પ્રવૃત્તિઓ અટકી ગઈ છે. કોરોના મહામારી પર કાબુ મેળવવા સરકાર દ્વારા નિરંતર પ્રયાસો થઈ રહ્યા છે, ત્યારે આ કપરા સમય દરમિયાન ગરીબવર્ગની વ્હારે આવી રાજય સરકાર દ્વારા ગરીબ જરૂરિયાતમંદ કુટુંબો જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓથી વંચિત ન રહી જાય અને જીવનજરૂરી વસ્તુઓ તેમને વિનામૂલ્યે મળી રહે તે માટે સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આવા સંજોગોમાં લિંબાયતના જાગૃત્ત જનપ્રતિનિધિ ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ દ્વારા દિવ્યાંગ પરિવારોને અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સંગીતાબેન પાટીલે અનાજ કીટ વિતરણના સેવાકાર્યમાં સહકાર આપવા બદલ રતનલાલ ભલાવત, ભાવિનભાઈ ઠાકુર અને અશોકભાઈ પોખરનાને શુભેચ્છા પાઠવી હતી.

સુરતમાં વસતા સૌરાષ્ટ્રવાસીઓને વતન જવા દેવા પરેશ ધાનાણીએ કરી માંગ

ગાંધીનગર

ગુજરાતમાં કોરના વાયરસની સૌથી વધુ અસર શહેરોમાં થઈ છે અને એમાંય, અમદાવાદ, સુરતમાં સૌથી વધુ અસર જોવા મળી છે અને વળી અહીં જ અન્ય રાજ્યોમાંથી આવતા લાખો લોકોને ધંધો રોજગાર મળી રહે છે ત્યારે હાલ નોકરી ધંધા બંધ હોવાને કારણે સુરતમાં પરપ્રાંતિયોની સ્થિતિ કફોડી બની છે પણ ગુજરાતના સૌરાષ્ટ્રના લોકોની પરિસ્થિતિ તો વધુ ગંભીર છે. આ અંગે વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ ટ્વીટ કરીને સરકારને એક આજીજી કરી હતી.



સુરતમાં વસતા સૌરાષ્ટ્રવાસીઓને વતન જવા દેવા માંગ કરતી પોસ્ટ કોંગ્રેસના નેતા પરેશ ધાનાણીએ કરી છે. તેમણે ટ્વીટર પર આ અંગે ટ્વીટ કરી છે. દરેક આફતમાં હમેંશા અડીખમ સુરત ખુદ બેરોજગાર બન્યુ છે. ત્યારે સુરત ભૂખમરા સાથે કોરોનાની કઠણાઈ ભોગવી રહ્યું છે. આવામાં તેમના આરોગ્યની ચકાસણી કરીને તેમને માટે સૌરાષ્ટ્રના દરવાજા ખુલ્લા મુકવાની માંગ કરી હતી.

સૌરાષ્ટ્રમાંથી ઘણા લોકો નોકરી-ધંધા માટે સુરત આવીને વસ્યા છે જેમના નોકરી ધંધા અને દુકાનો છેલ્લા દોઢ મહિનાથી બંધ છે અને હજુ આવનારા સમયમાં પણ ખુલવાની કોઈ સંભાવના નથી. ત્યારે પરપ્રાંતિયોને જેમ પોતાના રાજ્યમાં જવા દેવામાં આવી રહ્યા છે તેમ સૌરાષ્ટ્રના લોકોને પણ પોતાના વતન જવા દેવા જોઈએ તેવી માંગ કરી છે. સુરતમાં અત્યાર સુધીમાં ૬૬૧ કેસ અને ૨૮ લોકોના મોત થઈ ચુક્યા છે. ત્યારે હવે અહીંથી બીજા જિલ્લામાં લોકોને જઈ દેવા જોખમી છે. કેમ કે, તે ગ્રીન ઝોન ધરાવતા જિલ્લામાં પણ કોરોનાનો ચેપ ફેલાવી શકે છે.

તાપી જિલ્લાના કોરોના મુક્ત બનાવવા તંત્રએ કમર કસી

વિવિધ વિભાગો વચ્ચે સંકલન કરવા સાંસદનો અનુરોધ

વ્યારા

તાપી જિલ્લામાં "કોરોના"ના સંક્રમણને અટકાવવા માટે જિલ્લા વહીવટી તંત્રે લીધેલા પગલાઓથી સંતોસની લાગણી વ્યક્ત કરતાં, ૨૩-બારડોલીના સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાએ, સૌના સહિયારા પ્રયાસોથી તાપી જિલ્લાને જલ્દીથી "કોરોના મુક્ત" બનાવવાની હિમાયત કરી હતી.

તાપી જિલ્લાના મુખ્ય વહીવટી મથક વ્યારા ખાતે જિલ્લા કલેક્ટર શ્રી આર.જે.હાલાણી, જિલ્લા વિકાસ અધિકારી કુ.નેહા સિંઘ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી એન.એન.ચૌધરી સહિત વ્યારા નગરપાલિકા પ્રમુખ શ્રી મહેરનોશ જોખી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ મેમ્બરશ્રી ડો.જયરામભાઈ ગામિત સહિતના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં આયોજિત એક ઉચ્ચસ્તરીય બેઠકમાં સાંસદ શ્રી વસાવાએ, તાપી જિલ્લા વહીવટી તંત્ર, પદાધિકારીઓ, અને પ્રજાજનોના સહયોગથી કોરોનના સંક્રમણને અટકાવવા માટેના તમામ પગલાઓમાં પરસ્પર સંકલન, સહયોગ અને માહિતીનું આદાનપ્રદાન અસરકારક રીતે થાય તે જોવાનો ખાસ અનુરોધ કર્યો હતો. પ્રજાજનોની જાહેર સુખાકારી સુપેરે જળવાઈ રહે તે માટે ભારત સરકારના આયુસ મંત્રાલયના દિશાનિર્દેશ અનુસાર જિલ્લામાં રોગપ્રતિકારક ક્ષમતા વધારવા માટેના આયુર્વેદિક ઉકાળા સહિત, હોમીઓપેથીની આર્સેનિક આલ્બમ થર્ટી ટેબલેટનું મોટા પાયે વિતરણ કરવાની પણ સૂચના આપી હતી.

દરમિયાન પી.એમ.કેર્સ ફંડ, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, સસ્તા અનાજની દુકાનો મારફત અપાયેલા વિનામૂલ્યે અનાજની વિતરણ વ્યવસ્થા, લોકડાઉનનું અમલીકરણ, કોરોનાની સારવાર સંબંધિત સાધન સુવિધા જેવા મુદ્દે વિસ્તૃત જાણકારી મેળવી, શ્રી વસાવાએ જિલ્લાના બંને દર્દીઓના સ્વસ્થ્ય સંબંધી પૃચ્છા પણ કરી હતી.

જિલ્લા સેવા સદન ખાતે આયોજિત આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર શ્રી બી.બી.વહોનીયા, જિલ્લા પુરવઠા અધિકારી નૈતિકા પટેલ, પ્રાંત અધિકારી શ્રી જોશી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હર્ષદ પટેલ, જિલ્લા આયુર્વેદિક અધિકારી ડો.જયશ્રીબેન ચૌધરી, ચિટનીશ વિધુ ખૈતાન સહિતના અધિકારીઓએ વિગેરે એ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

સોનગઢમાં વિધવા સ્ત્રીઓને અનાજની કિટોનું વિતરણ

વાઝરડા ગામમાં અનાજનું વિતરણ કરાયું

સુરત

"કોરોના"ના સંક્રમણને નાથવા માટે અમલી "લોકડાઉન"ની સ્થિતિ વચ્ચે પ્રજાજનોને મદદરૂપ થવાની ભાવના સાથે, તાપી જિલ્લા વહીવટી તંત્ર તથા સ્થાનિક પદાધિકારીઓના સહયોગથી જિલ્લાની ૪૫ વર્ષ સુધીની વિધવા બહેનોને અનાજની કીટ આપીને સધિયારો આપવાનું પૂણ્યકાર્ય કરવામાં આવી રહ્યું છે, તેમ સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાએ વાઝરડા ખાતે જણાવ્યુ હતું.

તાપી જિલ્લાની મુલાકાતે પધારેલા સાંસદશ્રીએ સોનગઢ તાલુકાનાં વાઝરડા ગામની આથમતી સંધ્યાએ મુલાકાત લીધી હતી. અહી "કોરોના" ના સંક્રમણને ફેલાતો રોકવા માટે સરકાર, પ્રશાસન અને પ્રજાજનોએ સાથે મળીને "કોરોના" સામે લડાઈ જીતવાની છે તેમ જણાવી શ્રી પ્રભુભાઈ વસાવાએ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીને કારણે સમયસર લોકડાઉનનો અમલ કરવાથી મહદંશે આપણે "કોરોના"ને કંટ્રોલમાં રાખી શકયા છે તેમ જણાવ્યુ હતું.

ગામડા ગામમાં સોશિયલ ડિસ્ટન્સિંગ, ફેસ માસ્કનો ઉપયોગ અને સાબુ કે સેનેટાઈઝરથી વારંવાર હાથ ધોવાની લાંબા સમય સુધી આદત કેળવીને કોરોનને મ્હાત કરવાની અપીલ કરતા, સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાએ પ્રજાજનોને આયુર્વેદિક ઉકાળા સહિત, સ્વચ્છ જીવનશૈલી, પૌસ્ટિક આહાર, અને નિયમિત યોગ/કસરત જેવી બાબતોને પણ રોજિંદા જીવનમાં અપનાવવાની હિમાયત કરી હતી.

લોકડાઉનની સ્થિતિ વચ્ચે પ્રજાજનોને સહાયરૂપ થવા માટે રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા વિના મૂલ્યે સસ્તા અનાજની દુકાનો મારફત કરાયેલા અનાજનું વિતરણ, તથા પ્રધાનમંત્રીએ ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને બેન્ક એકાઉન્ટમાં ગેસ સિલિન્ડરની રકમ જમા કરવા સાથે, શ્રમજીવી લાભાર્થીઓના એકાઉન્ટમાં અપાયેલી રોકડ સહાયની ચર્ચા કરતાં સાંસદ શ્રી વસાવાએ વહીવટી તંત્ર અને સ્થાનિક સંગઠન દ્વારા, અનાજની કીટ આપીને આ વિપદ વેળાએ સૌ પ્રજાજનોની પડખે છે તે દર્શાવી રહ્યા છે તેમ જણાવ્યુ હતું.

વાઝરડા ગામે આયોજિત આ કીટ વિતરણ કાર્યક્રમ દરમિયાન કલેક્ટર શ્રી આર.જે.હાલાણીએ જિલ્લાના તમામે તમામ સાત તાલુકાઓમે ૨૬૬૩ જેટલી ૪૫ વર્ષ સુધીની વિધવા બહેનોને અનાજની કીટ આપીને મદદ પહોંચાડવામાં આવી રહી છે, તેમ જણાવ્યુ હતું. વાઝરડા ખાતે આયોજિત કાર્યક્રમમાં સ્થાનિક સરપંચો સહિત દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ મેમ્બરશ્રી ડો.જયરામભાઈ ગામિત, સ્થાનિક આગેવાનો, પ્રાંત અધિકારી શ્રી જોશી, સોનગઢના મામલતદાર શ્રી ડી.કે.વસાવા સહિતના અધિકારીઓ વિગેરેએ ઉપસ્થિત રહી તેમની ભૂમિકા નિભાવી હતી.

સુરતમાં કોરોનાથી મૃત્યુ પામેલાં લોકોની અંતિમક્રિયાનું બીડું એકતા ટ્રસ્ટે ઝડપ્યું





સુરત

કોરોના મૃત્યુ પામેલા દરદીઓના અંતિમ સંસ્કારની ચિંતા સુરતના તંત્રને નથી, કારણ કે અબ્દુલ મલબારી અને એમનું એકતા ટ્રસ્ટ છે. અકસ્માતમાં કટકાઓમાં વિખેરાયેલી, ડુબીને ફૂલી ગયેલી, સાવ સડી ગયેલી કે બળી ગયેલી લાશ, જેને જોઈને તો ઠીક તેનું વર્ણન સાંભળતા પણ અરેરાટી થઈ જાય તેવી લાશને કદાચ પોતાના પણ હાથ ન લગાડે એવા મૃતદેહોના સંપૂર્ણ સમ્માન સાથે તેના ધર્મ મુજબ અંતિમ સંસ્કાર કરતા અબ્દુલ મલબારીએ સુરતમાં કોરોનામાં મૃત્યુ પામેલા લોકોના અંતિમ સંસ્કાર કરવાનું કામ ઉપાડી લીધું છે.

કોરોનાના નામથી લોકો દૂર ભાગી જાય છે ત્યારે એવા દરદીનું મૃત્યુ થાય ત્યારે પરિવારની ચિંતા વધી જવી સ્વાભાવિક છે, સાથે કાયદા મુજબ એમને નજીકમાં પણ આવવા દેવામાં આવતા નથી. એવા સમયે એકતા ટ્રસ્ટની ટીમ આ આખી પ્રક્રિયામાં સાથે હોય છે. મૃતકને સેનિટાઈઝ કરીને એને ખાસ બનાવવામાં આવેલી એક બૅગમાં મૂકવામાં આવે છે. એ બાદ મૃતકને હિંદુ હોય તો સ્મશાન અને મુસ્લિમ હોય તો કબ્રસ્તાનમાં લઈ જવામાં આવે. આ પાર્થિવ શરીર સાથે કોઈ આપ્તજન હોતું નથી. એની તમામ ચિંતા કરે છે એકતા ટ્રસ્ટના સાથીઓ. આ સંજોગોમાં એકતા ટ્રસ્ટના સભ્યો પણ ખાસ કિટ પહેરીને આ કાર્ય કરે છે.

સુરત પોલીસ કમિશ્નરની લોકોને અપીલ

અફવાઓથી દૂર રહો, રેલ્વે સ્ટેશન પર ઘસારો ન કરવા

સુરત

કોરોના વાયરસ સામેની જંગમાં લોકડાઉન આગામી તા. ૧૭ મે સુધી લંબાવવામાં આવતા સુરત શહેર પોલીસ કમિશનર આર.બી. બ્રહ્મભટ્ટ દ્વારા અત્યાર સુધી જે રીતે સહયોગ આપ્યો છે તેવો જ સહયોગ આપવા શહેરીજનોને અપીલ કરવા ઉપરાંત પરપ્રાંતિય શ્રમિકોને વતન પહોંચાડવા માટે કેન્દ્ર અને રાજય સરકાર વ્યવસ્થા કરી રહી હોવાથી સંયમ જાળવવા અને અફવાઓથી દુર રહી રેલવે સ્ટેશન પર ઘસારો નહિ કરવા માટે અપીલ કરી હતી. ક્ડાઉનનો સમયગાળો વધારવામાં આવતા હજ્જારો કિલોમીટર દૂરથી રોજગારી માટે આવનાર પરપ્રાંતિય શ્રમિકોને પણ વતન પહોંચાડવાની કવાયત શરૂ થઈ ગઈ છે. હાલમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઓરિસ્સાના શ્રમિકોને વતન જવા માટે શહેરના અલગ-અલગ વિસ્તારમાંથી લક્ઝરી બસ ઉપાડવામાં આવી રહી છે અને આજ રોજ એક ટ્રેન પણ રવાના કરવામાં આવી છે.

શ્રમિકોને વતન પહોંચાડવાની કવાયત અંતર્ગત સુરત પો. કમિશનર આર.બી. બ્રહ્મભટ્ટે શહેરીજનો અને પરપ્રાંતિય શ્રમિકોને અપીલ કરી હતી કે



છેલ્લા દોઢ મહિનાથી ચાલી રહેલા લોક્ડાઉનમાં જે રીતે સહયોગ આપ્યો છે તેવો જ સહયોગ તા. ૧૭ મે સુધી આપવા વિનંતી કરી હતી. ઉપરાંત પરપ્રાંતિય શ્રમિકોને વતન પહોંચાડવા કેન્દ્ર અને રાજય સરકાર વ્યવસ્થા કરી રહી છે. જેથી સંયમ રાખવો પડશે અને શહેરમાં વસતો છેલ્લામાં છેલ્લો શ્રમિક પણ જો વતન જવા ઈચ્છતો હશે ત્યાં સુધી વ્યવસ્થા ચાલુ રાખવામાં આવશે ડરવાની કે અફવા ફેલાવવાની જરૂર નથી. પો.કમિ. બ્રહ્મભટ્ટે પરપ્રાંતિય શ્રમિકોના સામાજીક આગેવાનોને આહવાન કર્યુ છે કે લોકોને સમજાવે અને તમામને વતન જવાની તક મળશે. રેલવે બોર્ડ દ્વારા ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવી રહી છે અને જેમની પાસે ટિકિટ હશે તેમને એસએમસની બસમાં રેલવે સ્ટેશન પહોંચાડવામાં આવશે જેથી સ્ટેશન પર ઘસારો કરવાની જરૂર નથી. પો. કમિશનર બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે વૈશ્વિક મહામારીની અસાધારણ સ્થિતિમાં લોકોએ સંયમ જાળવવો જરૂરી છે. તેવા સંજોગોમાં હજ્જારો કિલોમીટર દૂર વતન જવા ઈચ્છતા શ્રમિકો પાસેથી લક્ઝરી બસ સંચાલકો નિયત ભાડા કરતા વધારે ભાડુ લઈ લુંટફાંટ નહિ ચલાવે તે માટે આરટીઓને જાણ કરવામાં આવી છે. જેથી આરટીઓ આ મુદ્દે ચેકિંગ કરશે અને જો વધારે ભાડુ વસુલાતું હશે તો કાયદેસરની કાર્યવાહી કરાશે.

વલસાડમાં ડુંગરી GRD જવાને ૧૨ દિવસ પછી કોરોનાને હરાવી ઘરે પરત ફર્યો

વલસાડ

જિલ્લામાં પ્રથમ ઉમરગામનો યુવાન અને દ્વિતીય ડુંગરીનો જીઆરડી જવાનના કોરોના પોઝિટિવ રીપોર્ટ આરોગ્ય વિભાગમાં આવ્યા હતા. બંને કોરોનાના દર્દીઓને ૧૨ દિવસની સારવાર બાદ ૩૦ એપ્રિલ અને ૧લી મે ના રોજ કોરોનાના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં બંને સેમ્પલના રીપોર્ટ નેગેટિવ આવ્યા હતા. શનિવારે સિવિલ હોસ્પિટલમાંથી ડુંગરીના જીઆરડી જવાનને ૧૪ દિવસની સારવાર બાદ રજા આપવામાં આવી હતી. ગુજરાત પોલીસ અને મેડિકલ ટીમની જયજય કાર સાથે હોસ્પિટલની બહાર યુવાનને પુષ્પવર્ષા સાથે વધાવી લીધો હતો.

વલસાડ જિલ્લામાં કોરોનાની સારવાર માટે વાપી જનસેવા અને વલસાડમાં સિવિલ હોસ્પિટલમાં કોરોના આઈસોલેશન વોર્ડ બનાવવામાં આવ્યા છે. ઉમરગામ દહેરી માંગેલવાડનો યુવાન સાગર માંગેલા વાપી જનસેવામાં અને સિવિલમાં યશ ઠાકોરભાઈ પટેલને કોરોનાના શંકાસ્પદ લક્ષણો દેખાતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ૨૦ એપ્રિલે મોડી રાત્રે બંને યુવાનોના કોરોના પોઝિટિવ રીપોર્ટ આવ્યા હતા. તાત્કાલિક યુવાનના સંપર્કમાં આવેલા તમામના આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની પ્રક્રિયા હાથ ધરી હતી. ઉમરાગામનો સાગર માંગેલા અને ડુંગરીનો યશ પટેલ કોરોના સામે ૧૪ દિવસ લડાઈ લડી વિજય મેળવ્યો હતો. બંને યુવાનોની કોરોના સામે ૧૨ દિવસની લડાઈ બાદ આરોગ્ય વિભાગે બંને યુવાનોનાં કોરોનાના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. બંને ટેસ્ટમાં નેગેટિવ રિપોર્ટ આવ્યા બાદ દર્દીની તબિયતમાં સુધારો જોઈને હોસ્પિટલમાંથી સારવાર આપવામાં આવી હતી.

સુરતથી પરપ્રાંતીયોને લઈને બે ટ્રેન યુપી અને ઓડિશા જવા માટે રવાના થઈ

સુરત

સુરતમાં રહેતા ઓડિશાવાસીઓ માટે સુરતથી એક ખાસ ટ્રેન ઓડિશા સુધી દોડાવવામાં આવી હતી. પાંડેસરા ખાતે ચેક કર્યા બાદ ઓડિશાવાસીઓને રેલવે સ્ટેશન લઈ જવા માટે બસોમાં બેસાડવામાં આવ્યા હતા. આ માટે ૪૫ જેટલી બસની વ્યવસ્થા કરાઈ હતી.



લાખો પરપ્રાંતીયો ગુજરાતના વિવિધ શહેરોમાં ફસાયા છે. આ પરપ્રાંતીયોને માદરેવતન પરત મોકલવા માટે કેન્દ્ર સરકારે જાહેરાત કરતાં સ્થાનિક તંત્ર દ્વારા પણ તેની કામગીરી શરૂ કરાઈ હતી. જેના ભાગ રૂપે શનિવારે ગુજરાતમાંથી બે ટ્રેન ઉત્તર પ્રદેશ અને ઓડિશા જવા માટે રવાના થઈ છે. આ બંને ટ્રેનોમાં આશરે કુલ ૨૫૦૦ જેટલા પરપ્રાંતિઓ માદરેવતન જવા માટે રવાના થયા છે. આ બંને ટ્રેનો પૈકી એક ટ્રેન અમદાવાદ સાબરમતી રેલવે સ્ટેશનથી અને બીજી સુરતથી ઉપડી હતી.

નર્મદામાં લોકડાઉન વચ્ચે પાન મસાલા,તમાકુના કાળા બજાર કરનારાઓને ઘી કેળા:પોલીસ દ્વારા કાર્યવાહી



- ગરુડેશ્વર પોલીસે બોર પિક અપ ગાડી માં પાન મસાલા, તમાકુનો જથ્થો લઈ જનાર એક ને ઝડપી પાડયો
- નર્મદા માં એક બાદ એક પાન મસાલા,તમાકુ,બીડી લઈ જનાર પોલીસ ની નજર માં આવતા કાયદેસર કાર્યવાહી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના કહેર વચ્ચે સમગ્ર રાજ્ય માં લોકડાઉન ચાલુ હોય જેમાં અમુક ધંધા માટે થોડીક છૂટ અપાઈ છે પરંતુ પાન મસાલા,તમાકુ,બીડી,સિગારેટ સહિત ની કેટલીક વસ્તુઓ ના વેચાણ સદંતર બંધ હોવાથી વ્યસનીઓ ની તલપ જતા કેટલાક તત્વો ખાનગી રાહે આવી વસ્તુઓ લાવી કાળા બજાર માં વેંચતા હોઈ હાલ આ બાબતે કેટલાક કાળા બજારીયાઓને ઘી કેળા જોવા મળી રહ્યા છે તેવા સમયે નર્મદા પોલીસ પણ આવી વસ્તુઓ લઈ જતા તત્વો ઉપર બાઝ નજર રાખી કાયદેસર કાર્યવાહી કરે છે.

બે દિવસ પહેલાજ નર્મદા એલસીબી એ ગરુડેશ્વર ના મોટી રાવલ ના સરપંચ ને પાન મસાલા અને તમાકુ ના જથ્થા સાથે ઝડપી કાયદેસર કાર્યવાહી કરી હતી છતાં એ તરફ હજુ આ વેપલો ચાલતો હોય તેમ ગરુડેશ્વર પોલીસે પિકઅપ ગાડીમાં પાન મસાલા, તમાકુ, બીડી સહિતનો જથ્થા સાથે એક વ્યક્તિની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી કરી છે.

ઝડપાયેલા મૈયુદિન જંગીયાન મકરાણી,રહે-જેતપુર તા. ગરુડેશ્વર પીકપ ગાડી નં GJ,22,U-0171 મા મિણીયા કોથળાઓમાં વિમલપાન મસાલા તથા તમાકુના તેમજ મહકપાન મસલા તથા તમાકુ તેમજ સુરજતમાકુ તથા સાયના તેમજ સ્પે.ટેલીફોન બીડી તથા તપકીરના પેકેટો રાખી વેચાણ કરવાના ઈરાદે લઈ જતો હોઈ ગરુડેશ્વર પો.સ્ટે.ના પીએસઆઈ જે.એમ.પટેલ તેમજ ટીમે તેને કૂલ કિ.રૂ.૪,૩૧,૬૦૦/-નો મુદામાલ સાથે ઝડપી કાયદેસર કાર્યવાહી કરતા અન્ય કાળા બજારીયાઓમાં ફફડાટ ફેલાયો છે.

લોકડાઉન માં કાળા બજારીયાઓ ને ઘી કેળા હોઈ તેમ વ્યસનીઓ થી વ્યસન છુટતા ન હોઈ જેમાં કેટલાક લોકો ગુટકા,સિગરેટ, બીડી સહિતની વસ્તુઓ ના પાંચ ઘણા ભાવ લઈ ખાનગી રાહે વેંચતા હોઈ પોલીસ ભલે કાયદેસર કાર્યવાહી કરે પરંતુ વ્યસનીઓની તલપ સામે કાળા બજારીયાઓ પુનઃ સક્રિય થશે.માટે આવી વસ્તુઓ માં હવે સરકારે છૂટછાટ આપવી રહી નહીં તો કાળા બજાર ચોક્કસ વધશે એમ લાગી રહ્યું છે.

સુરતથી ઓરિસ્સા જતી બસ પલટી, એકનું મોત, ૪૦ ઘાયલ



નવા ૧૭ કેસ નોંધાતા પોઝિટિવનો આંકડો ૬૬૯એ પહોંચ્યો

સુરત

કામદારોને સુરતથી ઓરિસ્સાના બેહરામપુર લઈ જતી બસ ઓરિસ્સાના કલિંગાઘાટ પાસે પલટી ખાઈ જતાં એક વ્યક્તિનું મોત થયું છે. જ્યારે ૪૦ લોકોને ઈજા થઈ છે. સુરત શહેરમાં કોરોનાનો કહેર દિવસેને દિવસે વધી રહ્યો છે. આજે નવા ૧૭ કેસ શહેરમાં અને જિલ્લામાં એક કેસ નોંધાતા શહેરમાં કુલ ૬૩૮ અને જિલ્લામાં ૩૧ મળીને કુલ ૬૬૯ પોઝિટિવ દર્દીઓની સંખ્યા નોંધાઈ છે. શહેરમાં આજે એક જ દિવસમાં ૪૧ લોકો ડિસ્ચાર્જ થતાં કુલ ૧૪૫ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે.

આજે ત્રણ દર્દીઓના મોત નીપજતાં મૃત્યુ આંક ૨૯ થયો છે. શહેરમાં કુલ નોંધાયેલા કેસમાંથી ૨૫૦ લિંબાયત ઝોનના છે. પરપ્રાંતિયો માટે ક્લેક્ટરે ઓનલાઈન અરજી કરવાની રહેશે તેમ જણાવ્યું હતું તો લોકડાઉનના ત્રીજા તબક્કામાં લોકોને સહકાર આપવા પોલીસ કમિશનરે અપીલ કરી હતી. આજે ઓડિશા માટે ટ્રેન શરૂ કરવામાં આવી હતી. ગુલામ મોહમદ અબ્દુલ રજાક (ઉ.વ.આ.૭૫) સલાબત પુરાના રહેવાસી હતા તેમને બ્લડપ્રેશની બીમારી હતી. જયંતિલાલ આર.ફીરકીવાળા (ઉ.વ.આ. ૬૨) સંઘડિયાવાડ, ગોપીપુરા તેઓ ગત ૨૦મીએ દાખલ થયા હતા અને ડાયાબિટિસની સાથે બ્લડપ્રેશ અને હૃદયની બીમારી હતી. ત્રીજુ મોત નસરીન એ.શેખ(ઉ.વ.આ.૫૦)નું થયું છે તેઓ ડાયબિટિસ અને બ્લડપ્રેશના બીમારી ધરાવતા હતાં.

સાંજે ૭થી સવારે ૭ સુધી કોઈ પણ પ્રકારની અવરજવર કરશો તો કડક કાર્યવાહી કરવામાં આવશે: શિવાનંદ ઝા

લોકડાઉનના ભંગ બદલ અત્યાર સુધીમાં કુલ ૧.૨૩ લાખ જેટલા ગુના નોંધાયા પોલીસ પર હુમલો કરવાના ૨૧ ગુના નોંધી ૪૭ હુમલાખોરો સામે પાસા હેઠળ કાર્યવાહી કરી: શિવાનંદ ઝા

અમદાવાદ

કોરોના વાઈરસની મહામારીને રોકવા પોલીસ વિભાગ સતત ખડેપગે કામગીરી કરી રહ્યું છે ત્યારે ગુજરાત રાજ્ય પોલીસ વડા શિવાનંદ ઝાએ પ્રેસ કોન્ફરન્સમાં આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, કોરોનાની સાંકળને તોડવા લોકો બહાર ના નીકળે, એકબીજાનો સંપર્ક ઘટાડે, બિનજરૂરી અવરજવર ના કરે તેવું જણાવ્યું છે. આ ઉપરાંત લોકડાઉનના કડક અમલ માટે સાંજે ૭ વાગ્યાથી સવારે સાત વાગ્યા સુધી કોઈ પણ જાતની અવરજવર કરવા માટે પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. પોલીસે સઘન ચેકિંગ હાથ ધર્યું છે. તમામ લોકોએ સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન થાય તેનું પૂરતું ધ્યાન રાખવું પડશે. જો ક્યાંય પણ કોઈ પણ જાહેરનામાનો ભંગ થતો જણાશે તો તેના પર કાયદાકીય કાર્યવાહી કરવામાં



આવશે. આ ઉપરાંત ક્યાંય જાહેરનામાનો ભંગ થતો જોવા મળે તો ૧૦૦ નંબર પર કોલ કરી જાણ કરવા અપીલ કરી છે.

કોરોના વોરિયર્સ પર હુમલો કરનાર સામે પાસા હેઠળ કાર્યવાહી : આ ઉપરાંત કોરોના વોરિયર્સ પર થતા હુમલાને લઈને માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર આ વાતને ગંભીરતાથી લઈ અસામાજિક તત્વો સામે કાર્યવાહી કરે છે. અત્યાર સુધીમાં પોલીસે આ પ્રકારના ૨૧ ગુના નોંધી ૪૭ હુમલાખોરો સામે પાસા હેઠળ કાર્યવાહી કરી છે. સોશિયલ મીડિયામાં અફવા ફેલાવવા બદલ અત્યાર સુધીમાં ૬૨૩ ગુના દાખલ કરી ૧૩૦૨ આરોપીઓની અટકાયત કરી છે. આ ઉપરાંત ૫૭૫ જેટલા એકાઉન્ટ બ્લોક કરવામાં આવ્યા છે. આ સિવાય વીડિયોગ્રાફી મારફતે કુલ ૨૧૦૯ અને ઓટોમેટિક નંબર પ્લેટ રેકોગ્નિશન (છદ્ગઈ)થી કુલ ૯૫૫ ગુના નોંધી કાર્યવાહી કરવામાં આવી છે. આ ઉપરાંત વિવિધ જાહેરનામાના ભંગ બદલ કુલ ૩૯૬૮ ગુના નોંધી ૪૮૫૩ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. આ ઉપરાંત લોકડાઉનના ભંગ બદલ અત્યાર સુધીમાં કુલ ૧.૨૩ લાખ કરતા પણ વધુ ગુના નોંધવામાં આવ્યા છે.

રાજપીપળા વીજ કંપનીના કેટલાક અધિકારીઓ તેમના ઉપરી અધિકારીઓ ને પણ ગાંઠતા નથી..?!

સબ સલામત ના ખોટા દાવા માં ગ્રાહકો હેરાન

ઘણા વર્ષો થી આ બાબતે ફરિયાદ કરવા છતાં ખાલી વાયર આમતેમ કરી ગ્રાહકોને કોણી એ ગોળ લાગવવાનું ન કામ બાદ વોલ્ટેજ ની રામાયણ યથાવત

- આકરી ગરમી માં રાજપીપળા દરબાર રોડ પારેખ ખડકી સહિતના કેટલાય વિસ્તારોમાં લો વોલ્ટેજ ની સમસ્યા દૂર નથી થતી
- વર્ષો પહેલા લોકો ના ઘરના લોડ ચેક કરી તેટલી ક્ષમતા ના ટ્રાન્સફોર્મરો નાખ્યા બાદ હાલ લોકો ના ઘરોમાં એ.સી. સહિત ના લોડ વધતા લો વોલ્ટેજ ની સમસ્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા ના દરબાર રોડ સહિત ઘણા વિસ્તારો માં આકરી ગરમીમાં લો વોલ્ટેજ આવતા પંખા સહિતના ઈલેક્ટ્રિક ઉપકરણો એકદમ ધીમા ચાલતા હોય લોકો ગરમી માં શેકાઈ રહ્યા છે. ત્યારે દરબાર રોડ પારેખ ખડકી માં ઘણા વર્ષો થી લો વોલ્ટેજ ની રામાયણ હોય સ્થાનિકો એ દર વર્ષે વારંવાર ફરિયાદો કરી છતાં તેનો કોઈ કાયમી ઉકેલ આવતો નથી આજે વર્ષો બાદ પણ આ જગ્યા પર સમસ્યા યથાવત છે. આ માટે સ્થાનિક અધિકારીઓ ને જાણ કરતા લાઈનમેનો આવી ફક્ત વાયર આમતેમ કરી ગ્રાહકો ને




લો વોલ્ટેજ ના કારણે પંખા ની ગતિ અડધી થતા પાંચ ની ગતિ પર ફરતો પંખો જાણે એક ની સ્પીડે ચાલતો જણાઈ છે જ્યારે અમુક ઘરો માં તો કુલર કે અન્ય ઈલેક્ટ્રિક ઉપકરણો ઉપડતાજ નથી જ્યારે લોકોના એ.સી.બંધ થાય ત્યારબાદ વોલ્ટેજ બરાબર આવતા કંઈક રાહત મળે છે.

સંતોષ આપવા પ્રયત્ન કરાય છે.

વર્ષો જૂની આ સમસ્યા દૂર ન થતા હાલ બે દિવસ પહેલા ભરૂચ વીજ કંપની ના ઉચ્ચ અધિકારી ને આ બાબતે જાણ કરાઈ તો તાત્કાલિક લાઈનમેન આવ્યા પરંતુ એજ જૂની પદ્ધતિ મુજબ વાયર પર લોડ બદલી સ્થાનિકોને ફક્ત કોણી એ ગોળ લગાવાયો હતું.ખરેખર તો શહેર માં મોટા ભાગના વિસ્તારો માં અગાઉ કરતા બમણો વપરાશ વધ્યો હોય નવા વધુ પાવર ના ટ્રાન્સફોર્મર નાંખવા જરૂરી હોય છતાં આ માટે કોઈ જ કામગીરી ન કરતા વીજ કંપનીના અધિકારીઓ જાણે ગ્રાહકો સાથે ઓરમાયું વર્તન રાખી જાણી જોઈને ગરમી માં હેરાન કરતા હોઈ એમ લાગી રહ્યું છે. જો આ ઉનાળા માં પારેખ ખડકી ની લો વોલ્ટેજ ની સમસ્યા દૂર નહીં થાય તો સ્થાનિકો હવે ઉચ્ચ કક્ષા સહિત ઉર્જા મંત્રી ને પણ રજુઆત કરશે.

આ ફરિયાદ બાબતે ભરૂચ અધિક્ષક ઈજનેર એચ.આર.શાહ ને પણ એક સ્થાનિક વ્યક્તિ એ જાણ કરતા તેમણે રાજપીપળા વીજ કંપનીના અધિકારી ને જાણ કરી ત્યારબાદ લાઈનમેનો આવ્યા પરંતુ અગાઉની જેમ જ ફરી લોડ નો વાયર બીજા ઓછા લોડ પર નાંખી કોણી એ ગોળ લગાવી માત્ર દેખાવ થયો જેમાં હજુ સુધી આ સમસ્યા દૂર થઈ નથી.ત્યારે આ ઉનાળે પણ કેટલાય વિસ્તારના સ્થાનિકો ગરમી માં શેકાઈ રહ્યા છે.

સુરતમાં બે બાળકો સહિત નવા ૨૪ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંકડો ૬૯૩ પર પહોંચ્યો, બેના મોત અને ૬ રિકવર થયા



બાળકને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો : શહેર સાથે જિલ્લામાં પણ પોઝિટિવ કેસમાં વધારો થઈ રહ્યો છે : મોતની સામે રિકવરની સંખ્યામાં ધરખમ વધારો થઈ રહ્યો છે

સુરત

સુરત મહાનગર પાલિકાના જણાવ્યા અનુસાર વધુ ૨૪ કેસ નોંધાતા આંકડો ૬૯૩ પર પહોંચી ગયો છે. વધુ બેના મોત સાથે મૃત્યુઆંક ૩૧ પર પહોંચ્યો છે. જ્યારે આજે ૬ પોઝિટિવ દર્દી રિકવર થતા આંક ૧૫૬ પર પહોંચ્યો છે. આજે નવા નોંધાયેલા ૨૪ કેસમાં બે બાળકોનો પણ સમાવેશ થાય છે. નવા નોંધાયેલા કેસમાં પાંચ વર્ષથી ૮૫ વર્ષના વૃદ્ધાનો સમાવેશ આજે નવા નોંધાયેલા ૨૪ કેસમાં પાંચ વર્ષથી લઈને ૮૫ વર્ષના વૃદ્ધાનો સમાવેશ થાયે છે. પાંચ વર્ષીય બાળક મગદલ્લામાં રહે છે. જ્યારે ૬ વર્ષીય બાળકી કાપોદ્રા એસએમસી આવાસમાં રહે છે. ૮૫ વર્ષીય વૃદ્ધા પર્વતગામમાં આવેલા મહાદેવનગરમાં રહે છે.

વધુ બેના મોત : આજે નોંધાયેલા બે મૃતકોમાં લિંબાયત ઝોનના બેનો સમાવેશ થાય છે. લિંબાયત ઝોનમાં આવેલા માનદરવાજા ટેનામેન્ટમાં રહેતા ભીખુભાઈ રહમાન મુલતાની (ઉ.વ.૬૨) ૧ મેના રોજ પોઝિટિવ રિપોર્ટ આવતા દાખલ કરાયા હતા. દરમિયાન તેનું મોત થયું હતું. તેમને ડાયબિટીસ અને કિડનીની બીમારી હતી. જ્યારે લિંબાયત ઝોનમાં આવેલા અંબાનગરમાં રહેતા સાયરા બાનુ નવાબ પઠાણ(ઉ.વ.૪૫)ને ૨ મેના રોજ રિપોર્ટ પોઝિટિવ આવતા દાખલ કર્યા હતા. જેનું પણ મોત થયું છે. તેમને ડાયાબિટીસની બીમારી હતી.

લોકડાઉનમા ઘેરાયેલા શ્રમિકોના સંયમ હવે તુટી રહ્યા છે...

સુરતથી રાજપીપળા સુધી પગપાળા આવી પહોંચેલા શ્રમજીવીઓને થયો કડવો અનુભવ

- મામલતદાર કચેરી ની નજીક માંજ બેઠેલાં શ્રમજીવીઓને તંત્ર ની કોઈજ મદદ ના મળી
- કેડે દોઢ વર્ષ નુ બાળક અને માથે સામાન નો થેલો ઉંચકી ને મહીલા ૧૦૦ કીમી પગપાળા ચાલી છતાં સ્થાનિક તંત્ર એ મદદ માટે હાથ ઊંચા કર્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



હાલ પડી રહેલી કાળઝાળ ગરમી મા સુરત તરફ થી ૩ બાળકો અને ૨ મહીલા સહીત કુલ ૧૩ જેટલા શ્રમજીવીઓ પગપાળા રાજપીપળા આવી પહોંચ્યા હતા ત્યારે લોકડાઉન ની હાડમારી ગરીબ અને શ્રમિકોનો પીછો છોડતી નથી તેમ લાગી રહ્યું છે.

સુરત થી રાજપીપળા પગપાળા આવી પહોંચેલા આ શ્રમજીવીઓ મા ત્રણ બાળકો સાથે આકરા તાપ મા ૧૩૦ કી.મી ચાલતા નિકળી જવું એ વિચાર માત્ર થીજ ધૂજારી આવી જાય છે, છેલ્લાં એક મહીના કરતાં વધુ સમય થી સુરત મા ઘેરાઈ રહેલા આ શ્રમજીવીઓનો સંયમ હવે તુટવા માંડ્યો છે તેનો આ પુરાવો છે.

રાજપીપળા આવી પહોંચેલા આ શ્રમજીવીઓ ને તંત્ર તરફ થી મદદ ના નામે આરોગ્ય વિભાગ ની ટીમ આવી હતી અને તમામ નુ ટેમ્પરેચર માપી ને રવાના થઈ હતી, આ શ્રમિકો ને ક્યાં રાખવા કે લઈ જવા ની કોઈ દરકાર તંત્ર દ્વારા લેવામાં આવી ન હતી.બધાં પોતાની જવાબદારી માથી હાથ ઉંચા કરતા જણાયા હતાં, આવા સમયે અગત્યની બાબત એ હતી કે રાજપીપળા સમસ્ત વૈષ્ણવ સમાજ દ્વારા ૧૫ જેટલાં ફુડ પેકેટ માં શાક અને રોટલી આ શ્રમજીવીઓને પુરાં પાડવામાં આવ્યા હતાં.ત્યારે તંત્ર કરતા સમાજ ગરીબોની વ્હારે આવ્યું એમ કહી શકાય.

કથિત રીતે એક ઉચ્ચ અધિકારીનો સંપર્ક કરાતા તેમણે શ્રમજીવીઓ એમની મરજી પ્રમાણે જેવા આવ્યા છે તેવા જવા દો તેવો બિન્દાસ અને બેજવાબદાર ઉત્તર આપ્યો હતો, આખરે શ્રમજીવીઓ પગપાળા જ નિકળી જવાનુ પસંદ કર્યું અને રાજપીપળા થી પગપાળા ચાલી નિકળ્યા હતાં.

આકરાં તાપ મા પોતાના માતા-પિતા ની આંગળી પકડ્યા વગર પોતાની રીતે ચાલતા આશરે ત્રણ વર્ષ ના ભૂલકાં ને જોઈ ને નિશબ્દ થઈ જવાયું હતું, એનુ વર્ણન કરવા માટે શબ્દો ખુટી પડ્યા હતા ત્યારે સરકાર ની જાહેરાતો માત્ર કાગળ ઉપર હોઈ તેમ પણ લાગી રહ્યું હતું.શુ સ્થાનિક તંત્ર આ માટે થોડીક પણ મદદ ન કરી શક્યું..?એ બાબત માત્ર થી તંત્ર ની કામગીરી પર અનેક સવાલ ઉઠી રહ્યા છે.